અક્ષરનાદ
AksharNaad.com

# માણસાઈના દીવા

( સંક્ષેપ )

- ઝવેરચંદ મેઘાણી

06-2011

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com


માણસાઈના
દીવા

## મૂળ પુસ્તક

# માણસાઈના દીવા ( સંક્ષેપ )

- ઝવેરચંદ મેઘાણી

સંપાદક - મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર
લોકમિલાપ, પો.બો. 23 સરદારનગર, ભાવનગર 364001
e-mail: lokmilaptrust2000@yahoo.com /ફોન (0278) 256 6402

http://aksharnaad.com

# અક્ષર નાદ ઈ–સંસ્કરણ

તારીખ ૧૬ માર્ચ ૨૦૧૦ના રોજ અક્ષરનાદ પર પ્રથમ ઈ પુસ્તક ડાઉનલોડ માટે ખુલ્લુ મૂકેલું, એ પછી વિવિધ ઈ-પુસ્તકો મૂકાતા રહ્યાં છે અને સતત ડાઉનલોડ પણ થતાં રહ્યાં છે. આ જ શ્રેણી આગળ વધારતા શ્રી રવિશંકર મહારાજનું અનુભવભાથુ શ્રી ઝવેરચંદ મેઘાણીની કલમે જેમાં પ્રસ્તુત થયું છે એવું આ સુંદર પુસ્તક પ્રસ્તુત કરતા અનેરા હર્ષની લાગણી થાય છે. આજ સુધીમાં ઈ-પુસ્તકોની ડાઉનલોડ સંખ્યા ઘણી સંતોષકારક રહી છે. આ નવતર પ્રયોગને સરસ આવકાર મળ્યો એ બદલ અક્ષરનાદના સર્વે વાંચકમિત્રો અને શુભેચ્છકોનો આભાર માનું છું. આ પુસ્તિકાઓ મૂકવાની **શ્રી ગોપાલભાઈ પારેખની** મહીનાઓથી સેવેલી ઈચ્છા (http://gopalparekh.wordpress.com) અને અમને

તેના માટે સત્તત પ્રોત્સાહન આપતા રહેવાની વૃત્તિ આનું મુખ્ય કારણ છે. આવી અનેક પુસ્તિકાઓ અક્ષરનાદ પર આવતી રહેશે. પ્રેરણાદાયી જીવનચરિત્રો, મનનીય કૃતિઓ અને જીવનલક્ષી સાહિત્યનું આ એક નવું સોપાન છે. આપણી ભાષાનિ ક્લાસિક ગણાતી કૃતિ આજે અત્રે પ્રસ્તુત થઈ રહી છે ત્યારે આપણી પરંપરાની આ મહત્વની વિરાસતરૂપ સંપતિને સૌની સાથે વહેંચી રહ્યાનો આનંદ છે તો શ્રી ઝવેરચંદ મેઘાણી અને શ્રી મહેન્દ્રભાઇ મેઘાણી પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા પણ છે. આશા છે આનો લાભ મહત્તમ વાંચકો સુધી પહોંચશે. અક્ષરનાદના ડાઊનલોડ વિભાગમાં આવા અનેક પુસ્તકો ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે (http://aksharnaad.com/downloads).

**- જીજ્ઞેશ અધ્યારૂ**

19 જૂન 2011, પ્રથમ ઈ – સંસ્કરણ

# અનુક્રમ

લેખકનાં નિવેદનોમાંથી ........................................................ 9

હું આવ્યો છું બહારવટું શીખવવા ........................................................ 31

હાજરી ........................................................ 61

હરાયું ઢોર ........................................................ 84

કોણ ચોર ! કોણ શાહુકાર ! ........................................................ 100

શનિયાનો છોકરો ........................................................ 131

જી’બા ........................................................ 142

બાબર દેવા ........................................................................................ 167

પાંચ દિવસની જંગમ વિદ્યાપીઠ........................................................................ 196

કરડા સેવક નથી.............................................................................. 196

અંદર પડેલું તત્વ ........................................................................... 206

ઇચ્છાબા ...................................................................................... 211

ઘી-ગોળનાં હાડ! ............................................................................ 219

આરા રળિયામણા બન્યા.................................................................. 227

મહારાજ - વાણી.................................................................................. 232

માધીનો છોકરો .......................................................................................... 232

છે તેટલું વાપરો ! ..................................................................................... 236

પગારવધારો ............................................................................................ 241

હોકો પીએ એટલામાં ! .............................................................................. 243

- તો લગ્ન કેમ કર્યું? ................................................................................ 256

પ્રતાપવંશી ................................................................................................ 259

# લેખકનાં નિવેદનોમાંથી

મહારાજ રવિશંકર ગુજરાતના અનન્ય લોકસેવક છે. હું લોકજીવન અને લોકહ્રદયનો નમ્ર નિરીક્ષક છું. અમારો સમાગમ ફકત એકાદ વર્ષ પર થઇ શક્યો. ગયે વર્ષે એ સાબરમતી જેલમાં કેદી હતા, ને એમને માંદગીને કારણે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા. હું ત્યારે અમદાવાદમાં એકાદ મહિનો રહ્યો હતો. મને એમની પાસે લઇ જવાનો સતત આગ્રહ ભારતી સાહિત્ય સંઘના સંચાલક મારા યુવાન સ્નેહી ભાઇ ઇશ્વરલાલ દવે કર્યા કરતા. એ કહે કે, “તમે મહારાજની વાતો તો સાંભળો;

તમને રસ પડશે.” ભાઇ રતિલાલ અદાણીએ હરિપુરા-મહાસભા વેળા ‘ફૂલછાબ’ માં મહારાજનાં જે સંસ્મરણો આલેખેલાં, તેણે મને ઉત્કંઠિત કર્યો હતો. એક કરતાં વધુ કારાવાસમાં વારંવાર મહારાજની સાથે મહિનાઓ ગાળી, એમની વાતો સાંભળી જે મિત્રો-સ્નેહીઓ બહાર આવતા તેઓ પણ કહ્યા જ કરતા કે, મહારાજની વાતો તારે સાંભળવા જેવી છે.

હું એક તરફથી આકર્ષાતો હતો, ને બીજી તરફથી ખચકાતો હતો. મારા સંક્ષોભનું કારણ હતું, હું નર્યા સાહિત્યના ક્ષેત્રનો આદમી. એટલે લોકસેવાના આજીવન દીક્ષિત એક સત્પુરુષ સામે જઇ તેમના અંતરની

પવિત્ર ગણેલી વાતો પ્રસિદ્ધિને ખાતર લખવા બેસવા અધિકારી નથી, એવું લાગ્યા કરતું.

આખરે ભાઇ ઇશ્વરલાલની લાગણી ફાવી, ને અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં મારો ને મહારાજનો મેળાપ થયો. મારા પર એમની આંખ અમીભરી હતી તે તો હું જાણતો હતો. બે એક વાર મળેલા. એક વાર તો અમદાવાદના કોમી હુલ્લડ પછી ‘ફૂલછાબ કાર્ટૂન કેસ’ નામે જગબત્રીસીએ ચડેલા અમારા પરના મુકદ્દમા દરમિયાન, અદાલતની સામે જ આવેલ કૉંગ્રેસ –કચેરીના ફૂટપાથ પર પોતે ઊભા હતા. પાતળી કાઠીની, અડીખમ, પરિભ્રમણે ને ટાઢેતડકે ત્રાંબાવરણી બનાવી, ટીપીને કોઇ શિલ્પીએ ઘડી

હોય તેવી એ માનવમૂર્તિ સ્વચ્છ પોતિયે, બંડીએ ને પીળી ટોપીએ, ઉઘાડે મોટે પગે એવી શોભતી હતી કે મારા અંતરમાં એ હંમેશાંને માટે વસી ગઇ છે. હુલ્લડમાં હોમાયેલાં નિર્દોષજનોનાં મુડદાંને બાળીબાળીને પછી તાજું જ સ્નાન પરવારીને આવ્યા હોય તેવા એ દેખાયા હતા. એ એકાદ મિનિટ જે મોં-મલકાટભર્યા પોતે મારા પર પેલા ફૂટપાથ પરથી કરુણાર્દ્ર મીટ વરસાવી રહ્યા, તેમાં તો હું આજેય નાહી રહ્યો છું. એવા એમના વાત્સલ્યની પીઠિકા પર અમારા બેઉનું મળવું એમની માંદગીની સરકારી પથારી ઉપર થયું.

મહારાજે પોતાના અનુભવો પોતાની જાણે કહેવા નહોતા માંડ્યા. એમને પણ મારી જેવો જ સંકોચ થયો હશે કે, આ ‘સાક્ષર’ને ગામઠી વાતોમાં શો સાર જણાવાનો છે ! પણ મારી પ્રકૃતિમાં એક લાભદાયી તત્વ છે, હું એક રસઘોયું શ્રોતા છું; સામાની વાતોને સાંભળ્યા જ કરવાનો સ્વાદિયો છું. કાંઇક પ્રશ્ન પૂછીને મેં જ પ્રારંભ કર્યો હશે, ને પછી તો મહારાજની વાગ્ધારા ચાલ્યા જ કરી હતી.

આટલી વાતો જો બીજા કોઇએ કરી હોય તો કદાચ કંટાળો નહિ, અણગમો પણ નહિ; તોય, કંઇ નહિ તો વક્તામાં ‘હું’ – અહમ – છલકાઇ જતું હોવાની લાગણી થાય. તેને બદલે મહારાજ બોલે ત્યારે બોલતા ન જ અટકે તો

કેવું સારું. અટકી જાય તે પૂર્વે કંઇક પ્રશ્ન-ટમકું મૂકીને એમને અવિરત બોલતા જ રખાય તો કેવી મજા, એવું મને થયા કર્યું. શાથી?

એ કારણથી કે પોતે આ ઘટનાઓનું મુખ્ય અને કેન્દ્રસ્થ પાત્ર હોવા છતાં પોતાની જાતને ગૌણપદે રાખીને અન્ય મનુષ્યોનાં જ ઊર્મિઓ, યાતનાઓ અને પ્રકૃતિ-તત્વોનું આલેખન મહારાજ કર્યે જતા હતા. એમનો દૃષ્ટિદોર એ નીચલા થરનાં માનવોનું જ યથાદર્શન કરાવવાનો હતો. વેવલાઇથી વેગળુ, ગુણદોષનાં પલ્લાં સરખાં રાખતું અને માનવ-પાત્રોનાં જ રૂપ-રેખા એકનિષ્ઠતાથી ઉપસાવ્યે જતું એ વર્ણન હતું. એમાં પ્રચારલક્ષી નજર

નહોતી, પણ વાસ્તવની જ વફાદારીભરી પિછાન હતી. પોતે કહે છે કે, “હું રાજકારણનો માણસ જ નથી. કોંગ્રેસમાં તો હું ગાંધીજીને લીધે જ આવી પડ્યો છું. જે પુરુષ આખા દેશનું કલ્યાણ કરી રહેલ છે તેમને એ કલ્યાણકામમાં નમ્ર સહાય કરીએ તો જીવન સાર્થક થાય, એ દૃષ્ટિએ જ હું જાહેર કામમાં છું.”

ઉપરાંત મહારાજ પોતે એક સિદ્ધહસ્ત વાર્તાકાર છે. એમનાં વાક્યો સંઘેડાઉતાર હોય છે; કથળતું કે ગોથાં ખાતું એક પણ વાક્ય મેં એમના કથનમાં જોયું નથી. સાંભળી લઇને હું જ્યારે ટાંચણ કરવા લાગ્યો ત્યારે

એમનામાં એક ભય સંચરતો નિહાળ્યો. એ ભય આ વાતો દ્વારા એમની પોતાની પ્રશસ્તિ થશે એ વિશે હતો. એક-બે વાર મને ટકોર પણ કરી કે, “મારી વાતો એક-બે ભાઇઓએ લખી છે, અને તેઓ બહાર પાડવાની ઇચ્છા ધરાવે છે; પણ મારા મૃત્યુ સુધી એ પ્રગટ ન જ થાય એવું મેં એમને કહ્યું છે.”

મારા તરફથી મેં ચોખવટ કરી કે, “મારું પ્રધાન લક્ષ્ય હંમેશાં એક વ્યક્તિનાં કીર્તિકથન નહિ કરવાનું છે. હું તો લોકજીવનનો નિરીક્ષક અને ગાયક છું. તમે કહી રહ્યા છો તે કથાઓમાં પણ હું તો તમારા કથનનાં

પાત્ર માનવીઓનાં જ વિલક્ષણતાઓ ને પ્રકૃતિતત્ત્વો પર નજર રાખી રહ્યો છું. હું જો આ કથાઓ આલેખું તો તેમાં મારું પ્રયોજન, તમે બેશક એક મુખ્ય પાત્ર તરીકે એમાં જેટલા અનિવાર્ય છો તેટલા પૂરતા જ તમને જાળવી લઇને, આ પ્રજાના જીવનને રજૂ કરવાનું છે. ને મેં આજ સુધી એ જ કર્યું છે. મારો રસ વ્યક્તિપૂજામાં નથી."

મારા સંકલ્પની પ્રામાણિકતા મહારાજના દિલમાં વસી ગઇ. મને આશા છે કે આ સમસ્ત આલેખનમાંથી મારો એ આશય સ્વચ્છ  થશે. કથનમાં હું મહારાજની જ કહેણીને, શક્ય હતું તેટલા પ્રમાણમાં, વફાદાર રહ્યો છું.

સંવાદો ને વાર્તાલાપો મહારાજના છે, પાત્રાલેખન પણ એમનું છે; મારી શિલ્પકલાને એમનાં ચિત્રોને માથે લાદી ન દેવાય તેની કાળજી રાખી છે. ’ઊર્મિ’ માસિકમાં આઠેક મહિનાથી આ પ્રસંગો પ્રગટ થાય છે. કેટલાય સાહિત્યકાર બંધુઓના પ્રશસ્તિપૂર્ણ કાગળો આવ્યા છે. અન્ય વાચકોની તારીફ પણ મારા સુધી પહોંચી છે. એમાં એવો પણ એક સૂર ઊઠ્યો છે કે, “સૌરાષ્ટ્રની રસધાર” અને ‘બહારવટિયા’માં જે જમાવટ થઇ છે તે એમાં નથી. નથીસ્તો ! પ્રયોજન જ એ જમાવટથી વેગળા રહેવાનું હતું. મારું ધ્યેય આને દસ્તાવેજની મહત્તા આપવાનું છે. એ દસ્તાવેજ છે — બનેલી

ઘટનાનો, લોકમાનસનો, જનતાનાં મનોવિશ્લેષણોનો અને જનતાની ભાષાનો. લેખકે કેવળ માધ્યમરૂપે જ પોતાની મર્યાદાનું પાલન કર્યું છે.

માનવશાસ્ત્રનાં, માનવવંશનાં, જાતિઓ અને કોમોનાં અભ્યાસ—અવલોકનનું જેઓને કંઇ મૂલ્ય હોય તેવાંઓને આ મહારાજની કહેલી કથાઓ સાદર કરૂં છું.ગુજરાતનાં જે ખમીરવંતા સંતાનો ચોર-લૂંટારા ને ખૂનીઓનાં ખાનામાં પડીને સરકારી જેલ અગર પોલીસ-કચેરીને રજીસ્ટરે પુરાઇ રહેલ છે, તેમનામાં વસેલી માણસાઇનો આ દસ્તાવેજી પરિચય છે. માણસાઇના દીવા જીવતા માનવોમાંથી કેમ અને ક્યારે ઓલવાવા માંડે

છે, માણસ જેવા માણસનું આત્મભાન ક્યારે ને કેવી રીતે અધોગતિને પામે છે, અને અકસ્માત એ રામ થઇ જવા આવેલા દીવામાં તેલ પૂરનારો કોઇક સાચો પુરુષ ભેટી જતાં દીવા કેવા સતેજ બને છે, તેની એક સળંગ કથા આ જૂજવા પ્રસંગોમાંથી વણાઇ રહે છે.

મારા લેખક—જીવનમાં તો આ એક મોટી વધાઇનો પ્રસંગ છે. આજ સુધી સૌરાષ્ટ્રનાં જ માનવીઓની ઘિંગી ઘિંગી, અણઘડ આકારની વારતા, ખાનદાની, નાદાની કે કોમળતાના પ્રદેશો ઢૂંઢતો હતો. ગુજરાત સુધી પહોંચવાની આશા નહોતી. જનતાનાં જીવન-પડોમાંથી જન્મ્યા વગર કે એ

પડોનાં જ પાણી પીધા વગર, એની હવાનો પ્રાણવાયુ લીધા વગર કે એની માટીમાં આળોટ્યા વગર એ જનતાની પિછાન શક્ય નથી હોતી. મારા સૌરાષ્ટ્રી કાર્યક્ષેત્રની બહાર જઇને અન્ય કોઇ જનસમૂહની ધરતીમાં રોપાવાનો મારે માટે બહુ સંભવ નહોતો. પણ મને મહારાજ ભેટ્યા. મહીકાંઠાની જનતાનાં સકળ પ્રાણતત્ત્વોમાંથી ઘડાયેલા એ પુરુષ ન ભેટ્યા હોત, એને બદલે કોઇક બીજાએ વાતો કરી હોત, તો હું આજે અનુભવી રહ્યો છું તેવી મીઠી આત્મસાતતા આ ગુજરાતી પાટણવાડિયા— બારૈયાનાં જીવન જોડે ન અનુભવી શક્યો હોત; પરિણામે એમને વિષે લખી પણ ન શક્યો હોત.

લખાઇને ‘ઊર્મિ’માં પ્રગટ થતી ગઇ તેમ તેમ આ વાતો મહારાજની નજરે પણ પડતી ગઇ. એમને એક વિસ્મય થયું કે, ખરેખર શું આ પ્રસંગો સાહિત્યની સૃષ્ટિમાં સ્થાન પામી શકે તેવા છે? અમને બે-ચાર જણને એમણે પૂછ્યું યે ખરું કે, શું સાહિત્યનાં પ્રેમીજનો આ લખાણનો આદર કરે છે ? અમે એમને એક કરતાં વધુ વાર ખાતરી આપી કે, આ વાતોમાં સાહિત્યના ઉચ્ચ ગુણો પડેલા જ છે. કદાચ આ સંશય એમનામાંથી પૂરેપૂરો ન પણ ટળ્યો હોય. પણ મારો મુદ્દો જુદો છે - મહારાજ જેવા સંસ્કારસંપન્ન સંસ્કૃત જ્ઞાન ધરાવતા ભાષાના સ્વામીને યે જો આપણી

'દુનિયા'ને વિષે આવા સંશયો સતાવતા હોય, તો આપણી દુનિયાની સંકીર્ણતાનો અદ્યપિ પર્યંત પૂરો લોપ થયો નથી એ સાચું કે નહિ?

* * *

બાબર દેવાનું ચરિત્ર આ પુસ્તકમાં શા માટે સ્થાન પામી શક્યું, તેવી શંકા કેટલાકને થઇ છે. કારણ તેઓ એવું આપે છે કે, અન્ય તમામ કિસ્સાઓમાં માનવીની માણસાઇના દીપક પ્રકાશિત બની રહે છે. અને ઉચ્ચગામી અંશો રમણ કરે તેવું કશુંય બન્યા વગરનો બાબર દેવાનો ઇતિહાસ નરી ક્રૂરતા અને અધોગામિતાથી ભરપૂર છે.

આવાં કારણસર મારે બાબર દેવાને અહીં  સ્થાન નહોતું આપવું જોઇતું એવી દલીલ બરાબર નથી. કારણકે બાબર દેવાની બહારવટા કથા તો મહારાજ કેવી સમાજસ્થિતિની વચ્ચે કામ કરી રહ્યા હતા તેના સર્જનને સારુ પૂરી આવશ્યક બને રહે. બાબર દેવા અને એની સાથે સંબંધ ધરાવતાં સંખ્યાબંધ નાનાં-મોટાં પાત્રોના આલેખન દ્વારા, તેમ જ એ બધી ઘટનાઓના રજેરજ ચિતાર દ્વારા, આપણને મહારાજ જેની સાથે મુકાબલો કરી રહ્યા હતા તે સમગ્ર દુનિયાનો દસ્તાવેજી પરિચય સાંપડે છે. મારી તો વાચકોને એવી ભલામણ છે કે અન્ય તમામ પ્રસંગચિત્રણોને જો એના સાચા 'સેંટિંગ' વચ્ચે નિહાળવાં હોય, તે પ્રથમ 'બાબરદેવા' વાંચીને પછી

બાકીના આલેખનમાં પ્રવેશ કરવો. બાબરદેવાની કથા તો ‘માણસાઇના દીવા’નું પ્રવેશદ્વાર છે.

ઉપરાંત, આ પણ મહત્વનો એક મુદ્દો છે કે જેને જેને મહારાજનો ભેટો થયો તે પાત્રોને કેવા પ્રકારનો રંગ લાગ્યો, અને જેઓ એથી વંચિત રહી ગયાં તેમનાં પગલાં કેવે જુદે પંથે ઊતરી ગયાં. બાબર દેવા એનું દૃષ્ટાંત પૂરું પાડે છે. બાબરને પોતે કેમ મળી ન શક્યા તે પ્રશ્ન તો મારાથી પણ મહારાજને સ્વાભાવિક રીતે પુછાઇ ગયો હતો.

જવાબમાં મહારાજે મને જણાવ્યું કે રાસ ગામ પાસે સુદરણા નામે ગામ છે ત્યાં પોતાને મળવા બાબર દેવાએ મહારાજને સંદેશો મોકલાવ્યો. મહારાજ તે દિવસ બહારગામ હતા. આવ્યા ત્યારે બાબરનો સંદેશવાહક મળ્યો. પોતે બહારવટિયા પાસે જવા ચાલ્યા જતા હતા; પણ માર્ગે એક-બે માણસો મળ્યા, તેમણે મહારાજને સૂચક હાસ્ય કરીને કહ્યું: “કાં, મહારાજ, કંઇ ચાલ્યા? - તંઇ કે!”

મહારાજ ચેતી ગયા: ‘નક્કી બાબરના માણસે ગામના અન્ય એક-બે જણાંને વાત કરી લાગે છે ! એટલે કે પોલીસને વાત પહોંચી ગઇ હોવા

પૂરો સંભવ. હવે જો હું જાઉં, ને પોલીસ મારી પાછળ આવે, તો બાબરનો વિશ્વાસઘાત કર્યો કહેવાય ." બસ, આટલા નાનકડા અકસ્માતે મહારાજનો ને બાબર દેવાનો ભેટો થતો અટકાવ્યો. અને ચાર મહિના પછી બાબર પકડાઇ ગયો. પોતે બાબરને ન મળી શક્યા તે વાતનો મહારાજના મન પર ભાર રહી ગયો છે.

સંખ્યાબંધ વાચકો તરફથી આ કૃતિને માટે વિશિષ્ટ પ્રકારનાં અભિનંદનો મળ્યાં છે. મને પણ થાય છે કે, જીવનમાં અણચિંતવ્યું એક સંગીન કાર્ય

થઇ ગયું; જીવનની સમૃદ્ધિ ઠીક ઠીક વધી ગઇ. ગુજરાતને પણ એનામાં પડેલા ખમીરનું નવું દર્શન લાધ્યું.

મહારાજની સ્વાનુભવસંપત્તિ તો મેં આલેખ્યા છે તેવા અન્ય સંખ્યાબંધ પ્રસંગોથી ભરપૂર છે. એનું દોહન અન્ય જિજ્ઞાસુઓ કરે એવું હું હૃદયથી ઇચ્છું છું.

મારું પુસ્તક તો એક ગુપ્ત ખજાનાની માત્ર ભાળ આપીને વિરમે છે. અન્ય ભાઇઓ તરફથી પ્રયાસ ચાલુ છે તે સુખની વાત છે. ગુજરાતના અન્ય લોકસેવકો, જેઓ દૂર દૂર ઊંડાણમાં વસતી જનતાના ખોળામાં આળોટતાં

પ્રવૃત્તિ કરી રહેલ છે - દાખલા તરીકે જુગતરામભાઇ અને એથી પણ વધુ લીલા ભરપૂર જેમનું સેવાજીવન છે તે શ્રી ઠક્કરબાપા - તેવી પ્રસિદ્ધિના પ્રકાશથી વેગળા રહી કામ કરી રહેલી વ્યક્તિઓનો સંપર્ક કરીને એમના અનુભવ ખજાના પણ કઢાવી શકાય, તો ગુજરાતને ઘેર પ્રાણવંત સાહિત્યનો તોટો ન રહે.

- ઝવેરચંદ મેઘાણી

# માણસાઈ ના દીવા (સંક્ષેપ)

## - ઝવેરચંદ મેઘાણી

# હું આવ્યો છું બહારવટું શીખવવા

વાત્રક નદીનાં ચરાંને કાંઠે કાંઠે ચાલ્યો જતો એ રસ્તો આડે દિવસે પણ રાતનાં ગામતરાં માટે બીકાળો ગણાય. ડાહ્યું માણસ એ કેડે રાતવરત નીકળવાની મૂર્ખાઇ કરે નહીં.

એક અંધારી રાતે એ કેડો વિશેષ બિહામણો બન્યો હતો. એક બાબર દેવાની, બીજી નામદારિયાની અને ત્રીજી ડાયાભાઇ ફોજદારની - એવી ત્રણ લૂંટારું ટોળીઓ વાત્રકના અને મહીના કાંઠા ખૂંદી રહી હતી. ડાયો બહારવટિયો પોતાને 'ડાયોભાઇ ફોજદાર' કહેવરાવતો.

એવી એક રાતનો ઘાટો અંધાર—પડદો પડી ગયા પછી કપડવંજ તાલુકાના ગામ ભરકડાથી નીકળીને એક બ્રાહ્મણ સરસવણી ગામે જતો હતો. પગપાળો, પગરખાં વિનાનો એક પોતડીભર અને એક ટોપીભર. ઉમર હશે ચાલીસેક. આમ તો એને વહાણું વાયાથી રાતે સૂવા - વેળા થતાં લગી મુસાફરી કરવાની રોજિંદી ટેવ હતી, એટલે રોજ માર્ગે મળતા ખેડૂત લોકની પાયલાગણી અને પ્રેમભીની વાણી પોતાને પરિચિત હતી. પણ સીમમાંથી ભરકડા ગામ ભણી પાછા વળતાં લોકોનું આ રાતનું વર્તન કંઇક વિચિત્ર હતું.

કદી ન દીઠેલી તેવી કંઇક આકળવીકળતા ભરી ઉતાવળ આ રાતે મરદો - ઓરતો તમામના પગમાં આવી હતી. આડે દા’ડે તો મધ્યાહ્નના ધખતા ધોમ ટાણેય જો આ ‘મહારાજ’ સામા મળે, તો પોતા-માંહ્યલા એકાદ જણની પાઘડી ભોંય પર બિછાવીને તે પર એમને ઊભાડી એનાં ચરણોની રજ લેનારાં અને નિરાંતે વાતોના ટૌકા કરનારાં આ લોક આજ રાતે કંઇક વિશેષ ઉતાવળમાં કેમ હશે ? ‘પાછા વળો ને !’ એવું કહેવામાં પણ કેમ પોતાના સ્વરને તેઓ ધીરો પાડી દેતા હશે ? એમના એ બોલવામાં સચિંતપણાની સાથે પાછું કાંઇક દબાઇ જવા જેવું અને ગળું રૂંધાઇ જવા જેવું કેમ હશે? – એવો પ્રશ્ન મુસાફરના મનમાં આછો આછો આવ્યો તો

ખરો; પણ આવ્યા ભેળો તરત પસાર થઇ ગયો. ‘હોય; ખેડૂતો છે, ઘેર પહોંચવાની ઉતાવળમાં હશે. ને હું એક વાર ઊપડ્યો તે પાછો ન વળું, એ તો તેમને સર્વને જાણીતી વાત છે.’

પછી તો લોકો મળતાં બંધ પડ્યાં, સીમ છેક ઉજ્જડ બની ગઇ, અને આથમણી વહેતી ઊંડી વાત્રકનાં ચરાં તેમ જ બીજી તરફ ખેતરાં-એ બેઉની વચ્ચે ચાલી જતી રસ્તાની નાળ્ય વધુ ને વધુ ઊંડી થતી ગઇ. અંધારું એટલું ઘાટું બન્યું કે મુસાફરને પોતાનો હાથ પણ કળાતો બંધ પડ્યો.

એકાએક એની છાતી ઉપર કશોક સ્પર્શ થયો, કોઇ જીવતા માણસના હાથ એને પાછા ધકેલતા જણાયા; અને તેણે પૂછ્યું: “કોણ છો, લ્યા !”

“પાછા વરો!” સામો ફક્ત એટલો જ જવાબ આવ્યો. કાનમાં કહેતો હોય તેવો ધીરો અને ભયભર્યો અવાજ.

“કોણ પૂંજો?” મુસાફરે, પોતાના પ્રત્યેક પશુનો અવાજ પિછાનનાર માલધારીની રીતે, એ દબાઇ ગયેલ સ્વરને પકડી લીધો.

”હા, ચાલો પાછા.” મુસાફરની છાતીને પાછી ધકેલનારે પોતાના સ્વરને વિશેષ ધીરો પાડ્યો; પણ મુસાફરે તો પોતાના કાયમના એકધારા ઝીણા અવાજને વધુ હળવો પાડવાની જરૂર જોયા વિના પૂછ્યું: “પણ શું છે, ‘લ્યા?”

આગર્ય નકામાં લોકો સે, મહારાજ !” (આગળ નકામાં લોકો – એટલે હરામખોરો —છે.)

“કોણ - બહારવટિયા ?”

“હા, નામદારિયો.”

“ફિકર નહીં, પૂંજા! હું એમની જ શોધમાં છું.” બ્રાહ્મણના મોંમાં ટપ દેતો એ બોલ નીકળી પડ્યો. અહીંથી શરૂ કરીને આ બ્રાહ્મણ મુસાફર, આ ધારાળા - ઠાકરડાના ગોર, પોતે જે કંઇ બોલતા ગયા તેમ જ વર્તન કરતા ગયા તેમાં પૂરેપૂરો વિચાર હતો કે કેમ, પરિણામોની ગણતરી અને ભાન હતાં કે કેમ, તે તો એ મુસાફર જો તમને કોઇને આજે મળશે તો પણ કહી શકશે નહીં. કદાચ એ એમ જ કહેશે કે આ ક્ષણથી એમણે કરેલ વર્તનનો કાબૂ એમના નહીં પણ કોઇક બીજાના હાથમાં હતો. એ બીજું કોણ? તો એનો સંતોષપ્રદ જવાબ એ આજે પણ આપી શકશે નહીં.

એણે ફરીથી કહ્યું: “હું એમની જ શોધમાં છું, પૂંજા ! મારે એમને મળવું છે.”

“બોલો ના, બાપજી !” હેબતાઇ ગયેલ પૂંજાએ અંધારે અંધારે માંડ જીભ ઉપાડી “એ લોકો તમારી ઇજ્જત લેશે.”

“મારી ઇજ્જત! પૂંજા! મારી ઇજ્જત તેઓ ન લઇ શકે તેવી છે. ચાલ, મને તેમનો ભેટો કરાવ.”

“બોલશો ના, બાપજી! હું તમને જવા પણ દઉં નહીં ને સાથે આવું પણ નહીં. એ લોકો તમારા પર કંઇક કરે. તો હું તમને બચાવી શકું નહીં, એટલે

મારે મરવું પડે. પાછા હીંડો – કહું છું; એવા એ તમને બાન પકડી રોકી રાખશે.”

“બાન પકડી...!’ આ શબ્દોએ મુસાફરના મગજમાં વીજળીનો ઝબકારો કર્યો. અત્યાર સુધી એને એ જ ઓસાણ જ નહોતું ગયું. પણ બાન પકડવાની વાતે એને જાગ્રત કર્યો - બાન પકડે છે, બાનને છોડવા બદલ મોટી મોટી રકમો માગે છે અને મુદતસર એ માગ્યાં મૂલ ન મળે તો આ લૂંટારા બાનને ઠાર મારે છે ! જાન ગુમાવવાનો તો શો ડર હોય ! પણ-પણ... એકાએક એને યાદ આવ્યું કે પોતાની કને કોઇક એવી અમૂલ્ય

વસ્તુ છે કે જે ડાકુઓના હાથમાં વેડફી દેવાય નહીં. પોતાના પ્રાણ અત્યારે એના પોતાના નહોતા રહ્યા.

પોતાની જિંદગીને એણે એક બીજે ઠેકાણે હોડમાં મૂકી દીધી હતી; ત્યારે નહીં, પણ ત્યારથી જ બે મહિના પછી એ પ્રાણનો ભોગ બીજે ઠેકાણે ચડાવવા માટે કોલ -દસ્તાવેજ થઇ ચૂક્યા હતા. માથું તો બારડોલીના મેદાનને અર્પણ બની ગયું હતું. 1922ની એ સાલ હતી. મહાત્મા ગાંધીએ બ્રિટિશ સરકારને બે માસની મહેતલ આપી હતી. હિંદને બે મહિનામાં જો સરકાર સ્વરાજ્ય નહીં આપે, તો ગાંધી બળવો પોકારવાના હતા. ગુજરાત એ બળવાનો પહેલો બલિ બનવાનું હતું; દેશવ્યાપી લડતમાં પહેલાં તોરણ

બારડોલીને બારણે બંધાવાનાં હતાં અને ત્યાં સરકારની  બંદૂકોની ધાણી ફૂટવાની હતી, એ વિશે તો કશો શક નહોતો. એ બંદૂકોની ગોળીઓ ખાવા માટે બે હજાર ઉમેદવારોએ પોતાનાં નામ નોંધાવ્યાં હતાં, તેમાં બે નામો જરા વધુ લાડીલાં હતાં: એક મોહનલાલ કામેશ્વર પંડ્યાનું ને બીજું આપણા બ્રાહ્મણ મુસાફરનું માથું તો ત્યાં જમા થઇ ગયું હતું. તે ઉપરાંત મૃત્યુનો એ મોકો કેટલો મંગળ, કેટલા થનગનાટ કરાવનારો, કેટલો અપૂર્વ લહાવ લેવાને હિલોળે ચડાવનારો હતો !

સપાટાબંધ આ મુસાફરની કલ્પનામાં એક દૃશ્ય અંકાયું: પાંચ જ દહાડા પર મહીકાંઠાના ખાનપુર ગામમાં ‘બારડોલી સંગ્રામ’નો સંદેશ સંભળાવતી

જાહેર સભા મળી હતી. સભા પૂરી થઇ. ગામનો યુવાન મુખી પરશોતમ, સરકારી નોકર, આ બ્રાહ્મણની પાસે આવ્યો; એમને પોતાને ઘેર લઇ ગયો. ઘેર જઇને જુએ તો એણે પોતાના બે નાના દીકરાનાં નામ શોકતઅલી - મહમદઅલી પાડેલાં - એક જાડિયો ને એક પાતળો હતો તેથી જ તો ! આ બ્રાહ્મણે કહ્યું કે, “પરશોતમ! ત્યારે હવે નોકરી છોડો ને!” મુખી કહે કે, “એ તો મારું શું ગજું!” પણ રાત પૂરી થઇ; સવારે એણે મહેમાનને જમાડીને કહ્યું: “આંહીં બેસો. બૈરી સાથે બેસીને આખી રાત સંતલસ કરેલ છે ને તે પછી આ રાજીનામું લખેલ છે. તે વાંચો.” બ્રાહ્મણ વાંચતા ગયા તેમ તેમ તો ઊછળતા ગયા. રાજીનામું અતિ કડક હતું. એણે મુખી સામે જોયું. મુખી

એ કહેવા માંડ્યું “રાજીનામું હમણાં ને હમણાં સરકારમાં મોકલું છું, પણ એક શરતે કે બારડોલીમાં જ્યારે ગોળીઓ ચાલે ત્યારે પહેલી ગોળી મને ખાવા દેવી, ને હું ‘જય ભારતમાતા!“ કહી પડું તે પછી જ બીજાનો વારો ગોળી ખાવાનો આવે, તે પૂર્વે નહીં. છે આ શરત કબૂલ?” એ પ્રસંગ યાદ આવ્યો. દિલ બોલ્યું, આવા રોમાંચક અને રાષ્ટ્રમંગલ મૃત્યુપર્વને મેં અર્પણ કરેલી જિંદગી અહીં ડાકુઓના હાથમાં રોળાયે શો લાભ ! ચાલને જીવ, પાછો! ફરી જા પાછો... ચાલ પાછો... ચાલ પાછો - એ જ ક્ષણે એક બીજું દૃશ્ય બ્રાહ્મણની નજર સામે ઊભું થયું, ત્રણ જ દિવસ પરની રાતે વાસણા ગામના ચોકમાં બનેલો એ પ્રસંગ હતો. સેંકડો માણસોની ઠઠ હતી.

ડાકુઓના રંજાડ વિશેની એ સભા હતી. પોતે લોકોને બહારવટિયાની સામે પ્રાણ પાથરવા હાકલ્યા હતા. અને તે વખતે મહેમદાવાદ તાલુકાનો એક પાટીદાર ત્યાં પોતાની કથની કહેવા હાજર હતો. એણે કહેલી કથની આ હતી –

"બહારવટિયા અમારા ઘર પર આવ્યા. મારી કને બે-જોટાળી બંદૂક હતી, તો પણ હું નાઠો. પાછળથી સુવાવડમાં પડેલી મારી બૈરીને તેમ જ આંધળી, બુઢ્ઢી માંને બહારવટિયા માર મારી ગયા છે તેવા મને ખબર પડ્યા છે." ભરી સભામાં આવું વર્ણન કરનાર એ ભીરુ પાટીદારને આ

બ્રાહ્મણે તે જ વખતે કહ્યું હતું કે, “વાહ વા ! ત્યારે હવે તો તમને મરકી, કોગળિયું કે કુદરતી મોત કદી નહીં જ આવે, ખરુંને ! શરમ નથી આવતી? – કે તમારે કારણે સુવાવડમાં પડેલી તમારી સ્ત્રીને અને નવ મહિના જેણે ભાર વેઠ્યોતે માને તમે ડાકુઓને હાથે પિટાતી મૂકીને નાસી છૂટ્યા, બે-જોટાળી બંદૂક રાખતા હોવા છતાં!” એમ કહીને આ લોકોને બહારવટિયાનો મરણાંત સુધીનો સામનો કરવા પડકાર્યા હતા.

એટલે આજે જો હું પોતેજ પાછો ફરું તો! તો લોકો શું કહેશે! એ પાટીદાર શું કહેશે! બારડોલીની બે મહિના પછી આવનારી લડતની વાતો કોણ

સમજશે! એ ઝપાટાબંધ આવેલ બે વિચારોનો નિકાલ પણ એક સપાટે આણી મૂકી એણે કહ્યું "પૂંજા, તું છો ના આવે, પણ મને બતાવ, ક્યાં છે એ લોકો?"

ઘડીભરની ચૂપકીદી. પૂંજાના કોઠામાં એક મોટો નિ:શ્વાસ પડ્યો, તે મુસાફરને સંભળાયો. અને પછી પૂંજો ફક્ત એટલું જ બોલી શક્યો, "ત્યારે શું તમે નક્કી ત્યાં જવાના !"

"હા, પૂંજા; કહે મને – ક્યાં છે એ લોકો ?"

"જુઓ, આ બાજુના જ ખેતરમાં પડ્યા છે." પૂંજાએ ઉગમણી દિશાએ ઊંચી જમીન પરનું ખેતર ચીંધાડીને લાચાર અવાજે ઉમેર્યું: "પણ જોજો હો, બાપજી ! – આ મેં  તમને કહ્યાની વાત કોઇને કહેશો નહીં. નહીં તો બહારવટિયા જાણશે તો એવા એ મને પીંજી નાખશે ને પોલીસ જાણશે તો એવા એ મારું લોહી પીશે."

"વારુ; જા તું તારે."

અંધારામાં પૂંજો જાણે ઓગળી ગયો, અને મુસાફર એ કેડાની ઊંડી નાળ્યમાં આગળ વધ્યો. થોડે છેટે જતાં એણે નાળ્યને કાંઠે એક ખેતરમાં

ઝાંપલીની પાછળથી એક પડછંદ આદમી ચૂપચાપ ઊભો થયો. હાથમાં બંદૂક હતી. તારોડિયાને અજવાળે સ્પષ્ટ વરતાયો.

ખડ ખડ ખડ ખડ ખડ, મુસાફર આ બંદૂકિયાને જોતાંની વાર ખડખડાટ હસી પડ્યો, અને એણે પૂછ્યું: “કેમ? તમે એકલા કેમ છો? બીજા બધા કંઇ (ક્યાં) છે?”

આ ખડ-ખડ હાસ્ય અને તેની પછી તરત આવેલો આ વિચિત્ર પ્રશ્ન એ બંદૂકદારને હેબતાવવા બસ હતો. જવાબ એણે વાળ્યો નહીં, એટલે મુસાફરે

ઝાંપલી ખોલીને અંદર જઇ ખેતરમાં ચાલવા માંડ્યું. બંદૂકદાર ચૂપચાપ એની પાછળ ચાલ્યો.

થોડે છેટે ગયો હશે ત્યાં તો મુસાફરે બીજા બે બંદૂકદારોને પોતાની સામે ખડા થયેલા દીઠા. તેઓ પણ મૂંગા હતા.

“તમે બેજ કેમ? બીજાઓ ક્યાં છે?” મુસાફરના મોંમાંથી આપોઆપ એ નો એ જ સવાલ સરી પડ્યો. જવાબ કોઇએ વાળ્યો નહીં. પાછો મુસાફર આગળ વધ્યો. એટલે એ બન્નેમાંથી અક્કેક બંદૂકદારે મુસાફરની ડાબી ને જમણી બાજુએ ચાલવા માંડ્યું. ત્રીજો બંદૂકદાર તો એની પાછળ જ

ચાલતો હતો. એવામાં એકાએક સામેથી અવાજ છૂટ્યો :

“ખબરદાર ! ત્યાં જ ઊભો રે’જે; નીકર ઠાર થશે.”

તરત મુસાફર થંભી ગયો. બોલનારને એણે થોડે દૂર દીઠો - ઘોડે બેઠેલો.

“કુણ સે તું?” ઘોડાની પીઠ પરથી સવાલ આવ્યો.

“બહારવટિયો છું.” મુસાફરે જવાબ વાળ્યો.

“અંઇ ચ્યમ આયો સે ?”

“થોડીક વાતો કરવા. તમારા સર્વ જણને મળી લેવા. ક્યાં છે એ બધા?”

જવાબમાં ઘોડેસવાર કંઇ બોલ્યો નહીં. પણ આઠ-દસ નવા માણસો આવીને સામે ખડા થઇ ગયા. થોડી વારની ચૂપકીદી પછી મુસાફરે કહ્યું :

“છેટે કેમ ઊભા છો ? પાસે આવો, બેસો.”

આજ્ઞાનું પાલન થતું હોય તેમ એ આઠ-દસ જણા મુસાફરની સામે ભોંય પર બેસી ગયા.

ફરી પાછો દૂરથી ઘોડેસવારે પ્રશ્ન કર્યો : “કુણ સે તું?”

“કહ્યું નહીં કે હું બહારવટિયો છું !”

“કોની ટોરીનો ?”

“ગાંધી મહાત્માની ટોળીનો.”

સામે કોઇ પ્રશ્ન આવ્યો નહીં. ટોળીવાળાનું નામ સાંભળતાં ડાકુઓ મૂંગા બન્યા. અને મુસાફરની જીભ એની મેળે જ આગળ ચાલી :

"હું ગાંધી મહાત્માની ટોળીનો છું. ને તમને સાચા બહારવટાની રીત શીખવવા આવ્યો છું. કહેવા આવ્યો છું કે એમણે અંગ્રેજ સરકારની સામે બહારવટું માંડ્યું છે. આપણાં બધાં દુ:ખોનું મૂળ આ પરદેશી સરકાર છે. સાચું બહારવટું એમની સામે કરવાનું છે. તમારાં નાનાં બહારવટાંથી કશો દા'ડો વળે તેમ નથી. આજથી બે મહિને બારડોલીમાં સરકાર ગોળીઓ ચલાવશે. તમારે સાચું બહારવટું કરવું હોય તો ચાલો ગાંધી મહાત્મા કને." મુસાફર બોલી રહ્યો ત્યાં સુધી બારમાંથી કોઇએ શબ્દ સરખો યે ઉચ્ચાર્યો નહીં. પછી ઘોડેસવારે પ્રશ્ન મૂક્યો :

"ગાંધી માત્મ્યાએ લોકોનું શું સારું કર્યું છે ?"

“જોયું નહીં અમદાવાદમાં? મુસાફરને હોઠે એક એવી હકીકત હાજર થઇ કે જે ડાકુઓ સમજી શકે, “મિલના શેઠિયા મજૂરોની રોજી વધારતા નહોતા. તે માટે ગાંધી માત્મ્યાએ લાંઘણો ખેંચી; અંતે વધારો અપાવ્યે જ રહ્યા.”

આ વખતે સામે ભોંય પર બેઠેલાની ચૂપકીદી તૂટી, અને તે માંહેલા એકે સામો પ્રશ્ન પૂછ્યો, “એમાં ગાંધી માત્મ્યાએ લોકોનું શું ભલું કર્યું? વિશેષ બૂરૂં કર્યું. શેઠિયા તો કાપડ પર એટલા ભાવ ચડાવશે; આપણને કાપડ વિશેષ મોંઘું મળશે.”

ઘડીભર તો મુસાફર ગમ ખાઇ ગયો. ડાકુના મોંમાંથી અણકલ્પી ચોટદાર દલીલ આવી હતી. પછી લોકસમૂહની આંતરવેદના સમજનારા મુસાફરની જીભે જવાબ આવ્યો, "શેઠિયાના હાથમાં ન પડવું પડે તે માટે તો ગાંધી માત્માએ રેંટિયો બતાવ્યો છે. છો ને શેઠિયા કાપડ મોંઘું કરે. આપણે રેંટિયે કાંતીને પહેરી શકીએ."

"નહીં રે નહીં, મહારાજ !" ટોળીમાંનો બીજો એક બોલ્યો ('મહારાજ'એવો શબ્દ ઉચ્ચારતાં તો મુસાફરે જાણી લીધું કે પોતે ઓળખાયેલ છે) "નહીં ,

મહારાજ! એમ શું લોકો ગાંધી માત્મ્યાનો રેંટિયો કાંતવાના? - એ તો કાંતશે અમારી બંદૂકો દેખશે ત્યારે!”

“તમે ચાલો ગાંધી માત્મ્યા કને. હું તમને તેડી જવા આવ્યો છું. એ તમને બધી વાત સમજાવશે. ચાલો, તમને મારામાં વિશ્વાસ ન હોય, તો તમારામાંથી એક જણ ચાલો. જો હું દગો રમું, તો તમે બાકી રહેલા મારા પર વેર લેજો.”

“ગાંધી માત્મ્યા આપણા મલકમાં આવે ત્યારે વાત, મહારાજ ! ત્યારે અમે મળીશું, હમણાં નહીં.” ઘોડેસવારે જવાબ દીધો, “અમે ક્યાં ગરીબોને

પીડીએ છીએ? તમે જ બતાવો : પૈસાવાળા અથવા ગરીબોને પીડનારા સિવાયના કોઇને પણ અમે માર્યો-લૂંટ્યો છે?"

"તમને શી ખબર ?" મુસાફરે કહ્યું, "તમારા આવવાન ખબર થાય કે તમામ લોકો ફફડી ઊઠે છે, નાસે છે, છુપાય છે; ખેડધંધો કરી શકતા નથી. અને તેમને સરકારી પોલીસ રંજાડે છે, એ તો જુદું, તમારા ત્રાસની તમને ખબર નથી."

"પેટ માટે કરવું જ પડે તો !" એક ડાકુએ કહ્યું.

"પેટ માટે? પેટ તો તમારું પ્રત્યેક મહિને પોણો મણ દાણો માગે છે. પણ

તમારે હજારોની લૂંટો કરવી પડે છે, કારણ કે તમારે તમારા આશરાવાળાઓને દેવું પડે છે; સિપાઇઓને પણ દેતા હશો. તમારે ફક્ત પેટ ભરીને બેસવું પાલવે નહીં."

ડાકુઓ પાસે આનો જવાબ નહોતો. તેઓ મૂંગા રહ્યા. થોડી વાર રહીને એક આદમીએ મુસાફરને પૂછ્યું (અવાજ પરથી એ જુવાન જણાતો હતો) "સીસાપેનનો કકડો હશે તમારી કને ?"

"હા."

"કાગર?"

“છે.”

“તો આલશો ? તમારા ગામના બામણ સોમા માથુર પર અમારે ચિઠ્ઠી લખવી છે.”

“શું?”

“- કે રૂપિયા પાંચસે પોગાડી જાય; નહીંતર ઠાર માર્યો જાણે. એ ચિઠ્ઠી સોમા માથુરને આલી આવજો.”

અત્યાર સુધીના વાર્તાલાપમાં એકધારો મીઠો અને સુરીલો, કોઇ કુલીન વહુઆરુના કંઠ સમો ધીરો ચાલ્યો આવતો મુસાફરનો અવાજ આ વખતે સહેજ ઊંચો થયો. એણે કહ્યું, “એવી ચિઠ્ઠીઓ લખવાને માટે મારાં સીસાપેન

- કાગળ નથી; અને એવી ચિઠ્ઠીઓ પહોંચાડવા માટે હું આવ્યો નથી. હું તો મારા ગામ જઇને ગામલોકોને તૈયાર કરવાનો કે, ખબરદાર બનો. બહારવટિયાઓ આવે છે, તેમની સામે આપણે લડવાનું છે. તેઓ ગામ પર હાથ નાખે તે પૂર્વે આપણે મરવાનું છે."

"માર હારા ભાન વન્યાના !" બીજાઓ પેલાને એકી સાથે ઠપકો આપી ઊઠ્યા, "મૂંગો મરી રે'ને, મહારાજને તે આવું કહેવાતું હશે! હારો મૂર્ખો નઇ તો-"

પછી એક જણે મુસાફર તરફ ફરીને કહ્યું, “એ તો હારો હેવાન છે. મનમાં કંઇ લાવશો ના, હો મહારાજ ! અને તમે હવે જવું હોય તો જાઓ, મહારાજ.

# હાજરી

રાતના નવેક વાગ્યાના સુમારે ઢોલ પિટાયો. થોડીવારમાં તો સરકારી ચોરાની સામે ટોળાબંધ ગામલોકો આવી ભોંય પર બેસવા લાગ્યાં. એક બાજુ સ્ત્રીઓ બેઠી: બીજી બાજુ મરદો બેઠા.

સરકારી ચોરાના ઓટા ઉપર ફાનસને અજવાળે એક પત્રક અને ખડિયો-કલમ લઇને બેઠેલ માણસને સૌ આવનારાં નમ્રતાથી રામરામ કરતાં હતાં. એ રામરામ ઝીલવાની પરવા કર્યા વગર એ માણસ ચોરાની પરસાળમાં એક ખુરશી પર બેઠેલા પોતાના મહેમાનની સામે વારંવાર

જોતો હતો. મહેમાન પર પોતાની સત્તા અને સાહેબીની કેવી છાપ પડે છે તે ઉકેલવામાં એની નજર રોકાઇ ગઇ હતી.

પત્રકવાળો માણસ પત્રકમાંથી નામો પોકારતો ગયો અને સામા ‘હાજર’, ‘હાજર’, ‘હાજર’ એવા જવાબો મળવા લાગ્યા:

“કરશન પૂંજા.”

“હાજર.”

“મોતી દેવા.”

“હાજર.”

“ગુલાબ કાળા.”

“હાજર.”

’હાજર’ કહી કહીને એ કહેનાર કાં ઊઠીને ચાલતો થતો, અથવા સ્વેચ્છાથી બેઠો રહેતો. વચ્ચે સ્ત્રીઓનાં નામ પોકારાયાં; સ્ત્રીઓનો ‘હાજર’ શબ્દ વિવિધ પ્રકારના ઝીણા કંઠે ટહુકતો થયો :

“જીવી શનિયો.”

“હાજર.”

“મણિ ગલાબ.”

“હાજર.”

એ છેલ્લે ‘હાજર’ શબ્દ એક સ્ત્રીના ગળામાંથી પડતો સાંભળતાં તરત જ આ પત્રક પૂરનાર ગરાસિયા જેવા આદમીએ પત્રકમાંથી માથું ઊંચક્યું, અને સ્ત્રીઓ તરફ જોઇને કહ્યું:

“એ કોણ ‘હાજર’ બોલી ?”

“હું મણિ.” સ્ત્રીનો જવાબ આવ્યો.

“જૂઠી કે? મણિ જ છે કે? મને છેતરવો છે? આમ આવ, તારું રઢિયાળું મોં બતાવ જોઉં. મણકી!”

“આ લો, જોવો મોં!” બાઇએ ઊભી થઇને પોતાનો પડી ગયેલો ચહેરો

ફાનસના પ્રકાશમાં આગળ કર્યો.

“વારુ ! જા” એમ કહીને એ અમલદારે મહેમાન તરફ વળીને સ્પષ્ટતા કરી. “એકને બદલે બીજીઓ રાંડો હાજરી પુરાવતી જાય છે. મનમાં માને કે, મુખીને મૂરખાને શી ખબર પડવાની હતી ! પણ જાણતી નથી કે એકોએકનો સાદ હું ઓળખું છું: હું કાંઇ નાનું છૈયું નથી !”

એટલી ટીકા સાથે પાછો એ મુખી પત્રકમાંથી પોકારવા લાગ્યો, અને અહીં ખુરશીએ બેઠેલ પરોણાના સ્વચ્છ, સ્વસ્થ મોં ઉપર ગરમ લોહીએ દોડધામ મચાવી દીધી. રોષ, શરમ, હતાશા અને કાળા ભાવિનો ભય એ ચહેરાને ચીતરવા લાગ્યાં. હાજરી પૂરીકરીને મુખીએ પત્રક બંધ કરી ફરી પાછું

પોતે મહેમાન તરફ જોઇને ઉદગાર કાઢ્યો, “અત્યાર પૂરતી તો નિરાંત થઇ, રાતોરાત કોઇ કંઇ ન કરે તો પાડ! બાકી, આ હાળાં કોળાંનું કંઇ કહેવાય છે! અહીં હાજરી પુરાવીને પછી પચીસ ગાઉ જતાં ઘર ફાડે!”

“લગાર આ બધાંને રોકશો? મારે થોડી વાતો કરવી છે.”મહેમાને એવે ને એવે ઝીણે, સમતા—ભરપૂર સ્વરે મુખીને પૂછ્યું.

“કેમ નહીં રોકું! ....અલ્યા અઇ! નાસો છો ક્યાં? બેસો બેસો; આ તમારો બાપ (મહેમાન તરફ હાથ બતાવીને) અહીં આવેલ છે એ જાણતા નથી? બેસો, ને એની શિખામણનાં બે વેણ સાંભળતાં જાવ!”

બૈરાં તો ચાલ્યાં ગયાં હતાં. પુરુષો ઊઠેલા તે ફરી વાર, સરકસનાં કેળવેલાં

પશુઓની પેઠે, ભોંય પર બેસી ગયા.

ખુરશી પર બેઠેલા પણ કંઇક ઊંચક બનેલા મહેમાને એમની સામે અત્યંત વિવેકી અને મિષ્ટ સ્વરે કહ્યું, "અલ્યા ભૈઓ! આ તમારી હાજરીઓ રોજ થાય છે ?"

"રોજ બે વાર." મુખી જવાબ વાળ્યો. એ તરફ કશું લક્ષ જ આપ્યા વગર મહેમાને લોકોને પૂછ્યું, "અલ્યા, આ હાજરી તમને ગમે છે ?"

"ગમે કે ના ગમે; શું કરીએ બાપજી !" થોડી વારની સૌની ચૂપકીદી પછી ત્યાં બેઠેલાઓમાંથી એકે ઉત્તર આપ્યો.

મહેમાન કહે, "બૈરાંની હાજરી પુરાય તે પણ તમને પસંદ છે, અલ્યા !"

“હોવે! બહુજ ગમે છે.” એવો એક અવાજ નીકળ્યો અને મહેમાન ચમકી ઊઠ્યા. એણે એ જવાબ વાળનાર એક જુવાન તરફ નજર ઠેરવીને સ્વસ્થતાથી પૂછ્યું, “શાથી?”

“શાથી શું ! હાજરી ન’તી તાણે અમે આવી રાંડોને ડોંગાતા, તો રાંડો રીસૈને દોડી જતી એને માવતર! એને હવે તો પીટી પીટીને કણક જેવી ફૂણી કરી નાખીએ, તે છતાં થોડી ઘર છોડી શકે છે રાંડો ! હાજરીમાં મીંડાં મુકાય તો મરી જ રહે ના ! હવે ડોંગાટીને ઢેંઢાં ભાંગી નાખીએ તો પણ ચૂં—ચાં કરી નથી શકતી હાળીઓ! ઠીક જ થયું છે હાજરીનું”

મહેમાનનો જીવ ઊંડો ઊતરી ગયો. એમણે થોડી વારે લોકોને પૂછ્યું: “અલ્યા, તમારામાંથી કોઇ મને તમારે ઘેર સૂવા ન લઇ જાવ !”

“અરે વાહ !”મુખી ચમકીને બોલી ઊઠ્યા, “આ કોળાંને તાં શા માટે જવું? અહીં ઢોલિયો ઢળાવ્યો છે, નિરાંતવા સૂઇ રો’ને !”

“ના, ના; અહીં મને ઊંઘ નહીં આવે.” બસ, ફક્ત એટલું જ બોલીને મહેમાન પોતાનાં બે કપડાંની ઝોળી હતી તે ઊંચકીને એકદમ ઊભા થયા, અને એ લોકો પૈકીના એક જણની સાથે પાટણવાડિયાઓના બિહામણા વાસમાં ચાલતા થયા.

અધરાત થવા આવી હતી, મહેમાન જે ખોરડે રાતવાસો રહેવા ગયા ત્યાં આખા ગામના પાટણવાડિયા એકઠા થઇ ગયા. તેમની સામે ખાટલે બેઠેલ મહેમાનનો હ્રદિયો તો ઉપર-તળે થઇ રહ્યો હતો, “અરે! આનું નામ હાજરી! માણસને અધોગતિને છેલ્લે તળિયે પહોંચાડનારી આ હાજરી! આ કોમનો એકએક માણસ માના પેટમાંથી બહાર નીકળતાં વાર જ ગુનેગાર ઠરી ચૂક્યો! મરદ તો ઠીક, પણ ઓરત સુદ્ધાં!

ઓરતોની હાજરી પોકારાય અને ‘હાજર’ કહેનાર સ્ત્રીના સ્વર માત્ર પરથી શંકા જતાં આટલા ટોળા વચ્ચે આ ત્રણ બદામનો સરકારી મુખી એનો ઘૂમટો ઊંચો કરાવી મોં જોઇ સાચજૂઠ નક્કી કરે! અને, એ બધાંની ટોચે,

ખુદ પોતાની ઓરતોની હાજરી લેવાય એથી આ મરદોને મલકાવાનું કારણ મળે !

એકઠાં થયેલાં સ્ત્રી—પુરુષો વચ્ચે એને પોતાનાં આત્મજનો મળ્યાં હોય તેવું લાગ્યું. લાંબી વાતો તો એણે કશી કરી નહીં; પણ એણે એટલું જ પૂછ્યું, “આ હાજરી તમને ગમે છે?”

“ગમતી નથી, બાપજી! પણ શું કરીએ? છેક ખેતરાંમાં ઘર હોય છે ત્યાંથી બે વાર ગામમાં હાજરીએ આવવું પડે છે, છૈયાં નાનાં હોય એને રડતાં મૂકીને ઘરડા - બુઢ્ઢાને અને માંદાને પણ આવવું પડે છે.”

“ને તમારી બાઇઓનાં આવાં અપમાન ! ...”

લોકો કશો જવાબ વાળી ન શક્યાં. શરમથી સૌ ભોંયદિશે જોઇ રહ્યાં. મહેમાનને હૈયે આશા ઊગી : આ માણસોમાં હજુ માણસાઇ રહી છે ખરી ! સવારે ઊઠીને એણે ચાલવા માંડ્યું. ગામ પછી ગામ વટાવતા ચાલ્યા. એને થાક, તાપ, ટાઢ, ભૂખ, તરસ—કશાનું ભાન નહોતું; વાહનમાં બેસવાનું તો એને નીમ હતું. પગપાળા એ પહોંચ્યા—સીધા વડોદરે.

વડોદરા પોલીસ-વડા સાથે એમને નહીં જેવી ઓળખાણ હતી. અમલદાર એક સમજદાર આદમી હતા. જઇને સમજાવ્યા કે “આ લોકોની હાજરી કાઢી નાખો.”

અમલદારે કહ્યું, "હું તો એક જ હુકમે સૌની હાજરી કાઢી નાખું તેમ છું;પણ તેથી તમને કશો લાભ નહીં થાય."

"ત્યારે?"

"એવો માર્ગ ગ્રહણ કરો કે જેથી એ લોકો પર તમારો ઉપકાર રહે. ફરી તમારું કહ્યું કરે, અને તમે એમની કનેથી વિશેષ સારાં કામ કરાવી શકો."

"શું કરું તો એમ થાય?"

"એ લોકોને એમ લાગવું જોઇએ કે તમે જેની હાજરી કઢાવો તેની જ નીકળી શકે છે. તમે એ લોકોમાંથી જેમની ભલામણ કરો તેમની અરજી

અમે ધ્યાનમાં લઇએ, એટલે બીજા આપોઆપ તમારી કને આવશે.”

એ સલાહ અને એ વચન લઇને એ બ્રાહ્મણ પાછા વળ્યા: પગપાળા એક પછી એક ગામ વટાવતા; ટાઢ, તડકા અને થાકનું ભાન ભૂલીને.

પ્રથમ તો તેણે સારાં પાંચ ગામ પસંદ કર્યાં: પહેલું ગામ વટાદરા. એણે પાટણવાડિયાને ઢંઢોળ્યા, “ચાલો પેટલાદ, હું તમારી હાજરીઓ કઢાવી આલું.” હાજરીના ત્રાસમાં ડૂબંડૂબા માણસોએ પણ આ માણસની વાતને એક કાને સાંભળી બીજા કાનેથી કાઢી નાખી; તમાકુ પીતાપીતા બેઠા રહ્યા. આ હાજરી એટલી તો સ્વાભાવિક જીવનક્રમ જેવી બની ગઇ હતી કે એના ફેરફારની કોઇને પડી નહોતી.

માંડ માંડ કરીને વટાદરામાંથી પાંચ-સાત પાટણવાડિયાઓને પૂંછડાં ઉમેળી ઊભા કરી, સાથે લઇ પેટલાદ—થાણે પહોંચ્યા, અને ફોજદારને એમની હાજરી કાઢવાનું ટિપ્પણ આપ્યું.

પોલીસ—ફોજદાર ત્રાડો પાડી ઊઠ્યો, “શાનું ટિપ્પણ? હાજરી કાઢવાનું? આ હરામી કોળાંઓની...”

“જુઓ, ફોજદાર સાહેબ!” મહારાજે જણાવ્યું, “આ ટિપ્પણ તમેતારે સરસૂબા સાહેબને મોકલી આપો. પછી એને ઠીક પડશે તેમ એ કરશે.”

થોડા જ વખતમાં તો ફોજદાર ચમકી ઊઠ્યા. વટાદરા તથા બીજાં ગામની સ્ત્રીઓની તો તમામની હાજરી એકીસાથે રદ થયાનો, હુકમ વડોદરેથી

એના હાથમાં આવી પડ્યો !

ફોજદાર તો ચમકે, પણ ગ્રામપંચાયતોયે ચમકી, પાટણવાડિયાની હાજરી નીકળી જાય, એટલે તો ચોરી—લૂંટોનો સદર પરવાનો મળે ! ગ્રામપંચાયતોએ સરકારમાં લખાણ કર્યું. ફરી હાજરી શરૂ થઇ છે, એવા ખબર ગામડામાં ફરતા મહારાજને મળ્યા; ને એના પગરખાં વિનાના પગોએ વળતી જ સવારે વડોદરાની વાટ લીધી. પોલીસ-ઉપરીને બંગલે જઇ એ ઊભા રહ્યા.

“છોટા સાહેબ, આમને સૂબા પાસે લઇ જાવ.” ઉપરીએ પોતાના મદદનીશ સાહેબને કહ્યું.

બ્રાહ્મણ સૂબા સાહેબના બંગલે પહોંચ્યા...

સૂબાએ કહી દીધું : “જાવ, બાર વાગ્યે કોરટમાં આવજો.”

બપોરે જ્યારે મહારાજ કચેરીમાં હાજર થયા ત્યારે સાહેબે કાગળિયાં પરથી માથું ઊંચકીને એને કહ્યું,

“જાવ; હુકમ મોકલાઇ ગયો છે”

‘હુકમ મોકલાઇ ગયો છે’ એ શબ્દોમાં પાટણવાડિયાઓની હાજરી રદ થવાના હુકમની વાત સમજીને બ્રાહ્મણે ઉમંગના ઉમળકા સાથે વળતી પગપાળી મુસાફરી ચાલુ કરી; અને રાતે ચોવીસ ગાઉનો એકધારો પંથ

કાપીને વટાદરા પહોંચ્યા. તપાસ કરી :

“કેમ? હાજરી રદ કર્યાનો હુકમ આવી ગયો છે ના?”

“ના રે, બાપજી !” અગાઉ જેમનાં નામો રદ થયેલાં તેઓએ કહ્યું, “અમારાં નામ તો હાજરીમાં ફરીથી પાછાં ઘાલવાનો હુકમ આવ્યો.”

બ્રાહ્મણ પાસે ત્યાં બેઠા બેઠા બળતરા કરવા કે પત્રવ્યવહારથી કામ લેવા વેળા નહોતી. વળતા જ પ્રભાતે ફરી પાછા એના લોખંડી પગ વડોદરાની ચોવીસ ગાઉ ની મુસાફરીએ ચાલ્યા અને ત્યાં પહોંચી પોતે પોલીસ-અધિકારીને મળ્યા. ત્યાંથી સ્નાનના સમાચાર મળ્યા, “સૂબા સાહેબને

તમારી વાતમાં કશો સાર ન લાગવાથી ફેર હાજરીઓ શરૂ કરવાનો એમણે હુકમ આપ્યો છે.”

સૂબા સાહેબની મુલાકાત માટે કચેરીનાં પગથિયાં ઘસતો આ બ્રાહ્મણ રોજ સવારે આવી, ધોયેલ મૂળા જેવો ઊભો રહી, બાર વાગ્યે કચેરી ઊઠે ત્યાં સુધી કેવળ ખંભ-શો ખોડાઇ રહી, પાછો મૂંગો મૂંગો ઘેર ચાલ્યો જાય, એક દિવસ નહીં, બે દિવસ નહીં, પણ દિવસોના દિવસો સુધી. રોજ બ્રાહ્મણ ઊભો હોય, અને રોજ સૂબા કચેરીમાં આવતા હોય. સાહેબ બાર વાગ્યે પાછા જાય ત્યારે એનો એ જ બ્રાહ્મણ પરસાળમાં થાંભલા-શો ઊભો હોય!

જતા—આવતા સૂબા વિચારતા હશે કે નથી એ પાસે દોડતો આવતો, નથી એ અવાજ કરતો અને નથી એ મારી સામે સુદ્ધાં જોતો!

એક દિવસ સૂબા આવ્યા. રોજની માફક બ્રાહ્મણને ઊભેલ દીઠો. મેડી પર ચડી તો ગયા, પણ થોડીક વારે બ્રાહ્મણની પાસેપટાવાળો આવી કહે છે કે, "ચાલો, સાહેબ બોલાવે છે."

"શું ભણ્યા છો? " સૂબાએ પોતાની સામે ઊભેલા મૂંગા બ્રાહ્મણને પ્રશ્ન પૂછ્યો.

"કશું નહીં " જવાબ આવ્યો.

"ત્યારે આ લોકોમાં તમે શું કરશો?"

"મને ખબર નથી."

"વારુ, જાવ; હું હાજરી કાઢવાનો હુકમ મોકલું છું."

બ્રાહ્મણ ત્યાંથી નીકળીને સાહેબના ચિટનીસ પાસે રાહ જોતા બેઠા.

થોડી વારે સૂબા સાહેબનો હુકમ ચિટનીસ પાસે આવ્યો, એટલે ચિટનીસે કહ્યું: "હવે તમતારે જાવ. હુકમ ગામડે આવશે."

"કેમ કરીને આવશે ?"

"કેમ કરીને વળી ? નીચલી ઑફિસમાં નોંધણી થતો થતો શિરસ્તા મુજબ આવશે તમારે ગામડે."

“ના, એમ નહીં.” બ્રાહ્મણે ઠંડે કલેજે ઉત્તર વાળ્યો. “હું એ નીચલી કચેરીએ લઇ જઇશ અને ત્યાં નોંધાવી લઇશ.”

ચિટનીસે લપને વળાવવા હુકમનું પરબીડિયું આપ્યું. એ લઇને બ્રાહ્મણ નીચલી કચેરીએ ગયો.

ત્યાંના અમલદારે પણ કહ્યું કે, “વારુ, તમે હવે જઇ શકો છો.”

“ના, તમ-તારે હુકમ નોંધીને મને આપો. ”

“તમે શું કરશો ?”

"હું તમે કહો તે કચેરીએ લઇ જઇને નોંધાવીશ."

એમ એક પછી એક નીચલી કચેરી કને એ હુકમનો કાગળ લઇ જઇ, એક જ દિવસમાં નોંધણી કરાવી, જેને વટાદરે પહોંચતાં મહિનો માસ લાગત તે હુકમ પોતાની સાથે લઇને બ્રાહ્મણે ફરી ચોવીસ ગાઉની વળતી મજલ આદરી. રાતમાં ભાદરણ પહોંચી ફોજદારને સૂતા જગાડ્યા અને રાતમાં નોંધણી કરાવી કાગળ લઇ પોતે વટાદરા પહોંચ્યા, ત્યારે પ્રભાતનો સૂર્ય હજુ તપ્યો નહોતો.

# હરાયું ઢોર

મહિનાઓ વીત્યા છે. બ્રાહ્મણે કેવળ એક જ કામ કર્યું છે. દન ઊગ્યાથી દન આથમતાં સુધી ગામડે ગામડે એણે આંટા માર્યા છે; એમને ફળિયે જઇ જઇ બૈરાંછોકરાંના કુશળ ખબર પૂછ્યા છે. મધ્યાન્હ જ્યાં થાય તે ગામડે કોઇ પણ એક ઠાકરડાને આંગણે એણે ગાગર ને સીંચણિયું માગી લઇ કૂવે સ્નાન કરેલ છે, ગાગર ભરી લાવીને એ ઘરની ઓસરીએ મંગાળો માંડેલ છે, બે મૂઠી ખીચડી માગી લઇ મંગાળે રાંધેલ છે, ખાધેલ છે, લોટો પાણી પીધું છે. વળતા દિવસના મધ્યાન્હ સુધીની નિરાંત કરી લીધેલ છે, પછી

ચાલવા માંડેલ છે. જે કોઇ ગામે રાત પડે તે ગામડાના પાટણવાડિયાના વાસમાં કોઇ પણ એક આંગણે રાત ગાળેલ છે. ગોદડું-ખાટલો મળે તો ઠીક છે, નીકર પૃથ્વીમાતાના ખોળે ઘસઘસાટ ઊંઘી લીધું છે. ઉપદેશ કોઇને આપ્યો નથી, આપ્યો છે કેવળ પ્રેમ. એદી પ્રમાદીઓનાં પૂંછડાં ઉમેળીને હાજરીઓ કઢાવવાની અરજીઓ કરાવતા આવે છે અને કોઇ ગામે સ્થિર થાણું નાખી બેઠા બેઠા રેંટિયો ફેરવે છે. પોતે ગોર છે; યજમાનોને એણે કદી સામે જઇને પૂછ્યું નથી કે, 'ચોરીલૂંટો કરો છો? શીદ કરો છો?' પણ યજમાનોએ આગળ આવીને જ્યારે જ્યારે ગોર મહારાજને ખોળે પેટનાં પાપ નાખ્યાં છે, તે તે વેળાએ એણે એક જ પ્રવૃત્તિ કરી છે,

દોષિત યજમાનને દોરીને વડોદરાના પોલીસ-ખાતામાં સુપરત કરેલ છે અને એને હળવી સજા કે નાના દંડોથી પતાવી ભયાનક બહારવટાંને માર્ગેથી પાછા વાળેલ છે.

એક નાનકડા સ્થિરવાસને એક દહાડે બોરસદ તાલુકાના કઠાણા ગામડામાં આ મહારાજ એક પરસાળે બેઠા બેઠા કાંતી રહ્યા હતા, ત્યારે એક પાટણવાડિયો આવીને શાંતિથી પરસાળની કોરે બેસી ગયો. રેંટિયો ફેરવતા મહારાજે એ ખડોલના ખેડૂતને ઓળખી ખડોલ ગામનાં બૈરાં, છૈયાં, મરદો વગેરે સૌના ખબરઅંતર પૂછ્યા. પછી ચૂપચાપ રેંટિયો ગુંજાવતા રહ્યા. પેલો કંઇક કહેવા આવ્યો છે તે તો મહારાજે કળી લીધું;

પણ સામેથી કોઇના પેટની વાત પૂછવાનો મહારાજનો રવૈયો નહોતો. પોતે જોતા હતા કે આવેતુની જીભ સળવળ સળવળ થઇ રહી હતી.

“મહારાજ, લગાર મારે ઘેર આવી જશો ?” છેવટે એ માણસે જ મોં ઉઘાડ્યું.

“કેમ, ‘લ્યા ? શું કામ છે !” મહારાજે બીજી પૂણી સાંધતે સાંધતે પૂછ્યું.

“જરા તમારું કામ પડ્યું છે. મારો સાળો પેલો ખોડિયો છે ના, એને માથે લગાર ચાંદું પડ્યું છે; હીંડો.”

માથે લગાર ચાંદું ! લોકોના રોગપારખુ મહારાજ સમજી ગયા. એણે પૂછ્યું: “ ક્યો ખોડિયો ?”

"કાવીઠાવાળો."

"વારુ ! જા; આજે તો નહીં આવું. બે દા'ડા પછી આવીશ."

ખોડિયા કાવીઠાવાળાના બનેવીને વધુ વાતચીત વગર વળાવીને તરત પૂણીઓનું પડીકું બાંધી વાળી, ત્રાક ઉતારી, માળ વીંટી લઇ, રેંટિયો ઠેકાણે મૂકી, ઊઠીને બ્રાહ્મણે માર્ગ પકડ્યો વડોદરાનો.

જઇને ઊભા રહ્યા પોલીસના વડા પાસે. મહારાજને હંમેશાં એમની પ્રવૃત્તિમાં મદદ આપનાર એ મરાઠા હતા. તેમને પોતે ખોડિયા કાવીઠાવાળાની વાત કરી.

ખોડિયાએ એક-બે ચોરી-લૂંટોમાં ભાગ લીધો છે એ પોતે પણ જાણતા હતા; છતાં એણે સાહેબને સમજાવ્યા કે “ જો ખોડિયાને તમે બચાવી શકો તેમ હો,તો  હું એને રજૂ કરું.”

”ના, ના! શા સારુ!” સાહેબ જરા જુદા તોરમાં આવીને બોલી ઊઠ્યા, “કહેજો એને કે પેટ ભરી લૂંટો કરે !” એમ કહી એણે મેજ પર પડેલી પોતાની રિવૉલ્વર પર હાથ મૂક્યો.

મહારાજ એના જવાબમાં ફક્ત નીચું જોઇને ચૂપ રહ્યા.

”કેમ, મારી વાત ગળે નથી ઊતરતી?” સાહેબ થોડી વાર રહીને કંઇક ફૂણા પડ્યા. એટલે મહારાજે દર્દભર્યે સ્વરે કહ્યું:

”શું બોલું! બોલવાનું રહેતું નથી.”

”કાં?”

“કાં શું ! તમારી પાસે તો બંદૂક ને ગોળી છે !”

પછી પોતે સહેજ પીપળનું પાંદ કંપે એટલી જ હળવાશથી ઉત્તેજિત થઇને કહ્યું, “પેલા બહારવટે ચડીને લોકને રંજાડશે, ત્યારે તમારી બંદૂક-ગોળી કંઇ ખપની નહીં થાય; માટે હું તો આટલું જ કહેવા આવ્યો છું કે આ ખોડિયો હજુ લાજશરમમાં બેઠો છે, હજુ શરણે આવી જવા માગે છે, ત્યાં જ એને અટકાવી દઇએ.”

“ઠીક ત્યારે, જાઓ; એને રજૂ કરો. થોડાક રૂપિયા  દંડ કરાવીને પતાવી દેશું.”

લોખંડી પગ ફરી પાછા વહેતા થયા. એ પગના સ્વાભાવિક રોજિંદા વેગમાં આજે નવી સ્ફૂર્તિ સિંચાઇ ગઇ. એ સ્ફૂર્તિ પૂરનાર અંતરનો ઊંડો ઊંડો ઉલ્લાસ હતો કે, એક જુવાનને બહારવટિયો બની જતો મટાડીને માણસાઇને માર્ગે ચડાવી શકાશે.

ખડોલ ગામે પહોંચીને જ એ પગ અટક્યા. એ હતું ખોડિયા કાવીઠાવાળાના બનેવીનું ગામ. પોતે ગામ બહાર બેસીને ખબર કહેવરાવ્યા. રાત પડી ગઇ

હતી. રાતની પળો, કલાકો ને પહોર આવી આવીને ચાલ્યાં ગયાં; પણ ખડોલવાળો ખોડિયાનો બનેવી ન આવ્યો. ગામમાં હતો, છતાં ન ડોકાયો. પ્રભાતે મહારાજ ભારે હૈયે બોરસદ જવા ચાલી નીકળ્યા.

“એ ઊભા રહો ! ઊભા રહો ! ” એવો સાદ એમને છેક બોરસદની ભાગોળે પહોંચવા ટાણે પાછળ સંભળાયા. પાછળ એક મોટર ગાજતી આવતી હતી. મોટરે મહારાજને આંબી દીધા. અંદરથી ખોડિયાનો બનેવી ઊતરીને દોડતો આવ્યો; કહે, “હીંડો, આ મોટરમાં; ખોડિયો તૈયાર છે.”

“ક્યાં છે ? ”

“ત્રણ જ ગાઉ માથે.”

* * *

પામોલ ગામની સીમમાં એક ખેતર વચ્ચે ઝાડવું હતું. ઝાડવે ચડીને કોઇક સીમાડા નિહાળતું હતું. મહારાજ પારખી શક્યા : એ એક બાઇ હતી. સડેડાટ બાઇ નીચે ઊતરી ગઇ. મોટરે ખેતરે પહોંચી. ખેતર વચ્ચેની ઝૂંપડીએ મહારાજ પહોંચ્યા, અને ખાટલા ઉપર એક જુવાનને સૂતેલો જોયો. માથે રાતું ફાળિયું ઓઢી ગયેલો. પાસે પેલી જુવાન ઓરત ઊભી હતી.

“કાં, ખોડગંશ ઠાકોર!” મહારાજે ભરનીંદરમાંથી જાગવાનો ડોળ કરતા ખોડિયાને નરમ ટોણો માર્યો : “આખરે તમારો ભેટો થયો ખરો ! બોલો, હવે

શું કરવું છે ?”

“બાપજી, તમે કહો તે.” ઓડિયાળે માથે લાલઘૂમ આંખો ઘુમાવતા લૂંટારાએ જવાબ વાળ્યો. કહું છું કે રજૂ થઇ જા. થોડો દંડ થશે, ભરીશને?”

“હોવે.”

“તો હીંડ.” પણ ખોડિયાની નજર અને પેલી બાઇની નજર—ચારે નજરો મળી ગઇ હતી. એ એક જ પલના દૃષ્ટિ—મેળાપે ખોડિયાનો જીવન-પંથ ફેરવી નાખ્યો. એ રખાતની બે મોહક આંખોએ ખોડિયાનાં મન, પ્રાણ અને ખોળિયા ફરતો એક કાળમીંઢ કિલ્લો ચણી લીધો. એણે જવાબ વાળ્યો:

“આજ તો નહીં, કાલે આવીશ; કાવીઠે હાજર રહીશ.”

“ભલે, કાલે સવારે કાવીઠા ગામની ભાગોળને ઓટે હું વાટ જોતો બેસીશ.” એવો વદાડ કરીને મહારાજે વિદાય લીધી.

*

“કેમ અહીં બેઠા છો, બાપજી ?”

“વાટ છે એક જણની.”

કાવીઠા ગામની ભાગોળે, પેટલાદને રસ્તે, એક ઓટા પર બેઠેલા મહારાજને વહેલા પ્રભાતે સીમમાં જતાં લોક પગે લાગી લગીને પૂછતાં

જાય છે, "કેમ અહીં બેઠા છો ?"

પ્રત્યેકને એ દૂબળું મોં ચમકતી આંખે ને મલકાતે મોંએ જવાબ વાળે છે કે, "વાટ છે એક જણની."

મધ્યાન્હ થયો. સીમમાંથી લોકો પાછાં વળ્યાં. તેમણે મહારાજને ત્યાં ને ત્યાં બેઠેલા દીઠા. પ્રત્યેક જણ પૂછતું ગયું :

"હજુ શું કોઇની રાહ છે ?"

ડોકું હલાવીને મહારાજે પોતાની શરમ અને ગ્લાનિ છુપાવી. પણ પછી તો પોતે ઊઠ્યા. કોઇ ચોરની જેમ ગામમાં ગયા. ખોડિયો રહેતો હતો તે મહોલ્લામાં પેઠા. કોઇક મળે તેને પૂછે કે "પેલો ખોડિયો કંઇ રહે છે ?" તો

તેનો જવાબ વાળ્યા વગર જ માણસ પસાર થાય.

ખોડિયાના નામમાત્રથી પણ આ ગરીબ લોકો છેટાં નાસી રહેલ છે; ખોડિયાનાં પાપોના પડછાયામાં આવી જવાનીયે પ્રત્યેકને ઊંડી ફાળ છે. કોઇ કહેતું નથી કે 'બેસો' કોઇ પૂછતું નથી કે 'ક્યાંથી આવ્યા છો? તરસ્યા છો? ભૂખ્યા છો?' લોકારણ્ય સૂનકાર છે. જનપદની જ્યોત ઠરી ગઇ છે.

ફળીમાં  એક ખાટલો પડેલો તે ઢાળીને મહારાજ તો બેઠા. એવામાં એક પાટણવાડિયો નીકળ્યો. એને પૂછ્યું:

"ક્યાં છે પેલો ખોડિયો ? "

"એ તો ખબર નથી, મહારાજ."

“વારુ, કહેજે એને કે હું આવ્યો હતો.”

બસ, આટલું જ પોતાનાથી કહી શકાયું આપદા તો મોટી હતી, પણ એ તો અંદર છુપાવવાની હતી. ગોવાળ જાણે એક ધણછૂટા પ્રિય ઢોરને શોધતો હતો. એ ઢોર હરાયું ઢોર થઇ ગયું હતું. એને વાઘ-વરુ ક્યાંક ફાડી ખાશે તો! ગોવાળની બીક સાચી પડી. થોડા દહાડામાં જ એને ખબર પડી કે ખોડિયાને તો એક ભારાડી પાટીદાર ભેટ્યો હતો અને એને ભંભેર્યો હતો કે, “ધોરી ટોપીવાળાનો વિશ્વાસ કરીશ નહીં તે કરતાં તો ચાલ.... સાહેબની કને; હું તને માફી અલાવું.” સાહેબ પોલીસના ઊપલા અધિકારી હતા. તેણે ખોડિયાને લઇ આવનાર એ પાટીદારને અઢાર રૂપિયાનો ફેંટો બંધાવ્યો

હતો: અને ખોડિયાને નાહાપા ગામના એક લૂંટારાને પકડી આપવાની કામગીરીમાં રોકી લઇને મોટા સરપાવની લાલચ આપી હતી. પોલીસે પાંખમાં ઘાલેલ ખોડિયો ફરી પાછો લૂંટે ચડ્યો હતો. એને રક્ષણ મળ્યું હતું.

# કોણ ચોર ! કોણ શાહુકાર !

“મહારાજ !”

“હો ”

“કશું જાણ્યું ?”

“શું?”

“કણભા ગામે ચોરી થઇ; લવાણાના ઘીના ડબા ગયા.” પરોઢિયે કઠાણા ગામમાં ઊઠતાંવાર જ એક જણે આવીને આ સમાચાર આપ્યા. હા, ‘ઓ

ગાંધી ! એ નાના ગાંધી! મોટા ગાંધી ચ્યોં હશે?' આવાં આવાં લહેકદાર સંબોધનથી ગામડાંનાં માનવી જેને લડાવતાં, તે રવિશંકર મહારાજને એ પરોઢે પોતાની દેખરેખવાળાં ગામડાં પૈકીના એક ગામ કણભામાં ચોરી થઇ તે સમાચારથી તો બહુ ન લાગ્યું; પણ તે પછી કહેવા આવનારે જે ઉમેરો કર્યો, તેથી દિલ વીંધાયું, "ને લવાણે તો થાણે જઇ ફરિયાદ કરી છે. અહીંથી ફોજદાર ગયો કણભે."

દિલ વીંધાયું, ચિંતા ઊપડી, ફાળ પડી: પોતાની ને લોકોની વચ્ચે થયેલો કરાર તૂટ્યો. બહારવટિયા બાબર દેવાની લૂંટફાટોના દંડરૂપે ગામડાં પર

જે સરકારી “હૈડિયાવેરો” પડ્યો હતો, તેની સામેની લોક-લડત ફક્ત દોઢ જ મહિનામાં જિતાઇ ગયા પછી એ જિતાડવામાં મરદાઇનો પ્યાલો પાનાર આ ‘ગાંધીના ફોજદાર’, આ ‘નાના ગાંધી’, જે દિવસે કાળુ ગામે લોકોને રામરામ કરીને પાછા પોતાને વતન વળતા હતા. તે દિવસે લોકોએ આડા ફરીને કહ્યું હતું કે, “નહીં જવા દઇએ.” પોતે કહ્યું હતું, “હું ન રહી શકું.” લોકોએ પૂછ્યું હતું કે, “શા સારુ ?” જવાબ મળેલો કે “તમારે ને મારે હૈયા સરખો સંબંધ થયો, પ્રીત બંધાઇ, એટલે હવે તમારું દુ:ખ મારાથી ન જોવાય.”

“દુ:ખ શાનું?” “તમે ચોરી કરો, દારૂ પીઓ; પોલીસ તમને પકડે, બાંધે, માર

મરે, ગાળો દે; એ મારાથી ન જોવાય.”

“તો ચોરી નહીં કરીએ, દારૂ નહીં પીએ; પણ તમને તો, નાના ગોંધી, નહીં જ જવા દઇએ !”

પછી ગામોગામ-કઠાણમાં, ખટલાશમાં ને સારોલામાં—લોકોને કહ્યે મહારાજે જાહેરમાં દારૂ બાળ્યો હતો. ને એ દારૂના ભડકા ભોંયથી વેંત વેંતવા અદ્ધર બળ્યા હતા, તે પોતાને અત્યારે યાદ આવ્યા. એ ભડકાની સાથે બારૈયાઓએ ચોરી ન કરવાના સોગંદ લીધેલ, અને એ ચોરી જેને ઘેર થાય તે આસામીએ પોલીસમાં ફરિયાદ ન કરવી એવો જ લોકસમસ્તે –વેપારીઓએ પણ—કરાર સ્વીકારેલો હતો, તેનું આ પરોઢે તીવ્ર સ્મરણ

થયું. આ તો ફરિયાદ થઇ, એટલે અનેકને કેવળ શક પરથી જ ફોજદાર રંજાડશે, ગજવાં ખંખેરશે, ગાળો દેશે ને મારશે. સાચો ચોર કાં તો છટકી જશે, અને એ રીતે વધુ ગુનાઓ આચરતો થશે; અથવા સાચો દોષિત પકડાઇ જશે તો પણ સરકારી પદ્ધતિના બૂરા પ્રતાપે માનવતામાંથી ભ્રષ્ટ બની બેસશે. અને કોઇ નિર્દોષને જો પોલીસ સકંજામાં લેશે, તો તો તેનું જીવન રસાતાળ જશે !

લોકે મહારાજને રોકી લીધા પછી ગુના નહોતા જ બનતા એમ નહીં; બનતા હતા. પણ એની તપાસ, ચોકસી, ધરપકડ, શિક્ષા, વળતર વગેરે બધું એક નોખી ઢબે થતું હતું. ભૂલ કરનાર કોઇ અનાડી બાળક જેવો ચોર

પોતે જ આવીને માલ આપી જતો, શરમિંદો બની મોં સંતાડતો; મહારાજ એનું મોં આખરે ખોલાવતા, અને એને એની બૂરી લતમાંથી છોડાવતા. લત નહીં તો બીજું શું હતું આ ચોરી પાછળનું પ્રેરક તત્ત્વ ! બૈરીઓ આવીને ધણીઓ વિશે કહેતી કે, “મહારાજ ! આ તમારા સેવકને કંઇક કહો ને ! રાતે નિરાંતે સૂતા નથી ને જ્યાંત્યાં ચોરી કરવા પોગે છે.” તો પુરુષ બૈરીની સમક્ષ જ મહારાજને રાવ કરતોકે “પૂછો એને: એવી એ જ મને મહેણાં મારીને ધકેલે છે !” જેવી બીડી બજરની આદત, તેવીજ ચોરીની; તેથી કશું વિશેષ નહીં. હસમુખાં ને હેતાળવાં આ નરનારીઓ ! ભારાડી ગુનેગારો તો તેઓ સરકારી ગુના તપાસની વિચિત્ર પદ્ધતિને પ્રતાપે જ

બનતા. માટે જ ફરિયાદ ન કરવાનો કરાર એમણે લોકોનાં દિલ પર ઠસાવ્યો હતો; અને એવા વાજબી કારણસર જ પોલીસ ખાતાના કેટલાક નુકશાનીમાં આવી પડનાર માણસોને મહારાજની નવી પદ્ધતિ પ્રત્યે છૂપો, ઊંડો રોષ હતો. એ રોષને હવે મોકો મળશે !

માણસાઇના ઉપાસક માટે આ વિચાર વસમો થઇ પડ્યો. ફોજદાર કણબે પહોંચ્યા છે, એટલે પોતે જશે તો સારાવાટ નહીં રહે, એ વિચારે આખો દિવસ કઠાણામાં કાંતતાં કાંતતાં બેસી રહ્યા. પણ રાત પડી એટલે રહેવાયું નહીં; રાતના નવેક વાગ્યે કણભે ચાલ્યા.

થોડેક જતાં ઘોડે ચડેલા ફોજદાર સામે મળ્યા. એણે પૂછ્યું: “કાં, કણભે હીંડ્યા ને, મહારાજ !”

“હા.” શરમિંદો સ્વર વધુ ન નીકળ્યો.

“ઊભા રહો.” ઘોડો થંભાવીને ફોજદારે દાઝ કાઢવાની તક ઝડપી: “આ બારૈયાઓને તમે બહુ વખાણો છો ના ! પણ સમજો, મે’રબાન, કે એ તો સોનાની ઝારી પણ ગોંડ પિત્તળની ! ગમે તેવી તોય જાત ખોટી. અમે તો બધું જ સમજીએ; તમને હવે સાચો અનુભવ મળી રે’શે !”

સોનાની ઝારી : બેઠક પિત્તળની ! કલેજું એ બોલથી ઉતરડાઇ ગયું. આડે

દહાડે આ અમલદારોને ધમકાવી નાખનાર માણસ તે રાતે નિરુત્તર બન્યા હતા. બોલ્યા વિના જ એણે કણભે પહોંચી ધર્મશાળામાં વાસો કર્યો.

ગામમાં ખબર પડી. બેએક જણ મળવા આવ્યા. મહારાજે પોતે તો નિત્યની રસમ મુજબ મૌન જ ધર્યું. આવનારાઓની આડીઅવળી વાતો કાને અથડાયા કરી; પણ સમજણ પડે તેવો કોઇ તાંતણો હાથ લાગ્યો નહીં. આખરે એક જણ બોલ્યો :

“હવે, મહારાજ, જીવ શા સારુ બાળ બાળ કરો છો ? ચોરી તો ગોકળિયે કરી છે.”

મહારાજનું મોં ઊંચું થયું. એમણે પૂછ્યું: “ક્યાં રે’છે ગોકળ?”

“ખેતરોમાં”

“વારુ”

સવારે ઊઠી, દાતણ-પાણી કરી પોતે એકલા ગોક્ળ બારૈયાના ખેતરમાં ગયા.

“આવો બાપજી ! મારે ખેતરે પગલાં કર્યાં આજ તો !” ગોકળિયે પોતાની ઓઢવાની ગોદડી મહારાજને બેસવા પાથરી આપી.

બંને વચ્ચે સારી એવી વાર ચાલુ રહેલું મૌન આખરે ગોકળે તોડ્યું, “જોયું

ને, મહારાજ? અમારાં લોકોને તમે કેટલી મદત્યો કરી, સરકારની કનડગત ટાળી, કેવા રૂડા ઉપદેશ આલ્યા: તોય તમારું માન કોઇએ રાખ્યું ? અમારી જાત જ એવી નઠારી છે, હો બાપજી !"

સાંભળીને મહારાજ તો ચૂપ થઇ ગયા, ગોકળને તો કશું પૂછવાપણું જ બાકી ન રહ્યું. ઊઠ્યા; કહ્યું: "જાઉં છું ત્યારે."

"કંઇ જશો ?" ગોકળ એમને વળાવવા જતો જતો હોઠના ખૂણાને કાબૂમાં રાખતો પૂછતો હતો.

"ગામમાં."

"વારુ." કહેતો ગોકળ ખેતરના છીંડા સુધી મૂકવા ગયો. "પધારજો, બાપજી!" કહી પાછો વળ્યો. એના પેટમાં પાપનો છાંટો પણ હોવાની પ્રતીતિ થઇ નહીં. એનું નામ ખોટે ખોટું લેવાયું હશે ! ગોકળ—આવો સાલસ ખેડુ ગોકળ બારૈયો – તો આ ચોરી કરનાર હોય નહીં!

ફરી પાછા ધર્મશાળાએ જઇને બેઠા. લોકો પણ ભરાયાં. જાતજાતની વાતો ચાલી. મહારાજ કોઇને કશું પૂછતા નથી, કશો બળાપો દખવતા નથી; સૌનું બોલ્યું સાંભળ્યે જાય છે. રસોઇની વેળા થઇ. લોકો કહે : "મહારાજ, રસોઇ કરો."

લોકોએ કે પોતે કરેલા દોષ માટે ઉપવાસ કરવાની તો આ બ્રાહ્મણને સમજણ નહોતી; અનશન એ એનું કમને લેવાનું સાધન નહોતું. પણ એને તો સ્વાભાવિક લાગણી હતી, "કેમ કરીને ખાઇશ ! પોલીસ આ લોકોને મારશે, અને મને ખાવું કેમ ભાવશે ? હું અહીંથી નાસી જાઉં !" અંતર અતિશય અકળાઇ ઊઠ્યું; ખાવાની રુચિ રહી નહીં. કહી દીધું કે, "નહીં ખાઉં."

"કેમ !"

"અહં, મારાથી શી રીતે ખવાય ?" એથી વિશેષ પોતે કશી સ્પષ્ટતા કરી શક્યા નહીં.

એક મુસલમાન ખેડૂત – દાજી એનું નામ – ઊભો થયો. ને સૌને સંબોધી બોલ્યો, “અલ્યા, આ તમારો બાપ અહીં આવ્યો છે ને ખાશે નહીં ? અલ્યા, મારો ધર્મશાળાને દરવાજે તાળું; એ નહીં ખાય ત્યાં સુધી આપણામાંનો કોઇ પણ નહીં ખાઇ શકે !”

મહારાજે કહ્યું કે, “ના, હું ધર્મપૂર્વક ઉપવાસ કરુંછું. તમારો ધર્મ ઉપવાસ કરવાનો નથી. તમ-તમારે જાવ.”

બધાને જમવા વળાવ્યાં તે પછી પણ લોકો આવી આવીને ગયાં.ચોરની ભાળ લાગી નહીં. રાત પડી. ભૂખ્યે પેટે મહારાજ ઓઢીને સૂતા. એકલા જ હતા.

અરધીક રાત થઇ હશે, ત્યારે સૂતેલ મહારાજના પગની આંગળી ઝાલીને કોઇકે હલાવી. ઊઠીને નજર કરે તો એક આદમી પીઠ વાળીને આઘે ઊભેલો નિહાળ્યો. એ ક્શું બોલતો નહોતો.

મહારાજ બેઠા થયા, એટલે આદમીએ આગળ ચાલવા માંડ્યું. મહારાજ પાછળ ચાલ્યા: પેલો આગળ ને પોતે પાછળ. ગામની ભગોળ આવી. તે પછી એક ટેકરાળ ખેતર આવ્યું. આગળ ચાલતા આદમીએ એ પછી દોટ મૂકી: દૂર અંધકારમાં જાણે ઓગળી ગયો. એનો પિંડ તો દેખાતો નહોતો, પણ એક અવાજ આવ્યો:

”એ – એ - એ અંઇ છે !”

“શું અંઇ છે? ચોરાટ માલ ત્યાં હશે? પણ ક્યાં? ‘અંઇ’એટલે ક્યાં? અવાજ કઇ દિશેથી આવે છે?”

અંધારી રાતે, ટેકરાળ ખેતરમાં, એખરાના(દારૂડીના) કાંટાળા છોડ ખૂંદતા, પગે ઉઝરડાતા મહારાજ ચાલ્યા. માન્યું કે અવાજ આવ્યો તે દિશે જ પોતે જઇ રહ્યા છે. ખરેખર તો એ ઊલટી જ દિશા હતી. પેલાં અંધારામાં ઓગળી ગયેલ માનવીએ બીજે ખેતરે પહોંચીને જોયું કે, હાં, બાપજી ભૂલા પડ્યા લાગે છે.

થોડી વારે કોઇક માનવી પાસે આવ્યું. માથે લાલ કપડું સાડલારૂપે ઓઢ્યું

હતું. પણ એ સ્ત્રી નહોતી અવાજ મરદનો હતો, “ઇમ ચ્યોં ફાંફાં મારો સો? ઑમ આવો ઑમ.”

આમ આવો ! પણ ‘આમ’ એટલે ક્યાં ? દિશાની સૂઝ પડતી નહોતી.

ત્યાં તો ખખડાટ થયો, ડબાનો ખખડાટ ! સોનામહોરો કે રૂપિયાનો રણકાર કદી મીઠો નહોતો લાગ્યો, જેટલો આ ટિનના ડબાનો ખખડાટ મીઠો લાગ્યો. એ ડબાના ખખડાટને દોરે દોરે પોતે ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં કોઇ માનવી નહોતું. બૈરાનો વેશ કાઢીને મરદને અવાજે દોરવણી દેનાર એ માનવી હાલ્યો ગયો હતો.

એ ડબા ત્યાં ખેતરમાં પડ્યા હતા. બેઉ ભરેલા હતા. દિનભરના ભૂખ્યા બ્રાહ્મણે એક ડબો માથે અને એક હાથમાં ઉઠાવ્યો. અંધારામાં અથડાતા એ ગામમાં સીધા પેલા લુહાણાને ઘેર ગયા. પૂછ્યું:

”આ તારા ને?”

અંદર તપાસ કરીને લુહાણે કહ્યું:” આ એક મારો; આ બીજો મારો નહીં.એકમાં ઘી છે: બીજામાં તેલ છે. મારા તો બંને ઘીના હતા.”

પાછા મુકામે આવીને મહારજ તો ખાટલામાં સૂઇ ગયા. સવારે જાણ થતાં જ લોકો ટોળે વળી ધર્મશાળા એ ઊભાં રહ્યાં.

“ડબા જડ્યા ! ડબા જડ્યા ! હવે તો મહારાજ ખાશે !” લોક-લાગણી ગુંજી ઊઠી.

મહારાજે કહ્યું: “ડબા જડ્યા—પણ ન જડ્યા જેવા; આ તો મને વધારે છેતર્યો !”

લોકો ડાચાં વકાસી રહ્યાં. ડબા સોંપનારે દગો કર્યો હતો; ઉપરાંત ચોર પોતે તો છતો થયો ન હતો. બીજે દહાડે પણ મહારાજ અન્ન—પાણીની આખડી રાખી રહ્યા. લોક બેસી રહ્યું.

સાંજનો સમય થયો. એક છોકરો આવ્યો; કહે કે, “બાપજીને મારા બાપા

બોલાવે છે.”

“કોનો છોકરો છે ?” મહારાજે પૂછ્યું.

“એવા એ ગોકરનોસ્તો !” એક જણ બોલ્યો.

“જાવ, મહારાજ, જાવ !” બીજો બોલ્યો.

મહારાજ ઊઠ્યા, પાછળ ટોળું ચાલ્યું; એ જોઇને પોતે કહે કે, “તો મારે નથી જવું. તમે સઘળાં શીદ ચાલી મળ્યાં છો ? મને એકલાને જવા દેવો હોય તો જવા દો.” ત્યાં તો સામે ઘેરથી ગોકળે ઓસરી ઉપર ઊંચા હાથ હલાવી સાદ દીધો: “ઓ મહારાજ ! જે આવે તેમને આવવા દો ને ! મને શો વાંધો છે !” ઘેર આવેલા મહારાજને બેસારીને પછી નિરાંતે મોં મલકાવીને

ગોકળે ઠાવકાઇથી કહ્યું:"મહારાજ ! તમારા સેવકે ભૂલ કરી છે."

બાહ્ય કશો પરિતાપ ન દાખવતી ગોકળની સાદેસાદી વાણી સાંભળીને થોડી વેળા ચૂપ બનેલા મહારાજે પછી કહ્યું, "ના, ના, ગોક્ળ, તું તો ના કરું!"

"હવે, મહારાજ," ગોકળે કહ્યું: "થતાં થઇ ગયું ! હવે પડી મેલો ને વાત !" જાણે કોઇ બાળક બોલતું હતું.

"ત્યારે તું કેમ માન્યો ?"

“તમે આટલે સુધી જશો એવી કંઇ ખબર હતી મને ?”

મહારાજ હસવું ખાળીને, અંતરમાં હેતના ઉમળકા અનુભવતા અનુભવતા બોલ્યા:” “લવાણો તો બેમાંથી એક જ ડબો પોતાનો કહે છે.”

“સાચું કહે છે.” ગોકળ કહ્યું.

“તો મને ડબા ઊંચકાવ્યા શા સારૂં?”

“બીજો ઉપાય ન’તો.”

“ચ્યમ?”

“કાલે ફોજદાર આવેલો. મેં ચોરેલ છે એ એવો જાણી ગયેલો. મને એક બે સોટીઓ મારી; રૂપિયા ચાલીસ માગ્યા. શું કરૂં ? બેમાંથી એક ડબો રાસ જઇ

વેચ્યો, તેના રૂપિયા ત્રીસ મળ્યા. રૂપિયા દસ ઉછીના લઇ ચાલીસ પૂરા કરી ફોજદારને આલ્યા. બાકી રહ્યો તે ડબો વેચીને ઉછીવારાને આપવાનો હતો; પણ તમે, મહારાજ, આવું કરી બેઠા. એટલે ઘરમાં ભેંસનું પાંચ શેર ઘી હતું તે વેચીને તેલ લાવ્યો ને બીજો ડબો ભર્યો.”

ગોકળનું મોં આ વર્ણન કરતી વેળા જરીક જરીક મલક્તું હતું. એ પોતાનું કોઇ પાપ કે ગુનો પ્રકટ કરતો નહોતો; એ તો સ્વાભવિક કોઇ આપવીતી વર્ણવતો હતો. જે કંઇ એણે કર્યું હતું એમાં ક્શું જ નવી નવાઇનું નહોતું. એણે પોતની ચોરી વર્ણવી, ફોજ્દારની દુષ્ટતા વર્ણવી, ચાલીસનો જોગ

કેમ કર્યો તે વર્ણવ્યું, ને ઘીને બદલે તેલનો ડબો  ભર્યો તે વર્ણવ્યું; કારણ કે, તમે, મહારાજ, આટલે સુધી જશો તેવું ધાર્યું ન'તું !'

મહારાજને બે દિન પૂર્વેની સાંજે રસ્તે મળેલો ફોજદાર યાદ આવ્યો. એ વખતે એના કલેજાની નજીકમાં નજીક રુપિયા ચાલીસની રુશવત સંઘરેલ હશે; ને છતાં એના હોઠ ઉપર આ શબ્દો હતા : 'ગમે તેવી તોયે જાત ખોટી! તમે વખાણો છો; પણ આ તો સોનાની ઝારી....'

ગોકળની વાતો સાંભળનારા હસી પડ્યા: કારણ કે ગુનો કરનારો કોણ—ગોકળ કે ફોજદાર—તે જ એક મીઠી સમસ્યા બની ગઇ. ન હસ્યા મહારાજ. એને તો તાગ લેવો હતો—માનવીના મનમાં બળતા આ દીવાની દિવેટ

ક્યા તેલમાં બોળાઇ છે તે વાતનો. એમણે પૂછ્યું:

”પણ તેં ચોરી શા સારુ કરી ?”

”બર્યું, શું કહેવું!” ગોકળ શરમાતો હતો.

“તું એકલો હતો?”

“ના, બે જણ હતા. આ મુલકમાં તમારા આવ્યા પહેલાં હું ન’તો કરતો. પણ થતાં થઇ ગ્યું. એક રાતે અમે બે જણ તરાવે (તળાવે) બેઠેલા; અ લવાણો તાંથી નેકર્યો. દહેવાણ ગામે જમવા જાય. એવા એને ભારીને મારો સંગાથી કહેવા લાગ્યો કે, ‘મારા સારાને દા’ડે લૂંટવું, ને રાતે જમવા હેંડ્યો ! મારી સારી લવાણાની જાત છે કંઇ ! એવા એ આપણને લૂંટે છે, તો આપણેય

એમને લૂંટી લેવા જોઇએ. જઇશું, ગોકર?’ મેં કહ્યુંકે ‘બર્યું, હવે જવા દે ને!’ પેલો કહે કે, ‘હવે હેંડ હેંડ’ મેં કહ્યું કે, ‘લે હેંડ તારે.’ ગયા એને હાટડે. તારું (તાળું) મચરડીને ઊંઘેડી નોંછ્યું. માંઇથી બે ડબા ઘીના લઇ લીધા.... પણ તમે આવું કરશો એ ન’તું જાણ્યું!”

મહારાજને મોંએ મલકાટ હતો, પણ હૃદયે રુદન હતું: હશે કોઇ બાળક પણ આવું નિષ્પાપ ! પણ નિષ્પાપપણું બસ નહોતું. માનવી બાળક બનીને સમાજમાં શે જીવી શકશે? બાળકને બદમાશ બનાવી દેતી યંત્રમાળ પૂરજોશમાં ચાલી રહી છે.

"ત્યારે ગોકળ", મહારાજે કહ્યું "તું લવાણાના બાકીના માલની નુકશાની આલ."

"સારું! જે કે'શો તે આલીશ."

"દશ રૂપિયા આલીશ?"

"હોવે એક મૈને મારી ભેંસનું ઘી વેચીને આલીશ."

"પણ તારા વતી કબૂલે કોણ?"

ત્યાં બેઠેલા લોકો પૈકી બીજા કોઇની નહીં ને એક ફક્ત મુસલમાન વેપારી દાજીની છાતી ચાલી : "ગોકરના રૂપિયા દસ હું કબૂલું  છું."

એટલું થયું ત્યાં ઘડી દા'ડો રહ્યો. મહારાજ લુહાણાના હાટડે ગયા, એને

રૂપિયા દસની વાત કબૂલ કરાવી. પછી લોકો કહે : “હવે, મહારાજ, ઊઠો: રસોઇ કરો.”

મહારાજ કહે : “ના, ના; હવે તો દા’ડો આથમ્યો. વળી મને ભૂખ નથી.”

“તો ફરાળ કરો:ખજૂરનું ફરાળ.”

“સારૂં; લાવો, કરૂં.” પણ ખજૂર લાવવો ક્યાંથી? “ અલ્યા ગામમાં કોઇની કને ખજૂર છે? તપાસ કરો.”

એટલી બધી વાત થયા પછી જ ધીરે રહીને પેલો લુહાણો કહે છે કે “છે મારી પાસે.”

મહારાજ : “વારુ ! અધશેર તોળ.”

લોકો, “ના, શેર તોળ.”

શેર ખજૂર તોળીને એ લુહાણો પૂછે છે :”આ ચાર આના કોના નામે માંડું?”

પ્રશ્ન સાંભળતાં જ લોકોને ઝાટકો વાગ્યા કરતાં વિશેષ લાગ્યું. સૌનાં મોં શ્યામ બન્યાં. મહારાજના મોં સામે મીટ માંડવાની કોઇને હામ ન રહી. મહારાજ ઘડીભર તો ચમકી ગયા; પણ પછી તરત એણે સમધારણ સાચવી લીધી. ફરી પાછો પેલો મુસલમાન દાજી બોલી ઊઠ્યો, “ચાર આના ન હોય,-- છ આના: માંડ મારે ખાતે ! ને હવે લેજે તારા દસ રૂપિયા, મારી સાસરી ! તારી બુનની હગણી લેજે ! જોઇ—જોઇ તને.” મહારાજે લોકોના ગુસ્સાને વારી લીધો. લુહાણાને એક શબ્દ પણ ન કહ્યો. સૌ ઊઠ્યા.

પણ આ પ્રકરણ હજુ પૂરું નહોતું થયું. કઠાણાના ફોજદારને ખબર પડી. ચડી વાગવાનો પોતાનો વારો સમજી લીધો. આવીને એ ખાલી ડબા કબજે લઇ ગયો; અને મહારાજને કહે કે, “ગુનેગારનું નામ આપો.”

“નહીં આપું”

“ખબર છે—ગુનો થાય છે ?” બાપડાને એ એક જ મોપાટ આવડી હતી: ‘ ગુનો થાય છે.’

“છો થતો.” મહારાજે ઠંડે કલેજે જવાબ આપ્યો: “ મેં એને અભય-વચન આપ્યું છે.”

ફોજદારે મહારાજ પર કેસનાં કાગળિયાં કર્યાં. આ કાગળિયાં ખેડાના અંગ્રેજ પોલીસ-ઉપરી પાસે ગયાં. એણે ફોજદારને  બોલાવીને ધમકાવ્યો "કોના ઉપર કેસ કરે છે તે તું જાણે છે? જે લાંઘી લાંઘીને ગુના મનાવી રહેલ છે તેના પર કેસ ! ખબરદાર—જો આવા કેસ કર્યા છે તો !"

# શનિયાનો છોકરો

મહીકાંઠાના રાસ ગામમાં એક વાર મહાજનને ભાળ મળી કે શનિયાના છોકરાને કૂતરું કરડવાથી છોકરો લાંબા કાળના મંદવાડમાં સૂતો છે, અને એ કરડ પાકીને ગંધાઇ ઊઠ્યો છે. મહારાજ શનિયાને ઘેર જઇ જુએ તો સડી ગયેલો નાનો બાળક ગાભા પર પડ્યો છે કોઇ એની કને આવી શકતું નથી, બદબો અસહ્ય બની ગઇ છે.

“શનિયા !” મહારાજે છોકરાના બાપને કહ્યું, “હીંડ, આને આણંદ દવાખાને લઇ જઇએ.”

“હું ચ્યમ કરીને હીંડું, બાપજી ?”

“ચ્યમ વળી શું?” “ઘરમાં ખાટલો માંદો છે, મહારાજ !” (એટલે કે વહુને સુવાવડ આવેલ છે.) અર્થ એ થયો કે શનિયો એકલો બીજાં છોકરાંને અને બૈરીને બચાવવા માટે મજૂરી કર્યા કરે અને આ છોકરાંનું રોગે ગંધાઇ ગયેલ હાડપિંજર ધીરે ધીરે ખતમ થઇ છેલ્લા શ્વાસ છોડી દે, એટલે છુટકારો થાય.

“વારુ” મહારાજે  કહ્યું” તને દાણા અલાવી દઉં તો તું આવે?”

“તો આવું.” અધમણ ભાત ખરીદીને મહારાજે શનિયાના ઘરમાં નખાવ્યા અને પછી છોકરાના રસી-વહેતા શરીરને ઝોળીમાં ઉપાડી મહારાજે ટ્રેનના

એક ડબ્બામાં ચડાવ્યું. બીજા મુસાફરો ત્યાંથી ખસી ગયાં. બદબો જીવતી નરકનો ખ્યાલ કરાવતી હતી. ચાલતી ગાડીએ છોકરાને માખીઓ ઉડાડતા મહારાજ એકલા જ સંભાળે છે; બાપનું ધ્યાન દીકરામાં નથી. રાસ ગામને પાધરે જ રેલવે દોડે છે, સ્ટેશન છે, પણ અવતાર ધરીને શનિયો કોઇ દિન આગગાડીમાં બેઠો નથી. આજે એને પહેલો જ પ્રસંગ છે. એનો આનંદ ઉછાળા મારે છે. બારીમાંથી એ ઝાડવાંને પાછી દોટ કઢતાં જોઇ નાના બાળક જેવો બની દાંત કાઢી રહ્યો છે. એક વાર તો મહારાજે “અલ્યા શનિયા, તું આને માખો ઉડાડ!” એમ કહી ઠપકો પણ આપ્યો. પણ શનિયો તે વેળા બાપ નહોતો, કુટુંબની રોટી રળનાર નહોતો: બાળક બની ગયો

હતો. પહેલે ને પ્રથમ વાર એણે જીવનના રોજિંદા, એકસૂરીલા, નિષ્પ્રાણ સંગ્રામ વચ્ચે એક રોમાંચ અનુભવ્યો હતો.

આણંદ ઊતર્યાં. છોકરાને ઉપાડ્યો: ઝોળીના આગલા બે છેડા શનિયા પાસે ઉપડાવ્યા. પાછલા મહારાજે ઉપાડ્યા. શનિયો ભાર ઊંચકી શકતો નહોતો. મહારાજે એને કાળજીથી ઊંચકવા કહ્યું. શનિયાએ જવાબ વાળ્યો :

“આ મૂઆનામાં ભાર બૌ છે તો !”

શનિયાના મોંમાંથી ટપકેલો આ વીશેક વર્ષ પૂર્વેનો બોલ આજે મહારાજની છાતીએ ચોંટી રહ્યો છે. ગંધાઇ ગયેલું નાના બાળકનું હાડપિંજર—એમાં તો

શો ભાર હોય ! સાચી વાત એ હતી કે શનિયા ખેડુના શરીરમાં કંઇ પોષણ નહોતું. 'મૂઆનામાં ભાર બૌ છે તો !' - એ વાક્યે મહારાજને મૌન પકડાવ્યું.

આણંદની ઇસ્પિતાલે કહેવામાં આવ્યું કે રોજનો રૂપિયો પડશે; એટલે મહારાજે છોકરાને પાછો ઝોળીમાં ઉપાડી સ્ટેશન ભેળો કર્યો. બેઠા બેઠા પોતે પછેડી વતી માખીઓ ઉડાડી રહ્યા છે, શનિયો બાજુમાં કશી સમજણ વગર ચૂપચાપ બેઠો છે. એવામાં ગાડી આવી. મહારાજે ઝોળી ઉપાડીને ગાડીમાં નાખી.

શનિયાનો છોકરામાં કશો રસ રહ્યો નહોતો. એ તો સાથે જતો હતો, કારણ

કે મહારાજને ના કહી શકાય નહીં. તે ગાડીની બારીમાંથી ઝાડવાંની દોટાદોટના જલસા ચોરીછૂપીથી જોતો રહ્યો; દીકરાને માખીઓ ઉડાડવાનો કંઇક કંઇક દેખાવ કરતો ગયો. ગાડીનો વેગ એને ગમ્મત આપતો હતો - અંદર મૃત:પ્રાય પુત્ર ભલેને પડ્યો ! રેલનાં પૈડાં પર વિહરવાની મોજ પણ વિરલ હતી. નિત્યનું નિશ્ચેતન જીવન જાણે કે ઝંઝાવાત પર ઘોડેસવારી કરી રહ્યું છે. શનિયો મનમાં મનમાં થનગને છે.

વડોદરાની મોટી ઇસ્પિતાલે છોકરાને તપાસીને દાકતરે મહારાજને કહ્યું: “આજની એક રાત કાઢે તો જ ઉગાર છે. જો કે કાઢવા સંભવ નથી: ઝેર

લોહીમાં પ્રસરી ગયું છે.” શનિયાને તો કશી જ ખબર નહોતી ખબરની દરકાર પણ નહોતી. એને કંઇ ગમ-સમજણ નહોતી. એને તો કોઇ કોઇ વાર ‘ઘેર માંદો ખાટલો’ (સુવાવડી બૈરી) અને અધમણ ભાત પર છોડેલાં છોકરાં યાદ આવતાં.

છોકરાએ રાત ખેંચી કાઢી. દાકતર કહે: “હવે ભો નથી.” એટલે મહારાજે કહ્યું: “શનિયા ! તું-તારે હવે જા. તારે ખેડકામ ખોટી થાય છે.જા; હું અહીં છું. છોકરાને લઇને આવીશ.”

શનિયો ઊભો થયો. મહારાજ એને રેલમાં બેસારવા સાથે ચાલ્યા. એ તો છોકરાને કશું કહ્યા વિના એની સામું પણ સરખી રીતે જોયા વિના,

દવાખાનાની ઓરડીમાં બહાર નીકળ્યા મંડ્યો. પણ બારણાની બહાર જઇને એકાએક એ ઊભો રહ્યો.. પાછો ફરીને છોકરાના ખાટલા સામે જોઇ રહ્યો.

”કેમ,’લ્યા!” મહારાજે પૂછ્યું:”કેમ ઊભો ?”

શનિયો લજ્જા પામતો પામતો હસ્યો, અને પછી માંડમાંડ બોલ્યો, “જતાં દિલે થતું નથી.”

“શાથી,’લ્યા ?”

“આ છોકરો છે ના, દાદા, તે એવો એ મારાં સરવે છોકરાંથી વધુ ડાહ્યો છે.”

“શાથી ?”

“એ તો એમ, દાદા, કે ઘરમાં જે દાડે દાણા નો’ય તે દા’ડે બાકીનાં બધાં છોકરાં રડારોળ કરી મૂકે; પણ આવો આ ભૂખ્યો ને ભૂખ્યો છાનોમનો પડ્યો રહે - ચૂં કે ચાં ન કરી, હો દાદા! ખાવા ન હોય ત્યારે રડે-કરે નહીં. તેથી કરીને આવો આ મને વધુ ડાહ્યો લગે છે. તેથી કરીને જતાંજીવ મૂઓ ચાલતો નથી !”

એટલું કહીને ફરી વાર મોં મલકાવીને લજવાતો શનિયો ઊભો થઇ રહ્યો.પણ પછી પોતે કંઇક અનુચિત બાબત કહી નાખી હોય એમ માનીને સ્ટેશન ભણી વળ્યો. વીસેક દિવસે છોકરાને સાજોનરવો  લઇને મહારાજ પાછા વળ્યા. રસ્તામાં એણે કહ્યું, “અલ્યા, તું મારી જોડે રહીશ? હું તને પેટ

ભરીને ખવરાવીશ- પિવરાવીશ, ભણાવીશ.”

છોકરાએ હા પાડી.

ગામની બજાર આવી, એટલે છોકરો મહારાજ કનેથી દોટ કાઢીને બાપાને બાઝી પડ્યો. ને ઘેર ચાલ્યો ગયો. એને પેટ ભરીને ખાવા-પીવા ને ભણવા કરતાં ગરીબ બાપને ઘેર અન્ન ન હોય તે દિવસે ‘ડાહ્યો’ બની રહેવાનું, ખાવાનો કજિયો ન કરવાનું, વિશેષ પસંદ પડ્યું હશે.

મહારાજ કહે, “શનિયા, તારો છોકરો તું મને આલી દે ને ! હું એની સાર-સંભાળ રાખીશ.”

“એવો એ નહીં આવે, દાદા !... એ કરતાં એને કોઇક પાટીદારને ત્યાં

ચાકરીએ રાખી દો ને ! એ રળતો થઇ જશે.”

કંગાલિયતની એ કથા મહારાજને પચાવવી પડી.

# જી’બા

જીવી કંઇ હવે બાળક નહોતી. જીવીને જાણ હતી - ખબર હતી કે પોતે જે ખેતરમાં કામ કરી રહી હતી તેને અડોઅડ જ, સામા ગામ બનેજડાની સીમમાં, મથુર મજૂરીએ આવતો હતો. માથે રંગીન ફાળિયાવાળા મથુરને પોતે છેડેથી કળી કઢતી હતી; તો પછી માથુર પણ શું પોતાને નહીં પારખી કાઢતો હોય ?

જીવી તો પાછી ઝટ પરખાય તેવી હતી: ગોરી, કદાવર અને નમણી: મહી માતાનું જ ભરપૂર પ્રવાહી રૂપ. મહી નદીથી જીવીનું મહિયર વટાદરા જો

કે ત્રણેક ગાઉ છેટું હતું: તો પણ જીવી કાંઠાની જ કહેવાયને ! કાંઠાની તો ખરી, પણ પાછી પાટણવાડિયાની પુત્રી, પાટણવાડિયો એટલે તો ઠાકરડામાં પણ સૌથી મજબૂત કોમ. બેશક, પાટણવાડિયા કહેવાય તો પરદેશી ! કાંઠાના બારૈયાઓ એને પોતાનાથી ઊતરતા ગણે. જીવી, એ રીતે, ઊતરતી જાતમાં જન્મેલી ગણાય.

ત્રણ વર્ષની હતી તે દિવસે જીવીને મથુર જોડે પરણાવેલી.... સોળ-સત્તરની થઇ છ, તો પણ જીવી વટાદરામાં, બાપને જ ઘેર રહે છે. સામે જ સાસર-ગામ બનેજડાનાં ખોરડાં વરતાય છે, અને બેઉ ગામના સીમાડા

અડકીને ઊભેલ છે. એ બાજુથી જીવી સીમમાં કામે આવે છે, તો પણ જીવી સાસરે જતી નથી.

“હેં જીવી !”

ભારો બાંધતી જીવીએ ચમકીને ઊંચું જોયું; બોલનારને ઓળખીને કહ્યું: “આવો, લખા પટેલ !” આવકારો તો આપ્યો, પણ જીવી ચોમેર ચકળવકળ જોવા લાગી : સુભાગ્યે સીમનાં લોકો છેટેરાં હતાં.

"જીવી !" લખા પટેલ નામે ઓળખાતા સામા ગામ બનેજડાના પાટીદાર યુવાન લક્ષ્મીદાસે કંઇક દીન અને નમ્ર અવાજે પૂછ્યું, "તું ચ્યમ સાસરે આવતી નથી ?"

જરી વાર તો જીવી અકળાઇ પડી. લખો પટેલ પણ મૂંઝાતો હતો પણ એણે હામ ભીડીને કહ્યું : "મને પૂછવા જ ખાસ મોકલ્યો છે."

"કુંણે—તમારા ભાઇબંધે ? ."

સામો પ્રશ્ન કરતાં કરતાં જીવીનું મોં કાનના મૂળ સુધી લાલચોળ થઇ ગયું.

લખા પટેલે ડોકી હલાવીને હા પાડી, અને બનેજડાની સામી સીમ તરફ

દૃષ્ટિ ચીંધાડી. મથુર ત્યાં નીચો વળીને દાતરડી ચલાવી રહેલો દેખાયો. આ બાજુ જોતો નહોતો - જાણીબૂઝીને જ કદાચ.

"મૂવું" જીવી જવાબ ગળી ગઇ, "નથી આવવું... " કહેતી જીવી ઘાસના ભારા ઉપર પગ મૂકીને આ સંકડામણ ભરી સ્થિતિને ટાળવા મથતી હતી.

"પણ કારણ તો કંઇ કહીશ ને, જીવી ? તારાં માવતર ના પાડે છે ? "

"લો, જુઓ તો ! માવતર કેવા સારુ ના પાડે, લખા પટેલ ! એ બાપડાં તો રોજ 'જા-જા' કરે છે."

"તો શું તારે નથી આવવું? કારણ તો કહીશ ને?... મથુરનાં માવતર ગમતાં નથી ?"

"એ શા સારૂ ના ગમે ?" જીવીએ ઊડ ઊડ થતું ઓઢણું મોંમાં દાંત વચ્ચે પકડ્યું.

"તોશું મારો ભાઇ બંધ નથી ગમતો ?"

"એવું તે કાંઇ હોય?"

"તો શું કારણ છે?"

“હેં લખા પટેલ!” જીવીએ કાંઇક હિંમતમાં આવીને કહ્યું “તમારા ભાઇબંધને બીજે પરણાવી આલો ને!”

“એ તો એનાં માબાપે બહુ બહુ મનાવ્યો, પણ એવો એ જ ના કહે છે તો! નીકર તો પાંચ વાર ના પરણાવ્યો હોય આજ લગીમાં!”

“શા સારુ ન પાડે છે?”

“દૈ જાણે ! કહે છે કે,જીવી વન્યા કોઇને ન પરણું.”

“તો શું જન્મારો કાઢશે?”

“કાઢેય ખરો!... એ તો ઠીક, પણ તારાં માવતર ચ્યમ લખણું કરાવી લઇને

તને બીજે નથી દઇ દેતાં?"

"જાવ ને, મારા ભાઇ!" જીવી બહુ શરમાઇ ગઇ."એ તો ઘણું કહે; પણ મારે કંઇ બીજે જવું નથી!"

"પછી તારું પેટ તો કંઇક દે, જીવી! તને શો વાંધો છે? તું જેમ કહે તેમ એવો એ કરી આપવા તૈયાર છે. તું ફક્ત તારા દલની વાત કરી દે."

"બીજું તો, બળ્યું,કશુંય નથી, લખા પટેલ; પણ –"

"પણ શું?"

"એ ચોરીઓ કરે—"

“ચોરીઓ ! પાટણવાડિયા તો ચોરીઓ કરે; એમાં તને શો વાંધો ? ચોરીઓ ના કરે તો ખાય શું! ”

વાત સાચી હતી કે મહીકાંઠો એ તો ચોરિયાટાં ગામડાંથી જ વસેલો હતો. ઠાકરડાનાં ગામો ચોરી માટે ભયંકર નામ કાઢી બેઠાં હતાં. એમાં પણ પાટણવાડિયો તો શિરટોચ ગણાય. પાટણવાડિયાના ઘેર કોઇ માણસ મહેમાન પણ ન થાય.ચોરીની ન તો એને એબ હોય, કે ન બીક હોય. સ્ત્રી કહે ને પુરુષ ચોરે; મરદ ચોરી લાવે ને ઓરત સંતાડે. ચોરી એમનો ધંધો કહો તો ધંધો, ને કસબ કહો તો કસબ.

સારી વાર વિચાર કરીને જીવીએ સ્પષ્ટતા કરી: “મારાથી એ કેમ જોવાય?

એ પકડાય, પોલીસ અમારે ઘેર આવે, લબાચા ચૂંથે, એને બાંધીને મારતા મારતા લઇ જાય... એવું એ મારાથી ના જોવાય - મારે નથી આવવું સાસરે." ચોરી કરવી એ પાપ કે અનીતિ છે એવી કંઇ પાટણવાડિયાની પુત્રી જીવીને ખબર નહોતી. પાપ અને પુણ્યના ભેદ એનાથી અળગા ને અજાણ્ય હતા. ચોરીમાં પાવરધા પુરુષની તો પાટણવાડિયા કોમમાં ઊંચી આબરૂ ગણાય છે, તેની પણ એને જાણ હતી. ચોરીનો કરનારો તો ભડવીર ગણાય ! પણ જીવી આટલું જ જોવા તૈયાર નહોતી. મથુર ચોરી કરે, એ ચોરી પક્ડાય, પોલીસ એને ઘેર આવે, ઝડતી લે, મધરાતે ઝાલી મુશ્કેટાટ બાંધે, અને મારતા મારતા લઇ જાય... એ જીવીથી જોયું જાય નહીં.

મથુરનો ભાઇબંધ લખો પટેલ પાછો ગયો, અને વળતા દિવસે પાછો સીમે આવી જીવીને એકલીને મળ્યો કહ્યું કે “જીવી ! મથુર ચોરી ના  કરવા કબૂલ થાય છે: પછી તો આવીશ ને તું?”

“ના, ઇમના બાપના ઘરમાં તો નંઇ !”

“ચ્યમ વાર ?”

“એના કાકા વગેરે જાણીતા છે: ચોરી કર્યા વન્યા રે’ નંઇ ! ચોરિયાટો માલ સંઘરે, ઘેર સિપાઇ આવે, ઇમને એ મારે, બાંધે, ઘર ચૂંથે... મારાથી એ ના જોવાય.”

“ત્યારે ?”

“એ જુદા રહે.”

“સારૂં, જુદો રહેશે.”

“ના, એમ નંઇ: એ પાટણવાડિયાના વાસમાંથી જ નેંકરીને કોઇક પાટીદાર અથવા વાણિયા-બામણના પાડોશમાં ઘર લે.”

“કબૂલ છે, જીવી ! હું મારી પાડોશમાં જ મથુરને ઘર અલાવું.”

“તો અલાવો, હું પરભારી એ નવે ઘેર જ આવું: નહીં તો ના આવું. કે’જો એમને કે બાપાના ઘેરથી કશુંય ના લાવે, બધું જ હું લાવીશ.”

પછી એક દિવસ બાપાના ગાડામાં બેસીને જીવી બનેજડામાં આવી. બારોબાર એ પાટીદાર-લત્તાવાળે ભાડાને પતિ-ઘેર આવી ઊતરી પડી. એ ગાડાને કાઠે એક ભેંશ બાંધી હતી, તે છોડીને ફળીમાં બાંધી. બાપે જોડે બંધાવેલ આઠ મણ દાણા ગાડામાંથી ઉતારીને ઘરના એક ખૂણામાં મૂકી દીધા. એ દાણા પોતે ખાધામાં વાપર્યા નહીં. વળતા જ દિવસની વહેલી પરોઢથી.... “ઊઠો, સીમની વેરા થઇ ગઇ...” એવો ટહુકો કરતી મથુરને પથારી છોડાવતી, વહેલી જાગીને પોતે કરેલા રોટલા લઇ મથુરની જોડે જીવી સીમમાં જાય, બેઉ જણાં મજૂરી કરે; બપોરે મથુરને ભાવથી ભાત ખવરાવેને પોતે ખાય; પાછાં કામ ખેંચે; સાંજે પતિને સાથે જ લઇ ઘેર

પાછી ફરે... ઘડી પણ ગીલો ન મૂકે. ઘેર આવી, પાણી ગરમ કરી મથુરના પગ ઝારે, જમાડે અને પથારીમાં બેસારી "સુવો તમ-તારે નિરાંતે..." એમ કહેતી જીવી ગામમાં જાય, વળતા દહાડાની સાંથ (ખેતરની મજૂરી) શોધી લાવે - પણ વર વહુની બંનેની જોડે મજૂરી જ્યાં મળે ત્યાં જ જવાનું: જુદાં તો પડવાનું જ નહીં. ખેતરની મજૂરી કરતાં કરતાં બાપે આપેલ ભેંસનું વલોણું કરે, અને એનું ઘી વેચી નાણાં કમાય.

પણ મથુરને તો મા બાળકની જેમ લગીરે રેઢો ન મેલે: રખે મથુર ચોરીમાં મન ખૂંચાડી બેસે ! ચોરી પકડાય ! ઘેર પોલીસ આવે ! લબાચા ચૂંથે ! મથુરને મારઝૂડ કરે ! એ બધું શે દીઠું જાય મૂવું !

મોસમ પૂરી થઇ. સીમની મજૂરી બંધ પડી. હવે શું કરવું ! સાસરિયાનું કે પિયરિયાનું તો કંઇ સ્વીકારવું જ નથી, એક દાણાનો કણ સુદ્ધાં ઘરમાં આણવો નથી. એ કણ ખાધેય ક્દાપિ બુદ્ધિમાં ચોરી પેસે તો શું થાય ? ઘેર પોલીસ આવે, ઘર ચૂંથાય, મથુરને મારતા મારતા... જેઠ મહિનો આવ્યો. જીવીએ પોતાની પાસેની બચત ગણી જોઇ. એમાંથી એક જ બળદ લેવાય તેમ હતું. એક તો એક ! બળદ લીધો. અને પછી પોતે ગામમાં તપાસ કરી રાત્રીએ મથુરને જણાવ્યું, “.... ખેડુ સાથે આપણે સૂંઢેલ કરી છે: એક બળદ એનો, ને એક આપણો; ગાડું એનું. અને આપણા તરફથી તમે પોતે; માંડો ખેતરની ખેડ કરવા.”

મથુર કંઇ બહુ વિચાર કરી શકે તેવો નહોતો. એને વિચાર કરવાની જરૂર પણ નહોતી રહી. પથારીમાં પડ્યો પડ્યો એ તમાકુ પીતો રહ્યો. મથુરે ને જીવીએ મળી એ મોસમમાં ખેતર ખેડી, વાવેતર કરી પોતાના હિસ્સાનો ઠીક ઠીક દાણો મેળવી લીધો. અને વિશેષ જે બચત રહી તેમાંથી બીજો બળદ તેમ જ ગાડું પણ ઘરનું વસાવી દીધું.

મોસમ ખલાસ થઇ. મથુર, બળદો અને ગાડું નવરાં પડ્યાં. પણ એ નવરાશ જીવીને તો ચટકા ભરવા લાગી. એની નજર ચોમેર ફરી વળી, અને નવરાશ વેળાનું સરસ કામ સૂઝી ગયું. પેટલાદ ત્યાંથી સાત ગાઉ

થાય. ગામનું હટાણું પેટલાદ રહ્યું, એટલે વેપારીઓનાં ભાડાં મળી શકે. પણ મથુરને એકલો પેટલાદ મોકલવામાં કેવુંક જોખમ કહેવાય, એ જીવીએ વિચારી જોયું. મથુર પર આટલા દહાડા પછી ઠીક ઠીક વિશ્વાસ બેઠો હતો. જીવીએ નક્કી કરેલ મર્યાદાને મથુરે મૂંગે મોંએ અને આનંદભેર પાળી બતાવી હતી.

‘જોઉં તો ખરી ! પારખું તો લઉં! એકલો મેલી તો જોવા દે, જીવ ! એમ પૂરી રાખ્યે શો દા’ડો વળશે! એને દાસ બનાવવામાં જીવતર ક્યા રસથી જિવાશે?’ વિચારીને જીવીએ તે જ રાતે ગામના એક વેપારીનું ભાડું બાંધ્યું,

અને આવીને મથુરને જાણ કરી. એ તો જીવી કહે તેમ કરવામાં ઊંડો આત્માનંદ અનુભવી રહ્યો હતો.

“પણ પેટલાદ જઇ કશું જ બજારુ ખાવાપીવાનું નહીં, હાં કે !” જીવીએ શિખામણ ગાંઠે બંધાવી. અને રાત જાગી ઢેબરા તળ્યાં.

વહેલી પરોઢે જીવીએ મથુરને જગાડ્યો, રોટલા ખવરાવ્યા, ને ઢેબરાં કરી રાખેલ તેનું ભાતું ભેળું બંધાવ્યું. “ને લો, આ ચલમ-સૂકાની પડતલી લેતા જાઓ ત્યાં કનેથી કશું જ ખરીદતા નહીં.”

કહી ફરી પાછી ગાંઠ વળાવી. પોતે જ બળદ જોતરી દીધા, ને મથુર ગાડે

ચડી ચાલી નીકળ્યો ત્યારે પોતે ભાગોળ સુધી વળાવવા ગઇ. ભલામણ કરી કે, “સાચવીને વેળાસર આવજો.” સાંજે પાછી પોતે ભાગોળે જઇને ઊભી રહી. ગાડું પેટલાદથી પાછું આવી પહોંચ્યું, અને મથુરને સાજો નરવો નિહાળી જીવીએ શ્વાસ હેઠો મૂક્યો.

“હવે તમે-તમારે જઇ પહોંચો ઘેર, ને ગરમ પાણી તૈયાર મેલ્યું છે તે નાહી લો. ત્યાં હું ગાડું લઇને આ આવી સમજો !”

એ રીતે મથુરને ઘેર મોક્લી, પોતે વેપારીની વખારમાં તમામ ભાર ઠાલવી, ગાડું હાંકીને પોતાને ફળિયે આવી; બળદોને બાંધી દઇ, ચાર નીરી અને નાહી ઊઠેલા મથુરને નિરાંતે જમાડી પથારીમાં ઊંઘાડી દીધો.

પેટલાદનાં ભાડાં તો જીવીને વારંવાર મળતાં થયાં. દરેક વેપારીને જીવીનું ગાડું ભાડે લઇ જ્વું ગમતું હતું. ગાડું ભાડે મોકલવામાં જીવીએ જે ક્રમ પહેલી જ ખેપમાં ધારણ કર્યો હતો,તે જ ક્રમ વર્ષો સુધી ચાલુ રહ્યો: મથુરને વહેલો સુવાડવો, વહેલો જગાડવો, પેટપૂરણ જમાડવો, ભેળાં ઢેબરાં બંધાવવાં, ચલમનો સૂકો-ગડાકુ પણ સાથે આપવાં, ભાગોળ સુધી વળાવવા જવું... સાંજે ભાગોળે જઇ વાટ જોવી. થાક્યા પતિને ઝટ ઘેર પહોંચાડી દઇ વેપારીને વખારે માલ પોતે જ ઉતારવો. અને પછી ખાલી ગાડું હાંકી ઘેર લાવવું; બળદને બાંધી નીરણપૂળો કરવો; મથુરને ગરમ પાણીએ નવરાવવો, જમાડવો અને ચોખ્ખીફૂલ પથારીએ નિરાંતે

ઊઘાડવો.

ચોરી, લૂંટો અને ખૂનોના બદલામાં કંઇક પાટણવડિયા અને પાટીદારો જાનથી ગયા હતા, જેલમાં ઓરાયા હતા, ધનોત-પનોત થઇ ગયા હતા; કંઇક પાટણવાડિયાઓને ઘેર રુદન અને અશ્રુધારા ચાલતી હતી. તે વખતે બનેજડા ગામમાં એક મથુરને આંગણે જીવીએ આઠ ભેંસો કરી હતી, અને ચરોતરની સોના સમી ત્રીસ વીઘાં જમીન વસાવી લીધી હતી. જીવીને ઉંબરે કદી પણ પીળો ડગલો ડોકાયો નહોતો. જીવીના વર મથુરને કોઇ પોલીસે કદી બાંધ્યો , માર્યો કે થાણે ઉપાડ્યો નહોતો. જીવીનો મથુર રાતે ઊને પાણીએ નાહી, રોટલા જમી, ચોખ્ખી પથારી પર બેઠો બેઠો મોજ

કરતો હતો. અને જીવીએ મથુરને ચાર બાળકોની પ્રભુ—ભેટ આપી હતી. જીવી આઘેડ થઇ ગઇ હતી. જીવીને ગામલોકો –પાટણવાડિયા, પાટીદારો તેમ જ લુહાણા; તમામ –'જી બા' કહી બોલાવતાં; અને તેઓ કહેતાં કે, "જી'બાને અમે દહાડે કદી ગામમાં દીઠાં નથી; દન ઊગ્યા પૂર્વેથીતે દન આથમ્યા લગી જી'બા સીમમાં હોય છે."

* * *

એકવાર ગુજરાતમાં રેલ-સંકટ અવ્યું હતું. કાંઠાનાં ગામડામાં ઘરો પડી ગયાં હતાં. લોકોને ખાવા મૂઠી ધાન નહોતું. તે દિવસોમાં જીવીને આંગણે રવિશંકર મહારાજ આવી ઊભા રહ્યા. જીવી મહારાજને પગે લાગી. એ

કહેવાતા હતા ‘વટાદરાવાળા મહારાજ’ જીવીના મહિયરના ગામ વટાદરાને ‘મહારાજ’ પર અતિ પ્રીત હતી.

”અરે જી’બા ! ઘૂમટો ઢાંકીને પગે લાગી છેટે ઊભી રહેલ આધેડ વયની જીવીને રવિશંકર મહારાજે કહ્યું, “તું તો મારી બૂન કહેવાય. તું હજુય મારી લાજ કાઢીશ?”

“તમો તો, દાદા, માવતર છો,” જીવીએ કહ્યું, “પણ લાજ રાખી તે રાખી; હવે વળી જતે જનમારે ક્યાં છોડું !” કદાવર, ગોરી અને આધેડ જીવી જ લજ્જા પાળતી, તે વડે એ મૂર્તિમંત મહી માતાનો ભાસ કરાવતી.

“જી’બા !” દાદાએ કહ્યું: “દાણા આલીશ ?”

“અરે મહારાજ, દાણા ક્યાં છે ? મારી કને તે કેટલાક હોય !”

એમ કહેતી જી’બાએ મહારાજને પુષ્કળ અનાજ ઘરમાંથી કાઢી આપી કટોકટીને ટાણે લોકોને બચાવવામાં મૂંગી મદદ કરી.

* * *

એક દિવસ મથુરનો દેહ પડ્યો, જીવી પોતાના ભીતરમાં કેટલું રડી હશે, કેટ કેટલું સંભારીને આંસુડે ગળી હશે, તે તો કોઇને ખબર નથી. પણ આટલું જાણ્યું છે લોકોએ કે જીવીએ મથુર પાછળ કંઇક પુણ્ય કરવાની

ઇચ્છા ધરાવી; અને, ઝાઝી કશી ગતાગમ ન હોવાથી, એણે ગામલોકોને ભેળાં કરી સલાહ લીધી.

“જી બા!” ગામલોકોએ સાદો, પોતાને જાણીતો હતો તે, માર્ગ બતાવ્યો, “પરબડીમાં આલ્ય  ને !” ગામનાં પંખીડાંની પરબડી પાછળ (ચકલાની ચણમાં) જી’બાએ પોતાની સૌથી સારી ચાર વીઘાં જમીન અર્પણ કરી. આજે એ જીવી - જી’બા - જીવે છે. પંચાવનેક વર્ષની વય છે. ગૌરવરણાં, રૂપાળાં, કદાવર અને લજ્જાળુ જી’બા હજુય મોટેરાઓની લાજ ઢાંકે છે.

# બાબર દેવા

એ જુવાનને લોકો ‘ભગત’ કહી બોલાવતા. ‘ભગત’ ને ગોતવો હોય તો ભજનની મંડળીઓમાં જઇ મળવું. ભજનો થતાં હોય ત્યાં ‘ભગત’ અચૂકપણે પહોંચી જાય. એક દિવસ એવો આવ્યો કે ‘ભગત’ને મળવા માટે ભજનમંડળીએ નહીં પણ જેલે જવું પડે.”

“કાં, અલ્યા ભગત !” પેટલાદ જેલના જેલરે આ જુવાન કેદીને ખબર આપ્યા, “તારી મુલાકાતે આવી છે તારી મા હેતા.”

મા-દીકરાને મુલાકાતે વળગાડીને પોલીસો માંહોમાંહે વાતો કરતા હતા,

“ઓરતો તો ઘણી દીઠી; પણ આવી આ હેતા તો ભયંકર છે. આવું તો કોઇ રૂપ દીઠું નથી.”

“છોકરો તો બાપડો એની મા આગળ બચોળિયું લાગે છે. ભજનો ગાતે ગાતે લગાર વળી એણે ચોરીનો સ્વાદ લીધો; બાકી, કંઇ વધુ વેત નથી બળી લાગતી !”

“ના રે ના ! પણ મા તો જુઓ ! દા’ડે ય દેખીને ફાટી પડીએ ને ! ”

આ દરમિયાન ‘લોક’પ’ના જાડા સળિયાની પાછળ ઊભો ઊભો આ ‘ભગત’ પોતાની માને છેલ્લા બોલ ફક્ત આટલા જ સંભળાવીને ચૂપ રહ્યો,

“તું તારે જા હવે. ને મારે માટે કાલે સાંજે શેવો કરી રાખજે; હું શેવો ખાવા આવી પહોંચુ છું.”

“તારે ઠીક પડે તેમ કરજે, પણ મુખીનો ત્રાસ હવે સહ્યો જતો નથી, હો બાબરિયા !”

એટલું કહી મા ગઇ. પેટલાદની લૉકપમાં શાંતિ છવાઇ ગઇ. અને ગાયકવાડી ગામ કણિયાના પાટીદારને ઘેરથી ચોરી કરી પકડયેલો ‘ભગત’ તુરંગમાં બેઠો બેઠો ભજનની ટૂંકો ધીરે ધીરે ગણગણતો રહ્યો

કાયા મેલી ના જાયેં, મારા હંસલા !

કાયા મેલી ના જાયેં રે, હાં-જી-હાં.

વળતે દિવસે હોળીનું પર્વ હતું. સાંજે ગામ-ભાગોળે હુતાશની પ્રગટાઇ તે ટાણે પેટલાદથી ત્રણ ગાઉ દૂર ગોરેલ ગામના પાટણવાડિયા વાસને એક ઘેરે ઉંબરામાંથી અવાજ સંભળાયો, “કાં, માં, શેવો તૈયાર છે ને? ઝટ લાવ, ખઇ લઉં - પોલીસ મારી પાછળ જ છે.”

મા હેતા શેવનું મિષ્ટાન્ન રાંધીને જ બેઠી હતી. “આવ્યો, ભગત !” એમ કહીને એણે ઠામમાં ઝટ ઝટ પીરસેલી શેવ લુશ લુશ ખાઇને એ જુવાન ધારિયું લઇ, કમ્મરે છરી બાંધી બહાર નીકળી ગયો. સાંજે પાંચ વાગ્યે એ પેટલાદની તુરંગમાંથી નાઠો હતો.

તે જ રાત્રીએ ગોરેલની બજાર વચ્ચે એ 'ભગતે' ગામના મુખીને જાનથી માર્યો. એ ક્યાં જઇ ભરાયો છે તેની કોઇએ ભાળ લીધી નહીં. સને 1919નું વર્ષ, ચરોતર જેવો ધારાળાઓની કોમે ખદબદતો મુલક; મહી-વાત્રકનાં ઊંડાં ખાતરાંઓમાં સાડા પાંચ ફૂટનું એક માનવપ્રાણી લપાઇ જાય તેની કોઇને નવાઇ  નહોતી. સરકારે બાબરની માને અદાલતમાં ખડી કરી મૅજિસ્ટ્રેટની સામે, એ ભયંકર હેતા બોલી ઊઠી, "હજુ એક દીપડું છૂટું મેલ્યું એમાં આટલા અકળાઓ છો, ત્યારે મારા પાંચ શી-લંકાને છૂટા મેલીશ તે દા'ડે શું કરશો ?" ('શી-લંકા' એટલે સિંહના જેવી કટિવાળા દીકરા !)

- -

થોડા મહિના - અને એ જ ગોરેલ ગામમાં એ જ ‘ભગતે’ એક આદમીને એને ઘેર જઇ, શરીરમાં તલવાર ઘોંચી દઇ, ઢસડતે ઢસડતે ભગોળે લઇ જઇ ઠાર માર્યો. લોકોને ખબર પડી કે સગા કાકાને જ ભત્રીજે ઠાર માર્યો. એક ચોરી, તુરંગનું તૂટવું અને બે ખૂન - એ ચાર ગુનાઓએ ચરોતરના મુલકને ચકડોળે ચડાવ્યો. જિલ્લાની અને વડોદરાની - બંને પોલીસની દોડધમ મચી ગઇ.

તેવામાં થોડા મહિના પછી એક દિવસે, ગામ જોગણમાં એક પાટણવાડિયો પોતાના ઘરને આંગણે બેઠો છે, ખોળામાં નાનું બળક ખેલી રહ્યું છે, સામે

ઊભી ઊભી એક બાઇ – એ બળકની મા અને એ આદમીની ઓરત - કંઇક કામ કરે છે, તે વખતે ‘વોય બાપ !’ એવી બૂમ પાડતો એ બાળ રમાડતો આદમી હેબતાઇ ઊઠ્યો. અને ઓરત ખડકી તરફ જુએ તો એક જુવાન ઊભો છે, હાથમાં ભરેલી બંદૂક છે.

“છૈયાને લઇ લે, ફૂઇ !” બંદૂકધારી જુવને શાંત શબ્દોમાં બાઇને સૂચના આપી.

પણ ફુઇ ન સમજી. “અરે, ભગત !” એટલું કહીને એ પોતાના બંદૂકધારી ભત્રીજાની સામે જોઇ રહી.

“છૈયાને લઇ લે મારા કુવાના ખોરામાંથી ! “બંદૂકિયાએ ફરી આંખો ફાડીને કહ્યું. કુઇ હેબતાઇ ગઇ, ધણીન ખોળામાંથી બાળકને ન ઉઠાવી શકી.

ધુ...ઉ...મ ! બંદૂક છૂટી. ખોળામાં બાળક છતે એ પુરુષને વાગી. પુરુષ ઢળી પડ્યો. બાળક જીવતું રહ્યું. બંદૂકિયો નાસી ગયો. સગા કુવાને ઠાર કરનાર એ ‘ભગત’ બાબર દેવા હતો.

ત્રીજું ખૂન - અને બાબર દેવા બહારવટિયો જાહેર થયો. ભજનોની મંડળીમાં બેસનારો એક કંગાલ પાટણવાડિયો જુવાન ‘બહારવટિયો બાબર દેવો’ એવા બિહામણા નામે ઓળખાવા લાગ્યો. બાબર દેવાની ટોળી બંધાઇ ગઇ. લૂંટફાટને ખૂનોથી આખો મુલક સૂપડે સોવાઇ રહ્યો, ચરોતરની ધરતીમાં

ધૂંધૂંકાર ચડ્યા. પોલીસને બાતમી દેવાની શંકા માત્રથી પણ બાબરિયો પોતાના સગા કાકાને અને ફુવાને ઠાર મારી ગયો. એ વાતથી માણસોના ગાઢ વછૂટી ગયા.

બાબરનાં માબાપને અને ત્રણ જુવાન ભાઇઓને પોલીસે પકડી વિજાપુર ‘ક્રિમિનલ સેટલમેન્ટ’ માં મૂકી દીધા. એમની જમીન ખાલસા કરી. એમનાં તમામ મકાનો તોડી નાંખ્યાં - તેમાંથી સાચાં મોતી નીકળ્યાં કહેવાય છે. બાકી રહ્યા બાબરના બે બાળક ભાઇઓ. એની તપાસે ચડેલી પોલીસ પત્તો ન મેળવી શકી. એને કોઇકે છુપાવ્યા હતા. પકડો બાબરિયાનાં સર્વ સગાંને!

એને બહેન છે; ક્યાં છે? ઝારોળા ગામે પરણાવેલી છે. પકડો એને! પણ એ ઝારોળે હતી નહીં. ક્યાં ગઇ! રહેતે રહેતે જાણ થઇ, બાબરિયાની ટોળી ભેગી એક ઓરત પણ લૂંટમાં દેખાય છે, એ એની ઝારોળાવાળી બહેન જ છે.

---

બાબરના બહારવટાને વરસેક વીત્યું હશે. બહેનને વિશે છણભણ છણભણ વાતો ચાલતી હશે. એ વાતો એક દિવસ ભાઇને કાને આવી પહોંચી.

”અલ્યા ભગત!” બાબરના સાથી જગા ઊમઠે એક વાર જંગલના

રહેઠાણમાં બાબરને એકલો દેખીને કહ્યું, “તું મોટો આવો ફરછ, પણ…”

“પણ શું?” બાબર જગાને થોથરાતો જોઇ બોલી ઊઠ્યો.

“કશું નહીં.”

“ના, કહે જે પેટમાં હોય તે.”

”લેને ત્યારે કહી દઉં, પેટમાં રાખ્યે શો સાર! તું અવો મોટો ફરછ, પણ તારી બે’ન તો તરકડાને જવા બેઠી છે.” વાતની ચોખવટ થઇ, બહેન એક મુસલમાન સિપાઇ સાથે હળી ગઇ છે ! હવસ આંધળો છે: કોઇક દા’ડો સગા ભાઇનેય સોંપી દેતાં વાર નહીં લગાડે .

વાત સાચી હો કે ખોટી, બાબરને વહેમ પડી ગયો કે બહેન કોઇક દા’ડો દગો દેશે - બહેન ખૂટશે!

એક દિવસ ઝારોળાથી એક માઇલે અવેલા ચૂવા ગામના ખેતરમાં બાબર પડ્યો હતો. બહેન આવી ભાઇની પાસે બેઠી, આડીઅવળી વાતો કરવા લગી. વાતો કરતે કરતે એ બાબરની બાજુમાં પડેલી એની બંદૂક હાથમાં લઇને તપાસવા લાગી. ભાઇના મનમાં ઘોળાતો વહેમ સજ્જડ થયો.

”એમ ન જોવાય બંદૂક... એંહ, આમ જો - આમ... જોવાય.” એમ કહેતે કહેતે બહેનના હાથમાંથી બંદૂક સેરવી લઇને એણે બહેનના કપાળમાં નોંધી, છોડી: બહેનની ખોપરીનાં કાચલાં થઇ ગયાં.

"હેં, ભૈ ?"

"બોલો, ભૈ !"

"ભગત તો હવડાં કાંઠામાંથે આ પાર આપણા તાલુકામાં ઊતર્યા છે ને ? તો મારે ઘેર ઇમનાં પગલાં ના કરાવો?"

ભાઇ કહે, "શા સારુ ના કરાવું ? જરૂર કરાવું."

"તો લાવો ને; મારે ભગતનાં દર્શન કરવાં છે."

'ભગત' ઉર્ફે બાબર દેવા, જે ખેડા જિલ્લો છોડી, મહી નદી પાર કરી હમણાં ભરૂચ જિલ્લામાં ઊતર્યો હતો, તેને પોતાને 'ઘેર પગલાં કરાવવા' ના

ઇંતેજાર માસર ગામના એક આગેવાન હતા. એમનું ઘર મેડીદાર હતું. અને ‘ભગત’ ની પોતાને ઘેર પધરામણી કરાવવાની જેની કને આ આગેવાને અરજ ગુજારી તે અને એનો ભાઇ - બેઉ ‘ભગત’ ના ભાઇબંધો હતા. ‘ભગત’ની સાથે ફરતા, ‘ભગત’ને સંતાડતા, ખવરાવતા-પિવરાવતા.

એ રાત્રિએ ભાઇબંધે બાબરને જલાલપરના પેલા આગેવાન પાટીદારને આંગણે આણીને પગલાં કરાવ્યાં. મકાન ઉપર મેડો હતો. મેડા પર  ઓટલે બેસારીને આગેવાને ‘ભગત’ને ભોજન કરાવ્યું. ને પછી સંતૃપ્ત પરોણાને પોતે જ અરજ કરી, “મારું એક કામ કરી આલો, ભગત ?”

"હોવે, કરી આલું." બંદૂકધારીએ કૃપા બતાવી.

"એ બદલ હું તમને, ભગત, રૂપિયા પાંચશે આલું."

"હા, કહો ત્યારે."

"અમારા ગામના, ભાઇ મારા હરીફ આગેવાન છે, તેનો કાંટો કાઢી નાખો."

બાબરને લાવનાર મિત્ર આભો બન્યો.પણ બાબરે માથું હલાવ્યું, "વારુ, એ કાઢી નાખું - પણ સામે મારુંયે કામ કરી આપવાની શરતે."

"કહો."

"ભટ ફોજદારે મને પકડવાનું બીડું ઝડપ્યું છે, એને મારે ઠાર કરવો છે.

તમારે ત્યાં એને તેડાવી દો.”

આગેવાન પાટીદારે સોદો વિચારીને જણાવ્યું: “હોવે, બોલાવી દઉં.”

સામસામાં બે કરપીણ ખૂનનો સોદો થયો. બાબરે રજા લીધી. રસ્તે ભાઇબંધે બાબરને ઊંચકાવ્યો :

“હાળા, તું પણ મૂરખ છે ના ! પેલો સામાવાળો પણ આપણને તો ખપનો છે. એને મારવાની તેં શું જોઇને કબૂલાત આપી, હાળા?””

“પણ મારે ભટ ફોજદારને મારવો છે, તેનું શું થાય ? “

“તે ભટને મારવો હોય તો હીંડને, આપણે જઇને મારીએ.”

"દબકે જઇને ?"

"લે, હીંડ ત્યારે."

"હીંડો."

ડબકા ગામને પોલીસ-થાણે બેઉ ભાઇબંધ રાતોરાત પહોંચ્યા. કચેરીમાં ફાનસ બળતું હતું. એક અમલદાર બેઠો બેઠો લખતો હતો. બાબરે બંદૂક ફટકારી, લખતો અમલદાર ઢળી પડ્યો. ખૂનીઓ નાઠા. પોલીસ પાછળ પડી. બંદૂકોની ધાણી ફૂટી. એક પોલીસની ગોળી બાબરના પગમાં વાગી. એને ઊંચકીને એના સાથીદારો જલાલપુરના છોટા નામના લવાણાને ઘેર લાવ્યા. પાદરેથી ડૉકટર બોલાવ્યો. તેણે બાબરના પગમાંથી ગોળી કાઢી.

ત્રણ મહિના સુધી બાબર ભાઇબંધ છોટા લવાણાના ઘરમાં પરદે રહ્યો. પડ્યા પડ્યા એને ખબર પડી કે ડબકા પોલીસ-થાણે જેને પોતે ઠાર કર્યો તે ભટ ફોજદાર નહોતો, પણ બાપડો નવાણિયો જમાદાર ટિપાઇ ગયો હતો: ભટ ફોજદાર તો તે જ રાત્રીએ ગામમાં ફેરણી પર ગયો હતો.

એ ખૂનમાં પાટણવાડિયો મિત્ર પકડાઇને બત્રીસ વર્ષની ટીપમાં ગયો. બાબર સલામતી માણતો ભાઇબંધ છોટા લવાણાને આશરે રહ્યો. છોટાની સ્ત્રી મણિને બાબરે બહેન કરી. ત્રણ મહિને સાજો થઇને બાબર તુંડાવ ગામ ગયો. ત્યાં તુંડાવમાં પણ એનું આશ્રયસ્થાન એક પાટીદાર મુખીનું ઘર હતું મુખી પોતે તો હતો ભગત જેવો. પણ એના બે દીકરા’ભગત’ની

ભક્તિમાં ભેરુબંધો હતા.

- - -

બત્રીસ વર્ષની ટીપમાં ધકેલાઇ ગયેલા પાટણવાડિયા મિત્રના ભાઇએ એક રાતે તુંડાવ આવીને બાબરને કહ્યું, “ભગત, મારો ભાઇ તો તારે પાપે ગયો. હવે કંઇ એ કેદમાંથી જીવતો પાછો આવે નહીં. પણ એની છોડીઓનું શું?”

“શું કહો છ,...ભઇ?”

“કહુંછું ક એની છોકરીઓને વરાવવા-પરણાવવાનું શું?”

“જો, ભઇ !” બાબર પોરસમાં આવી ગયો,” ... ભાઇની દીકરી એ મારી જ દીકરી. હું એને પરણાવીશ. તું - તારે આપણી ન્યાતમાં સારામાં સારો વર

શોધી કાઢ. એકથી લાખનો ખરચ થશે તે હું આલીશ.”

આ વાત લઇને પાટણવાડિયો ક્યાં ગયો? વડોદરાના પોલીસ કમિશનર કને. આ કાંઇ પોતાના ભાઇની છોડીને પરણાવવાની વાત નહોતી: બાબરને પકડાવી દેવાનું કાવતરું હતું. બાબર અજિત બન્યો હતો. એનો કોઇ પત્તો નહોતો. એના ઠામઠેકાણાની બાતમી સીસવા ગામના એક પાટણવાડિયા પાસેથી માંડ માંડ મળી હતી. આ પાટણવાડિયો જબરો નિશાનબાજ હતો. ચોરીઓ કરતો કરતો કેદ પકડાઇ, એક પોલીસને ઠાર મારી, જેલમાંથી નાસી જઇ બાબરની ટોળીમાં ભળેલો. પછી સીસવાના દરજીના ઘરમાંથી હાથ આવેલો. એની પાસેથી બાતમી મળી હતી કે

બાબરના સાગરીત કોણ કોણ હતા. એ બાતમીને આધારે પેલા પાટણવાડિયાની ગરદન ઝાલી પોલીસ કમિશનરે ફાંસલો ગોઠવ્યો હતો. એક કૂંડાળું કરી, વચ્ચે ઘીનો દીવો મૂકી, પછી પોલીસે એ પાટણવાડિયાને કહ્યું હતું કે, “ઉપાડ દીવો, ને વચન આપ કે, બાબરને પકડાવીશ.” કૂંડાળું, દીવો - એ બધું પોલીસને મન તો ફારસ હતું, પણ પેલા પાટણવાડિયાને મન એ દીવો ને કૂંડાળું પવિત્ર હતાં. એણે દીવો ઉપાડ્યો હતો. પછી એ ભત્રીજીનાં લગ્નની પોલીસે રચેલી વાત લઇને બાબર પાસે ગયો હતો.

પોલીસ સાથે સંતલસ કરીને ફરી પાછો એ પાટીદાર બાબર પાસે ગયો

કહે કે, “છોડીને માટે અમુક ઠેકાણું શોધી કાઢ્યું છે, રૂપિયા બે હજાર જોઇશે.”

“વારુ લે-હું છોટિયા પર બે હજારની ચિઠ્ઠી લખી આલું.”

ચિઠ્ઠી લઇને પોલીસ પાસે પહોંચેલો એ ભાઇબંધ ફરી બાબર પાસે આવ્યો, કહે કે, “છોટિયો કહેવડાવે છે કે, ‘કોઇ બીજાને રૂપિયા ન આલું: તને એકને જ હાથોહાથ આલું. અહીં આવીને લઇ જા. પણ નક્કી દને ને વખતે આવવાનું કરે તો તે મુજબ હું રૂપિયા લાવી હાજર રાખું, કારણ કે હું ઘરમાં જોખમ નથી રાખતો.. પાદરેથી શરાફના લાવીને રાખવા પડે, ને તું ના

આવે તો મારે રૂપિયા પાછા આપી આવવા પડે. ઘરમાં જોખમ ના રખાય.”

“વારુ!” બાબરે ભાઇબંધ પાટણવાડિયાની સાથે ચોક્કસ દિવસ ને વેળા જણાવી મોકલ્યાં. એ ખબર લઇને આ ભાઇબંધ છોટિયા લવાણાની પાસે શીદ જાય! વડોદરે જ ગયો.

તે પછી થી ચોક્કસ દિવસે વડોદરાના વિશ્વામિત્રી સ્ટેશનેથી પાદરા સુધી દોડતી સાંજની ટ્રોલી પાદરા થોભી જવાને બદલે આગળ વધી. ભોજ સ્ટેશન અને મોભા સ્ટેશનની વચ્ચે અંતરિયાળ એ ટ્રોલીનો વેગ ધીરો

પડ્યો, અને એના એક ડબ્બામાંથી સૂર્યાસ્ત પછીના પ્રથમ અંધકારમાં સંખ્યાબંધ માણસો ઊતરી પડ્યા.

એ મંડળીને લઇને આગેવાન ખેતર સોંસર આગળ વધ્યા. થોડી વારે આખું મંડળ ગાયબ બન્યું. એ હતા વડોદરાના પોલીસકમિશનર અને એમના પચીસ-પચીસ જોડીદાર : ચુનંદા, ચૂંટીને લીધેલા. જલાલપુર ગામમાં એ મંડળી કોઇ ન જાણે એમ ગોઠવાઇ ગઇ.

* * *

છોટિયા લુવાણાના ઘરમાં એક દીવો ટમટમી રહ્યો છે. બારણાં અંદરથી બંધ છે. બારણાંને સામોસામ અંદર જે હિંડોળો છે તે રોજની માફક ધીરો

ધીરો ચાલી રહ્યો છે. હિંડોળે એક માનવી બેઠું છે. તે અંગ પર પહેરવેશ સ્ત્રીનો છે. છોટિયાની વહુ મણિનું એ હંમેશનું આસન છે. “મણિબોન !” રાત સારી પેઠે અંધારી ગઇ હતી તે વેળાએ બહારથી બારણે એક તદ્દન હળવો ટહુકો પડ્યો, “મણિબે’ન, ઉઘેડો !”

બારણાં ઊઘડ્યાં, ઉઘાડનાર સ્ત્રી-વેશી માનવી પીઠ વાળીને ત્વરિત ગતિએ પાછું વળી ગયું.

ઉઘડાવનાર આવેતુ બે જણ હતા. એમાં એક, કે જેણે ‘મણિબે’ન ! ઉઘાડ !” એમ કહ્યું હતું તે, બારણામાં પેઠો; પણ પેસતાં તરત જ ખચકાઇ જઇ પગ પાછો બહાર લેતોક, સાથીદારને કહી ઊઠ્યો “અલ્યા, દગો લાગે છે !”

“હવે દગો તે શાનો, હાળા ! ઝટ માંઇ પેસને !” ને એમ કહેતેકને સાથીદારે પેલા’દગો’ કહેનારને અંદર ધક્કો દઇને એટલા જોરથી હડસેલ્યો કે આદમી બારણાની અંદર ભૂસ દઇને પટકાઇ પડ્યો. એ પાછો ઊઠે તે દરમિયાન તો બારણાની બેઉ બાજુથી બે જણા એના પર તૂટી પડ્યા, અને બાથ ભરી ગયા. પડનાર એટલો જોરાવર હતો કે બાથંબાથા મચી,

ધમાચકડી બોલી. ત્યાં તો અંદરના બીજા ઓરડામાંથી બીજા છુપાયેલા દોડ્યા.

બારણામાં બે જણની બાથથી પટકાઇ પડનારો બાબર દેવો હતો. ઓરડે ઓરડેથી ધસી આવનાર શસ્ત્રબંધ પોલીસો હતા. છેવટે સૌએ મળીને એક બાબરને દબાવી દીધો. બાબરને અંદર હડસેલી દઇને બહારથી જ નાઠેલા માણસની પાછળ તબડકી થઇ. જલાલપુરની સીમમાં તે વખતે વેલડું લઇને બે આદમીઓ બેઠા હતા. ગામમાં બંદૂકોની ફડાફડી બોલી તે એમણે સાંભળી, લોકોનો દેકારો સાંભળ્યો. તેઓ પામી ગયા, વેલડું જોડીને નાઠા.

* * *

'મેં બે'ન કહેલી મણિ શું ખૂટી?' બાબરની એ શંકાનું તો તરત સમાધન થઇ ગયું: પોલીસે છોટાને અને મણિને તો બાજુના ઘરમાં પૂરી રાખ્યાં હતાં. હિંડોળે બેસીને મણિનો પાઠ ભજવનાર ને બારણાં ઉઘાડનાર એક પોલીસ હતો. જેના તાપથી ચમરબંધીઓના પણ ગાઢ વછૂટતા હતા, તે બાબર દેવાને જ્યારે 1923માં ફાંસીને માંચડે ચડાવવા લઇ ગયા ત્યારે એ પોકે પોકે રડી પડ્યો.

"હેઠ, મારા હાળા નામર્દ !" ડભલો બહારવટિયો તે વખતે બોલી ઊઠ્યો, "આપણે પારકાંનાં ખૂન કરતા'તા તે દા'ડે શું ન'તી ખબર કે એક દન આપણે ચડવાનું જ છે ! ખબર તો હતી, તે છતાં આજ રડવા બેઠો છે !"

પણ એવા મહેણાની ચાનક બાબર દેવાને ચડી નહીં. એ તો ઢગલો થઇને ધરતી પર બેસી ગયો. એને પકડી, ઊંચકી, ફાંસીનું દોરડું બળજબરીથી ગળામાં ઘાલીને લટકાવવો પડ્યો.

# પાંચ દિવસની જંગમ વિદ્યાપીઠ

## *કરડા સેવક નથી*

જેનું  નિર્માણ હવે ઝાઝું દૂર નથી તે ગુજરાત યુનિવર્સિટીના સર્જકોને મારી આ ભલામણ છે કે, તમારા પ્રત્યેક વિદ્યાર્થીને છેલ્લી પદવી આપતાં પહેલાં એક શરત મૂકજો :ગુજરાતના ચોક્કસ પ્રદેશો પૈકીના એકાદનું પર્યટન તો તેણે કર્યું હોવું જોઇએ.

29 વર્ષની જૂની મારી ‘બી.એ.’ ઉપાધિને મેં આ પ્રવાસથી પાકી થયેલી માની છે. ગુજરાતના પગપાળા પરિવ્રાજક અને નિરંતર ચલનશીલ લોકસેવક મહારાજ રવિશંકર દાદાએ મને ફક્ત ચાર દિવસ અને પાંચ રાતનો એક ટૂંકો પ્રવાસ કરાવ્યો; ચરોતરના મહીકાંઠાનું ફક્ત પંદરેક ગામોનું કૂંડાળું દેખાડ્યું. પણ એક નાના ચાટલા (અરીસા)માં મહાકાય આકાશનું દર્શન સમાઇ રહે છે. એક છીપલી જેવડી આંખ અસંખ્ય જીવાજીવની બહોળી દુનિયાને આવરી લે છે. અમારી એવી આંખ મહારાજ હતા. એમણે એ નાનકડા કૂંડાળે મને સચરાચર સુઝાડ્યું. માનવીઓ જ માત્ર નહીં, પણ માટીના થરપોપડા, માર્ગે ઊભેલ વનસ્પતિનાં વૃક્ષે વૃક્ષ,

પશુપંખી અને આકાશનાં નક્ષત્રોય ઓળખાવ્યાં. એનાથી મોટો તો પોતાનો અનુભવપુંજ આટલાં વર્ષોથી સંગ્રહાયો છે તેનાં બહોળા સીમાડામાં મને કુમાશભરી માવજત કરીને ફેરવ્યો.

જાણ હતી કે મહારાજ તો માત્ર પહેર્યે લૂગડે, વધારાનું એક પંચિયું રાખીને ફરનારા પગપાળા પરિવ્રાજક છે. માનેલું કે એમની રીતને અનુસરવું રહેશે, એટલે દોઢ જ જોડી કપડે હું જોડાયો હતો, ને પગને જરા થાબડી જૂના દિવસની યાદ આપી ઉત્સાહ ચડાવી રાખ્યો હતો. પણ મહારાજે અમારે માટે તો બોચસણ આશ્રમની દૂધ જેવા બે સફેદ બળદોવાળી

ડમણી જોડાવી.

* * *

## *અને સરકાર 'નિર્મૂલી'*

ઊપડ્યા ત્યારથી છેક અમદાવાદ સ્ટેશને જુદા પડી ચાલી નીકળ્યા ત્યાં સુધી એમણે મારા માટે જંગમ અધ્યાપન-વર્ગ ચાલુ રાખ્યો હતો. પહેલું ગામડું હજુ આવવાનું હતું. પણ વૃક્ષો તો માર્ગે ઊભાં જ હતાં. નવા પ્રદેશની સાચી પિછાન એની વનૌષધિના પરિચય વગર અધૂરી રહે. પૂછતો ગયો, "દાદા, આ શું?" એ ઓળખાવતા ગયા, "આ કાંકર કહેવાય.

ખેતરો ને વાડીઓ ફરતાં એ ઝાડ તો ગઢ - કોટ જેવાં ઊગી પડે. એની વાડમાં કોઇ સોંસરું જઇ ન શકે.”

“આ ?”

“આ ધોળી આકડી. એનાં મૂળિયાંમાથી ગણેશાકૃતિની ગાંઠ નીકળે છે.”

“આ ઝડ પાર પથરાઇ પડેલી સોનાના તાર જેવા અસંખ્ય ચળકતા તાંતણાવાળી વેલ, તેને લોકો કહે છે ‘અંતર-વેલ.’ સંસ્કૃતમાં શબ્દ છે - ‘નિર્મૂલી’ મૂળિયાં એને હોય નહીં, પૃથ્વીમાં ઊગવાની એને જરૂર નહીં. એકાદ કકડો લઇ અમુક ઝાડ પર નાખી દો, એટલે બારોબાર એ ઝાડમાંથી

જ પોષણ લઇને નિર્મૂલી આટલી બધી વિસ્તરે છે. માટે હું અંગ્રેજ સરકારને લોકો કને 'નિર્મૂલી' અથવા 'અંતર-વેલ' કહી ઓળખાવું છું!"

* * *

## *પગને આંખો હોય છે*

ઉપમા કેટલી સંપૂર્ણપણે બંધબેસતી છે એનો વિચાર કરી લઉં તે પૂર્વે તો ગામ આવ્યું. કહે કે, "આ ઝરોળા બહારવટિયા બાબર દેવાની બહેનનું ગામ, જે બહેન એની સાથે લૂંટમાં જોડાતી ને જેને બાબરે શક પરથી ગોળીએ ઠાર મારેલી. ચાલો અંદર."

ગામને પરવાડે જ આવેલ પાટણવાડિયાના ફળિયામાં લઇ ગયા. ભેંસો છાણમાં રગદોળાતી પડી છે. (કાંઠાના પ્રદેશમાં જાહેર ચરિયાણ નથી. ભેંસો લગભગ ઘર-ખીલે જ બાંધી રહે છે.) વાસીદાં પડ્યાં છે. વચ્ચે એક ખાટલો છે. “મહારાજ આયા ! મહારાજ ચ્યાંથી ! આહાહા, ચેટલાં વર્ષે આયા ! જેલમાં હતા? મહારાજ (એટલે ગાંધીજી) ક્યાં સે? જેલમેં? અલ્યા, ગોદડું લાય તો !”

“ના, અમે બેસશું નહીં”

“ચ્યમ વારુ ?”

“આમ કાંઠામાં જવું છે.”

“ઓ તારીની ! રોકાશો નહીં? દૂધ પણ નહીં ? અરેરેરે ! આમ તે અવાય! લો તારે, પધારજો ફરી વહેલા વહેલા ! એ પધારજો, મહારાજ ! એ જે જે મહારાજ !”

બહાર નીકળીને મહારાજ કહે, “આ મારાં યજમાનો, આમને ત્યાં જ હું ઊતરું, ને તમે જે પેલી જોઇ તેવી ગોદડીમાં સૂઇ રહું. એમની પરસાળ દીઠી ને, તેમાં એક ઠેકાણે મંગાળો પેટાવી તપેલીમાં ખીચડી પકાવી ખાઇ લઉં. આજે તો હું ઘણાં વર્ષે અહીં આવું છું. પણ આંહીં હું કામ કરતો ત્યારે

રાત ને દિન હીંડ્યા જ કરતો. વચ્ચે દરેક ગામે આ લોકોના દરેક ફળીમાં જઇ, બાળબચ્ચાં ને સ્ત્રીઓના ખબર અંતર પૂછી હું બીજે ગામ ચાલી નીકળતો.”

મહારાજના આ શબ્દો કાન સાંભળતા હતા ત્યારે કલ્પના પાછળ જતી હતી –પેલી ગંદામાં ગંદી ગોદડી ભણી, એ મચ્છરો ને જીવાતોથી ભરેલાં ફળિયાં ભણી. મહારાજનું એ બિછાનું, રસોડું ને બેઠકગૃહ. એક ટંક બે મૂઠી ખીચડી અહીં રાંધી લઇને વગર ઘીએ - કોઇ વાર તો વગર નિમકે -ચોવીસ કલાકમાં એક ટંકનો આહાર. એક જ ટંકનું જળપાન. બસ, પછી ચલો –

ચલો - ચલો ! તાપમાં, ટાઢમાં, વૃષ્ટિમાં, પ્રકાશમાં, અંધકારમાં – નિરંતર ચાલ્યા જ કરવાનું ગમતું. કહે કે “ખરો આનંદ મને વધુમાં વધુ અંધારી રાત્રીએ ચાલવામાં પડે. કોઇ દેખે નહીં, સંપૂર્ણ એકલતા. ચાલતે ચાલતે આંખો ઊંઘતી હોય છતાં પગ તો ચાલ્યા જ કરતા હોય. હું કદી ભૂલો પડું નહીં ! ગમે તેવાં વિકટ મહી - કોતરોમાં પણ મારા પગ સાચે રસ્તે ચાલ્યા કરે. એટલે જ લોકોને કહું છું કે, માણસના પગને આંખો હોય છે.

* * *

# અંદર પડેલું તત્વ

રાસ છોડ્યું. અમિયાદ વટાવ્યું. જેની સાથે એક સબળ સ્મરણ જોડાયું છે તે કણબા આવ્યું. ભાગોળ પાસેના એ ખેતર તરફ આંગળી ચીંધાડીને મહારાજે કહ્યું કે, “આ એ ખેતર, કે જ્યાંથી અધરાતના અંધારામાં ગોકળ પાટણવાડિયાએ મને પોતે ચોરેલા ઘીના ડબા કાઢી આપેલા.”

પાટણવાડિયાએ ચોરીઓ ન કરવી અને જેનું ચોરાય તેણે પોલીસમાં ફરિયાદ ન કરવી, ચોરી અને ચોર મહારાજે જ પકડી આપવાં: એવો કરાર લોકો સાથે કરીને જે કાળમાં પોતે આંહીં કામ કરવા બેઠા એ કાળની વાત

છે. કણભાના લવાણાના ઘીના બે ડબા ચોરાયા: મહારાજે અહીં બેસી મૂંગુ તપ માંડ્યું: ખાવું ન ભાવ્યું: ત્રણ દિવસ નિર્જળી લાંઘણો ખેંચી: ગામનો મુસ્લિમ ખેડુ દાજી ગામલોકોને કહે કે, 'કોઇએ ખાવા જવું નહીં.' રાતે સૌ સૂતાં પછી ચોર ગોકળ પોતે જ છાનોમાનો મહારાજના પગનો અંગૂઠો હલાવી પોતાની પાછળ પાછળ ખેતરોમાં લઇ ગયો: એક ઠેકાણે જઇ ડબો વગાડ્યો : મહારાજ એ ભર્યા બે ડબા જાતે ઊંચકી રાતે લવાણાની પાસે લઇ ગયા, એક તો ઘીનો, પણ બીજો તેલનો નીકળી પડ્યો !

વળતે દિવસે પણ લાંઘણ ચાલુ: સાંજે ગોકળે મહારાજને ઘેર બોલાવી ચોરી કબૂલ કરી: ફોજદારને રુશવતના રૂ.40 આપવા માટે એક ડબો

વેચ્યાનું કબૂલ્યું: પોતાની ભેંસના ઘીમાંથી નુકશાની ચૂકવવા સ્વીકાર્યું: અને પછી મહારાજને ઉપવાસ ભંગાવવા માટે અધશેર ખજૂર જોઇતો હતો તે આપનાર આ જ લવાણાએ એની કિંમતના બે આના પણ માગવાની નફટાઇ કરી !

એ પ્રસંગની લીલાભૂમિ કણભામાં મારે એ ત્રણેને નિહાળવા હતા. ’થતાં સું થઇ ગયું, પણ તમે આટલે સુધી જશો એવું ન’તું જાણ્યું, મહારાજ !’ એમ કહીને ચોરી કબૂલનાર ગોકળને, 50-60 રૂપિયાનો પોતાનો માલ પાછો મળ્યા પછી ખજૂરના બે આના મોંએ ચડી સૌની વચ્ચે માગતાં ન ખચકાનાર લવાણાને અને એને ફિટકાર દેનાર મુસલમાન ખેડુ દાજીને.

પહેલા બે તો પ્રભુને ઘેર ગયા છે. થોભિયાવાળા બુઢ્ઢા દાજીને, હાથમાં હુક્કા સહિત. જ્યાં મહારાજે ઉપવાસો કરેલા તે જ મંદિરે હરખભેર આવીને મહારાજના પગોમાં હાથ નાખતો ઓછો ઓછો થઇ જતો જોયો.

* * *

ગામ જુએ. માણસોને ભાળે, સ્થળો દેખે, ત્યારે મહારાજને આપોઆપ નવા પ્રસંગો યાદ આવે. પ્રસંગોનું લક્ષ્ય એક જ કે આ લોકોની અંદરનાં પ્રકૃતિ પડોમાં કયું મંગળ તત્વ પડ્યું છે અને ક્યા તત્વને કારણે પોતે આ લોકોના પ્રેમમાં પડી ગયા. દાખલા તરીકે, “અહીં એક જીવા જેસંગ નામે

પાટણવાડિયો હતો. એણે ને આ દાજીએ એક પરદેશ વસતા બ્રાહ્મણનો જૂના વખતનો આંબો પચાવી પાડેલો. બ્રાહ્મણ માગે, પણ આપે નહીં. માલિકી જ પોતાની ઠોકી બેસારેલી ! પછી વાત મારી કને આવી. મેં આવીને પૂછ્યું “હેં જીવા, હેં દાજી, સાચું શું છે?” થોડી વારે જીવો દાજીને કહે “અલ્યા દાજી ! આપણે તો સત્યાગ્રહમાં ભળેલા કહેવાઇએ: આપણાથી કંઇ જૂઠું બોલાય, હેં? “ દાજી કહે કે, ‘નહીં જ તો ! ત્યારે, મહારાજ, જૂઠું તો સત્યાગ્રહીથી નહીં બોલાય, એ આંબો અમારો નહીં એ તો એવા એ બામણનો છે !’ પાછો સોંપી દીધો. નહીં કોઇ પાપ પુણ્યની લાંબી પીંજણ,

નહીં પ્રાયશ્ચિત્તનાં દંભી પ્રદર્શન, અંતરમાં ઊગ્યું તે સાચું."

* * *

## *ઇચ્છાબા*

"ઓ ભૈ !"

"શું કહો છો, ઇચ્છાબા !"

"આવું તે કંઇ હોય, ભૈ! ખીચડી જ કરવાનું કહી મેલ્યું, ભૈ ! આમ તે જીવને સારૂં લાગતું હશે, ભૈ!"

“ભૈ ! ઓ ભૈ !” એ લહેકો હજુયે કાનમાંથી વિરમતો નથી. કણભાથી આગળ કઠાણા ગામમાં દધીચ બ્રાહ્મણ ડોસી ઇચ્છાબાનો કંઠ ‘ઓ..ભ...ઇ !’ એવા લાંબા લહેકે પલેપલ સુકાતો હતો. ઇચ્છાબાનું ઘર અંધારિયું હતું. એંશી વર્ષની ડોશીના અંતરનો દીવો એ ઓરડાને અજવાળતો હતો. મહારાજે એમની વાતો કરી હતી એ પરથી કલ્પનામૂર્તિ ઘડી તેના કરતાં વસ્તવમૂર્તિ તો, સામાન્ય અનુભવમાં બને છે તેથી ઊલટી જ રીતે, વધુ સુંદર નીકળી પડી. એંશી વર્ષે પણ અડીખમ ગુલાબી દેહ, પંદર પરોણાનું રાંધી નાખે: પાણી પણ ભાગોળેથી ભરી આવે. બેઠાં હોય ત્યારે રાજમાતા-શાં પ્રતાપી લાગે.

મહારાજ કહે કે, “બાબર દેવા વગેરે બહારવટિયાનાં રમખાણો બદલ સરકારે આખા ખેડા જિલ્લા પર ‘પ્યુનિટિવ ટૅક્સ’ (હૈડિયાવેરો) નાખ્યો, ત્યારે તેની સામે ઉપાડવામાં આવેલ લડતમાં આ ‘કાંઠો’ મને સોંપાયો હતો. મેં આ ઇચ્છાબા પાસેથી પેલી પડી ગયેલી જગ્યાએ એક ખોરડું હતું તે ભાડે રાખ્યું. આધેડ વય વટાવી ગયેલાં એ બે દીકરાનાં માતા મારી જોડે બોલે કે ચાલે નહીં, પણ મારા રંગઢંગ જોયા કરે. હું હાથે રાંધતો. એકાદ તપેલી વગેરે નજીવું સાધન હતું. કોદરા અને મગની બે માટલીઓ હતી. એકવાર મેં ખીચડી ઓરી. પણ કોદરા ખાંડ્યા વગરના, મને કશી ગમ નહીં. ખીચડી તદ્દન કાચી રહી, ખાવા બેઠો, પણ ખવાયું નહીં, ઊઠીને

બધી ખીચડી કૂતરાંને નાખી તે ઇચ્છાબાએ જોઇ લીધું. પછી બેચાર દા’ડા બહારગામ ગયો. પાછો આવીને જોઉં તો ખોરડું ધોવાઇ-લીંપાઇ ગયેલું ! બધી સૂરત ફરી ગઇ હતી. બીક લાગી કે, કોઇકને ભાડે આપી દીધું જણાય છે ! અંદર જઇને જોઉં તો મારી તપેલી ને હાંડલી પણ ના મળે. મેં પૂછ્યું. પહેલી જ વાર ઇચ્છાબાની જીભ ઊઘડી, ‘ભ...ઇ, તમારે હવે ત્યાં રાંધવાનું નથી.’

‘કેમ વારુ ?’

‘અહીં જમવાનું છે.’

'શા માટે?'

'ત્યારે શું રાંધતાં તો આવડતું નથી.'

'કોણે કહ્યું?'

'કહેવું'તું શું! કોદરા કૂતરાંને નાખ્યા હતા તે મેં નજરે જોયું છે, ભઇ !'

તે દિવસથી ઇચ્છાબા સવાર પડે કે મારો રેંટિયો બરાબર તૈયાર કરીને પૂણીઓ સહિત મારી કને માંડી દેને કહે કે, 'તમે તમારે કાંતો, ભઇ!' પછી જમવા ટાણે જ બોલાવે, 'ઊઠો; ખઇ લ્યો, ભઇ!' ખવરાવવામાં ખીચડી હોય.

ઉપર તો કંઇ ન હોય, પણ હું તો ખાતો જાઉં તેમ તળિયેથી ઘીનું દડબું નીકળી પડે ! જમી લઉં એટલે વળી કહે કે, 'કાંતવા બેસી જાવ, ભઇ!' પાણી પણ પોતે જ પાઇ જાય. મને રેંટિયા પરથી ઊઠવા ન આપે. ગાંધીજી કાંઠામાં  આવેલા ત્યારે મેં એમને અહીં ઇચ્છાબાને ઘેર ઉતારેલા. મને એમ કે મહાત્માજી બોરસદમાં જ સ્નાનાદિક પતાવીને આવશે, પણ આવ્યા નાહ્યા વિના. સ્નાન એ મહાત્માજીની કેટલી નાજુક માવજતનો વિષય છે તે હું જાણતો હોઇને મૂંઝવણમાં પડી ગયો. છેવટે ઇચ્છાબાના અંધારિયા ઓરડામાં એક જૂની એવી નામની ચોકડીનું શરણ લીધું. એ બતાવતાં ગાંધીજી કહે, 'વાહ ! આ તો સરસ છે.' સાંકડેમાંકડે ગોઠવાઇ

જઇને પોતે નાહ્યા. હું એમનું ભીનું પંચિયું નિચોવવા માટે લેવા ગયો. પણ પોતે એ પગ નીચે દબાવી રાખીને કહે કે, 'ના,તું નહીં; તને નિચોવવા નહીં દઉં.' એમ કહી, દેવદાસભાઇને બોલાવી નિચોવી નાખવા કહ્યું."

"કારણ?"

"કારણ એ કે હું બ્રાહ્મણ રહ્યો. મહાત્માજીની એ સભ્યતા: બ્રાહ્મણની પાસેથી એવું કામ લેવાય નહીં"

ઇચ્છાબાને ઘેર પહેલીજ વાર મેં કાંઠાના ગરાસિયાનો પરિચય કર્યો. તેઓ 'ઠાકોર ઠાકરડા' કહેવાય છે. પોતે પોતાને 'ગરાસિયા' કહેવરાવે છે. બારૈયા કે ધારાળા નામ તેમને અણગમતું થયું છે. સરકારી દફતરમાં 'પગી' એવી

ઓળખાણ છે તે તો અણસમજુ પૂર્વજોએ પેસી જવા દીધી હશે એમ તેઓ માને છે. મહારાજના તેઓ મિત્ર જેવા છે. રીતભાત તદ્દન સુંવાળી. બોલાવે-ચાલવે ધીરા ને સભ્ય. શરીરે લઠ્ઠ. મહીની ત્રણ ગાઉનો પાણીપટ વટાવી પાર જવું. મહીની વાંસજાળ ભરતીમાં ખાબકી પડવું. મહીનાં ભયાનક કોતરો ભમવાં—એ તો એમને મન રમત. નવાઇ એ લાગી કે, આ ગરાસિય ઠાકોરો દેહ-શણગારનો શોખ કાં ધરાવતા નથી ! ક્યાં કાઠિયાવાડી આંટીવાળી પાઘડીઓ, માથે ઓળેલાં ઓડિયાં, કમ્મરે પછેડીઓના ભેટ-લપેટ, ચકચકિત કડિયાળી ડાંગો, ને ક્યાં આ માથે

જેમતેમ વીંટી લીધેલાં લાંબાં લંબાં ફાળિયાં ! વરણાગી ઢંગ છો ન હોય, પણ પહેરવેશની રસિકતાયે નહીં?

### *ઘી! ગોળનાં હાડ-*

“દરિયા ! ઓ દરિયા !”

“શું છે, મહીં?”

“મારી જોડે પરણ.”

“નહીં પરણું ”

“કેમ નહીં ?”

“તું કાળી છે તેથી.”

“જોઇ લેજે ત્યારે !”

એમ કહીને મહી પાછી વળી, ને પછી મંડી પથરા તાણવા. તાણી લાવીને મંડી દરિયો પૂરવા. દરિયો તોબા પોકારી ગયો; રખે આ કાળવી મને આખોય પૂરી વાળશે ! કહે કે, ચાલ, બાપુ, તને પરણું !’ પરણ્યાં. મહી-સાગરનાં એ લગ્નની ચોરી તરીકે વાસણા પાસે એક ઓટો બતાવાય છે. આવી ડરકામણી મહીને મેં દીઠી - ચાંપોલ અને બદલપુર નામનાં બે

ગામોની પાસે દીઠી. - તે સાથે જ ખાતરી થઇ કે, દરિયાને ગળે પડીને જ પરણી છે આ ચંડી ! ને આ મહી-સાગરનું લગ્ન તો કાળા કોપનું નીવડ્યું લાગે છે. હું જ્યારે મહીની વત્સલ જનેતા તરીકેની કલ્પનામાં મગ્ન હતો, ત્યારે મારગમાં જ મહારાજ વારંવાર બોલતા આવતા હતા કે, “આ મહી નથી પીવાના ખપની, નથી ખેતીના ખપની, નથી નાહવાના ખપની; છે ફક્ત સોગંદ ખાવા પૂરતી જ કામની”, ત્યારે મને સાચો ખ્યાલ આવતો નહોતો. પણ બદલપુરના ઊંચાં ટીંબાથી પોણો એક ગાઉની છિન્નભિન્ન પૃથ્વી વટાવ્યા પછી સાંજરે જ્યારે અમે મહીના પટમાં ઊતર્યા ત્યારે મહી વિકરાળ, કાવતરાખોર, કદરૂપી અને કુભારજા લાગી. પુરુષ ભાઇ તરીકે

દરિયાની મને દયા આવી!

મહીના શયનમંદિરમાં સાગર રોજ પ્રવેશે છે. એ દરિયાઇ ભરતીને ‘ઘોડો’ કહે છે. ઘોડાનું રૂપક જેને સૂઝ્યું હોય તેને ધન્ય છે ! નદીમાં આવતો સાગરનો જુવાળ ઘોડાનો જ ઘાટ રજૂ કરે છે: કેશવાળી-શી શ્વેત ફીણવાળી તરંગ-ટોચ, વિલાસ-મસ્તીના ઉછાળા મારતાં નીર-કદમો અને હ-દ્દ-દ્દ-દ્દ એવા હણહણાટ. ઘોડો આવવાનો થાય ત્યારે આરેથી માછીઓ પોતપોતાની નાવડીઓને ઘોડાની સામે બે’ક માઇલ લઇ જાય, ને નાવનો અને ઘોડાનો જ્યાં સંપર્ક થાય ત્યાં ઘડીભર તો નાવડીને પોતાના પાછલા પડખામાં લપાવી દઇને પછી ‘ઘોડો’ એને પોતાની માણેક-લટને સ્થાને

અગર તો કાનસૂરી વચ્ચેના કોઇક ફૂમતાબંધ શણગારની અદાથી રમાડતો-ઝુલાવતો હીંહોટા દેતો દેતો ધસ્યો આવે છે નદીની શયન-સોડમાં.

એ દેખાવ કલ્પનામાં છે ત્યાં સુધી સુંદર છે. પણ  મહારાજે મને એવા એક મહી—ઊતરાણનો કિસ્સો કહ્યો હતો, તેણે મનની ઉદાસીથી ભરી મૂક્યું છે. પોતે વડોદરેથી આવતા હતા. સાથે એક ભંગી ને દીકરી થયાં. બાઇના હાથમાં બાળક હતું. સાથે વાંસનો ભારો હતો. મહીના આરા પર આવ્યાં કે તરત એક માણસે બૂમ મારી : “જલદી ઊતરો.... નહીંતર ઘોડો આવે છે.”

મહારાજ તો રહ્યા બાજંદા તરૈયા, શરીરે પાવરધા, તે પાણીમાં ચાલ્યા. પછવાડે પેલો ભંગી ઊતર્યો, ને વાંસનો ભારો પાણીમાં ખેંચતો ચાલ્યો. એના મનમાં એમ કે બાઇ બાળકને લઇને પાછળ ચાલી આવે છે. પેલે કાંઠે બેઉ પહોંચી ગયા.પછી પાછળ જુએ તો દૂર દૂર બાઇ પાણીની અંદર સજ્જડ બનીને ઊભી થઇ રહેલી! કાંખમાં છે બાળક. બૂમ પાડી, “અરે બાઇ ઝટ ચાલી આવ!” પણ બાઇના મોંમાં બોલ નથી, શરીરમાં સંચરાટ નથી. બૂમો પડે છે “ઘોડો આવે છે ! વધુ આવે છે!” જે માણસ બૂમો પાડતો આવ્યો તેને પેલા ભંગીએ  કહ્યું “ભાઇ, મારી દીકરીને તું ઉતારી લાવ.” માછી કહે, “શું દઇશ?” ભંગી કહે “મારી કને બે આના છે તે આ લે.”

“એટલે તો શાનો ઉતારું!” એમ કહેતો એ ઢબઢબતો ચાલ્યો ગયો. ને મહારાજ એ ભંગીને અને પછી એની પાણીમાં દૂર થંભી રહેલી બાળકવંતી પુત્રીને જોઇ રહ્યા. બેમાંથે જાણે કોઇમાં ચેતન નથી. શિર ઉપર સદાની વિદાય તોળાઇને ઊભી છે. મહારાજ પાછા ગયા. બાઇની પાસે પહોંચ્યા. બાઇને કહે છે કે, “આંહીં આવ !” બાઇ બોલતી જ નથી. એ તો જાણે જીવન-મૃત્યુ વચ્ચેનો ભેદ ત્યજીને ઊભી છે. મહારાજે જઇ બાળકને હાથમાં લીધું. બાઇનો હાથ પકડી ઘોડાનાં ચડતાં પાણીમાં દોરી. બાઇ રસ્તે ફક્ત એટલું જ બોલી શકી, “બાપજી, મારું તો જે થવું હોય તે થાય, પણ મારી છોકરીને કંઇ થવા ના દેશો હોં કે !” મુસીબતે બાઇને સામે કાંઠે પહોંચાડી

ત્યારે બાઇનો બાપ બોલ્યો, “બાપજી ! તમારાં તો ઘી - ગોળનાં હાડ ખરાંને ! તેથી જ તમે આને લઇ આવ્યા. અમે તો શું કરી શકીએ !”

તે દિવસે એ ભંગીના બોલ પર જેવા પોતે મરક્યા હશે તેવા જ આજે પણ મંદ મંદ મરકીને મહારાજ કહે છે, “ઘી - ગોળનાં હાડ !” વસ્તુતઃ તો એણે વર્ષોથી નરી ખીચડી સિવાય, કંગાલ ઘરનાં દાળ-ચોખાના બે મૂઠી બાફણાના એક ટંકના ભોજન સિવાય, ઝાઝું કંઇ જોયું નથી.

## આરા રળિયામણા બન્યા

મહીસાગરની આ ભયંકર ભેખડો એક દિવસ રૂપાળી બની હતી. ખાવા ધાતી એની નિર્જનતા એક રાત્રીએ લજવાઇ ગઇ હતી. જનશૂન્ય એના બિહામણા આરા - બદલપુરનો આરો, દહેવાણનો આરો, દૂર અને નજીકના આરા—રળિયામણા બન્યા હતા. બરાબર પંદર વર્ષ પૂર્વેના એક દિવસે, 1930ના એપ્રિલની એક તારીખે, દિવસ આથમી ગયા પછી આ ભેખડો, કોતરો અને કિનારાઓ ઉપર મનખ્યો ક્યાંય માતો નહોતો એવું મને મહારાજે કહ્યું. જે દિવસે દાંડી-કૂચમાં મહાત્માજીએ મહી પાર કરી તે એ

દિવસ હતો. મહારાજ એ દૃશ્યને ‘રામાયણ’ માંના વનવાસે જતા રામચંદ્રના ગંગા પાર ગમનના પ્રસંગ જોડે સરખાવે છે.

મહી ઊતરવાને માટે હોડી જોઇતી હતી. હોડી કોણ આપે? દહેવાણના ઠાકોરની હાક વાગતી હતી. ગરીબ માછીઓ પાસેથી હોડી માગતાં તેમનાં હાંડલાં રઝળે. સરકાર સામે દેશવ્યાપી બહારવટું સળગાવતા દાંડીમાર્ગે જઇ રહેલા બળવાખોરોને મહી પાર કરવાનો પ્રશ્ન હતો. જોખમ જેવું તેવું નહોતું. હોડી જોખમાય તો શું થાય ? હોડીમાં કંઇ દગો થાય તો દુનિયાને મોં શું દેખાડવું?

એ વિટંબણાનો નિકાલ કાઢનાર એક મર્દ બદલપુરમાંથી નીકળ્યો. એ હતા ગરાસિયા રગનાથજી. એણે પોતાનું સર્વસ્વ હોડમાં મૂક્યું. રૂપિયા ચારસો ખરચીને એણે નવી હોડી આણી કનકાપરાને આરે નાંગરી. હંકારવા ખુદ પોતે સુકાને ચડ્યા. બોરસદથી બાપુને કનકાપરા આવી પહોંચતાં રાતના દસ વાગ્યા હતા. રાત અંધારી હતી. પણ બાપુ રોકાયા નહીં. તે જ રાતે, તે જ કલાકે સામે પાર ગયે છૂટકો હતો.

કનકપરામાં દંડેશ્વર મહાદેવની સામેનો એક ઊંચો ઓટો અમે જોયો. એના પર બેસીને એ અંધારી રાત્રીએ ગાંધીજીએ લોકોને જે પ્રવચન સંભળાવ્યું

તેમાંથી એક વાક્ય મહારાજે યાદ કર્યું, “હું તો યાત્રાએ ચાલ્યો છું. યાત્રાએ જનાર તો વ્રત કરતો જાય, તપ કરતો જાય, નમ્ર બનતો જાય.”

ને એવા બનીને પોતે જે ઠેકાણે રગનાથજી ગરાસિયાની નાવ પર ચડ્યા તે કનકાપરાનો આરો અમને દેખાડીને દાદાએ કહ્યું કે, નાવ પર તો ઘણા માણસો વગર વિચાર્યે ચડી બેઠા - અરે, સમજદારો પણ સમજે નહીં - ને રગનાથજીએ રઘુવીરનું નામ સ્મરી નાવ હંકારી. પણ ઓટ થઇ ગયો હતો, સમુદ્રજળ પાછાં વળી ગયાં હતાં. મુખ્ય વહેણને વટાવી ગયા પછી બે ગાઉના નદી પટમાં કાંડાપુર કાદવ ખૂંદવાનો હતો. ગાંધીજી એ ખૂંદતા

ચાલ્યા. મહીની ભેખડો પર સળગતી મશાલોના સેંકડો દીવા ધરીને જનપદ જોઇ રહ્યું. નાનકડો ગાંધી-દેહ દેખાતો નહોતો, પણ કાદવ ખૂંદતો કલ્પાતો હતો. ક્યા જોમે, કૈ આંતરિક ચિરયૌવનશક્તિ વડે, આ માનવ-માળખું મહીને વટાવી ગયું હશે ?

# મહારાજ - વાણી

[રવિશંકર મહારાજે કથેલા કેટલાક પ્રસંગો અન્ય પ્રકાશનોમાંથી આ પુસ્તિકામાં ઉમેરેલ છે. - સંપાદક]

## *માધીનો છોકરો*

અમારા આશ્રમમાં એક ઠાકરડાનો છોકરો આવેલો. બહુ નાનો હતો. અમે તેને કાંતતાં શીખવ્યું અને દોઢ વરસે તેના સૂતરમાંથી એક તાકો તૈયાર થયો. તાકો જોઇને છોકરો નાચતો નાચતો કહે, "મારી માધીને આપીશ ! મારી માધીને આપીશ !"

એના મુખ ઉપરનો મલકાટ નિહાળી મને થયું, આ છોકરાને માધી ઉપર કેટલો સ્નેહ છે ! હું જાણતો હતો કે માધી તે બાળકની મા નથી. એ છોકરાની મા મરી ગઇ તેથી માધીએ તેને ઉછેરીને મોટો કર્યો હતો. બાળકનો માધી પરનો સ્નેહ દેખાતો હતો., પણ માધીને બાળક માટે કેટલો સ્નેહ છે તે જોવા જવાનો મને વિચાર આવ્યો.

એક વાર બાળકોને લઇને અમારે પ્રવાસે જવાનું થયું. માધીને ગામ અમે તો ઊપડ્યાં. માધીને ઘેર હું ગયો. તેણે મને પ્રેમથી આવકાર્યો. ફાટીતૂટી એક ગોદડી પાથરી આપીને હસતે મુખે સામે બેસી તે વાતો કરવા લાગી.

ત્યાં છ-સાત વરસનો એક છોકરો આવીને ધબ દઇને તેના ખોળામાં પડ્યો. બાઇ તેને ખસેડવા ઘણું ય કરે, પણ પેલો તો વધારે ને વધારે વળગેલો રહે !

મેં પૂછ્યું : “આ કોણ છે ?”

માધી કહે, “વાણિયાનો છોકરો છે. મેં ઉછેરેલો.”

મેં પૂછ્યું, “ કેમ, તારે ઉછેરવો પડ્યો ?”

બાઇ કહે, “તેની મા સુવાવડમાં મરી ગઇ, ને બાળકને આપણાથી રેઢું છોડાય?” (માધી સુયાણી હતી.)

“શેઠે શું આલ્યું?”

“આલે શું ?—મેં કંઇ લીધું જ નથી, મા’રાજ ! વખતે મફત આપે તેથી ભૂલેચૂકેય તેની દુકાનના ઉંબરે ચડી નથી.” બાઇએ ખુમારીથી જવાબ વાળ્યો.

“ત્યારે આ બાળક સાજુંમાંદું થાય ત્યારે દવાદારૂ અંગે શું કર્યું?” મારા મનમાં તો હજી આ બધું કોયડારૂપ જ હતું.

થોડી વાર અટકીને બાઇ કહે :“એ શું બોલ્યા, મા’રાજ ? એવાં કેવાં છોકરાં ઉછેરીએ કે માંદાં થાય ? માંદાં થાય તો કાંડું ન કાપી કાઢીએ ? મારું તો એકેય છોકરું કોઇ દી માંદું પડ્યું નથી ! માંદં પડે તેવાં છોકરાં ઉછેરીએ જ શીદને ?”

# *છે તેટલું વાપરો !*

એક દિવસ ચાર-પાંચ જુવાનિયા મારી પાસે આવ્યા. વાતવાતમાં તેમણે પૂછ્યું: “મહારાજ, અમે ઇંડાં ખાઇએ તે અંગે તમારો શો અભિપ્રાય છે?” મને થયું, એમને શો જવાબ આપું? પણ તરત જ મારાથી કહેવાઇ ગયું: “અલ્યા, તમારે ઇંડાં ખાવાં કે નહિ એમાં મને શું પૂછો છો ? - એ ઇંડાં મૂકનાર માને જ પૂછી જુવો ને !”

"પણ દાદા, નિર્જીવ ઇંડાં ખાઇએ તો ?"

"પણ, મને એ તો કહો કે તમારે ઇંડાં ખાવાં છે શું કામ ?"

"કેમ ? ઇંડાંમાં પુષ્કળ વિટામીન અને પ્રોટીન હોય છે."યુવાનોમાંથી એકે કહ્યું.

"તમારી પાસે છે એટલું વિટામીન તો વાપરો !—પછી ખૂટે તો વિચારજો."

અને એન અનુસંધાનમાં ગાંધીજીની એક વાત મને યાદ આવી તે મેં જુવાનોને કહી સંભળાવી:

ગાંધીજી તો પ્રયોગવીર હતા. અનેક જાતના પ્રયોગો કરતા. એમનું જીવન એટલે પ્રયોગ. એક દિવસ ગાંધીજીને વિચાર આવ્યો કે માણસ જો કાચું જ અનાજ ખાવાની ટેવ પાડે, તો એની કેટલીયે વેડફાઇ જતી શક્તિ બચે અને ઓછી વસ્તુમાં પણ વધારે તકાત મેળવી શકે.

ગાંધીજીને વિચાર આવ્યો એટલે જોઇએ શું? પોતાની જાતથી જ શરૂ કરે. એ જ તેમના જીવનની વિશેષતા હતી. મને તેમની આ વાત ગમી ને હું તેમના પ્રયોગમાં જોડાયો. ત્રણ—ચાર દિવસ તો બાપુને આ પ્રયોગથી ખૂબ સ્ફૂર્તિ રહી, પણ પછી તેમને ઝાડા થઇ ગયા.

એક દિવસ તેમના ઓરડામાં મારે કાંઇક લેવા જવાનું થયું. બાપુએ મને

બોલાવ્યો.

“તારો પ્રયોગ ચાલે છે?” એમણે પૂછ્યું.

“હા.” મેં ટૂંકો જવાબ આપ્યો.

“વજન ઘટ્યું?”

“પોણો શેર ઘટ્યું છે.”

“પણ શક્તિ ?”

“થોડી ઘટી હોય એમ લાગે છે.”

“તું શું કામ કરે છે ?”

મેં મારે ભાગે આવતાં બધાં જ કામો ગણાવ્યાં.

"આ બધું કામ થઇ શકે છે?"

"હા, એમાં વાંધો નથી આવતો."

"તો પછી શક્તિ થોડી ઘટી છે એમ શ ઉપરથી કહે છે ?"

એ વાણિયાને હું શો જવાબ આપું ! અને પછી બાપુએ જે ભાષ્ય કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી.

"તને ખબર છે ? ખપની શક્તિ કરતાં વધારે શક્તિ શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે. આ બહુ સમજવા જેવી વાત છે. એટલે જેટલું કામ કરવાનું હોય એટલી જ શક્તિ ઉત્પન્ન કરવી જોઇએ. વધારાની શક્તિથી લાભ નથી; ઊલટાની વધારાની શક્તિ ચિત્ત ને ઇંન્દ્રિયોમાં વિકાર

પેદા કરે છે.”

## પગારવધારો

એ વખતે હું બોચાસણ વલ્લભ વિદ્યાલયમાં રહેતો હતો. ત્યાં શિક્ષકોનો તાલીમવર્ગ ચાલતો હતો. રોજ સવારે તેનો એક વર્ગ હું લેતો હતો. વર્ગમાં જાઉં ત્યારે શિક્ષકો રોદણાં રડે, “પેટનું પૂરું ન થતું હોય, ત્યાં અમે શું ભણાવીએ !” આમ રોજ મારી આગળ ઓછા પગારની ફરિયાદો કરતા રહે.

વિદ્યાલયમાં ચા—બીડી પીવાની મનાઇ હતી. એટલે એ શિક્ષકો નજીકમાં સ્ટેશન હતું ત્યાં હોટલમાં જઇને ‘કોપ’ કરી આવે, અને તલપ લાગે ત્યારે વિદ્યાલયની બાજુના ખેતરમાં ‘ગોળમેજી પરિષદ’ ભરીને બીડીના ધુમાડા ઉડાડે, એ મારા જોવામાં આવતું.

એક દિવસ, શિક્ષકોના પગાર વધારવાની યુક્તિ મને અચાનક સૂઝી ગઇ. સવારે હસતો હસતો હું વર્ગમાં ગયો ને શિક્ષકોને મેં કહ્યું, “ આજે કોઇ પણ રીતે તમારો પગાર પંદર રૂપિયા તો વધારવો, એવું નક્કી કરીને આવ્યો છું. પણ તેમાં તમારી મદદ જોઇશે..” શિક્ષક બધા રાજી રાજી થઇ ગયા ને કહેવા લાગ્યા, “બોલો, શી મદદ જોઇએ છે?”

મેં કહ્યું, “ આજથી ચા-બીડી છોડો, એટલે તમારો પગાર પંદર રૂપિયા વધી જ ગયો સમજો. ચા-બીડીથી તમને કશો ફાયદો થતો નથી; નકામા પૈસા જ ખરચાય છે. એ છોડો ને બદલામાં દાણા-દૂધ-ઘી લાવીને ખાવ !”

મારી વાત સાંભળીને, એમનાં ખીલેલાં મોઢાં ઊતરી ગયાં.

## *હોકો પીએ એટલામાં !*

1930ના સત્યાગ્રહ વખતે હું જેલમાંથી છૂટીને આવ્યો ત્યારે મહીસાગરના કાંઠા વિભાગનાં ગામડાંના ઠાકરડા ભાઇઓ મળવા આવેલા. ઘરાઇને વાતો

કરી. પછી હરખભેર એમણે કહ્યું, “મહારાજ, આપણે ત્યાં એક બહુ સારું કામ થયું.”

“શું?” મેં પૂછ્યું.

“આપણે ત્યાં હવે મોટર-બસ આવે છે. શું વાત કરીએ, મહારાજ—આ હોકો પીઓ એટલામાં તો બોરસદ ભેગા !”

બસની સગવડ થવાથી બધા રાજી રાજી થઇ ગયા હતા. તેમને મેં કહ્યું, “હોકો પીઓ એટલામાં મોટર તમને બોરસદ પહોંચાડી દે, એ વાત મારા માન્યામાં આવતી નથી. એટલી વારમાં ન લઇ જાય.”

મારી વાત સાંભળીને બધા હસવા લાગ્યા ને બોલ્યા, “સાચી વાત છે,

સાચી વાત છે, મહારાજ તમે આવશો ત્યારે બતાવીશું.”

“ભલા માણસ, ન લઇ જાય એટલી વારમાં !”

“શું મહારાજ, તમે માનો નહીં ! ખરેખર આ હોકો પીઓ એટલી વારમાં જ બોરસદ ભેગા કરે છે.”

“ઠીક, પણ બોરસદ લઇ જવાનું ભાડું શું લે છે ?”

“છ આના.”

“જતાં—આવતાંના કેટલા થયા ?”

“બાર આના.”

“આખા દિવસની મજૂરીના તમને કેટલા આના મળે છે ?”

“ત્રણ આના.”

“તો બાર આના કમાતાં  કેટલા દહાડા લાગે ?”

“ચાર દહાડા.”

“ત્યારે મોટર તમને હોકો પીઓ એટલામાં પહોંચાડે છે, કે બે દહાડે ?”

બધા ખડખડાટ હસવા લાગ્યા.

## *બળતા દવમાંથી બચવા*

રવિશંકર મહારાજ : અહીં કોઇ દારૂ પીએ ખરું?

આદિવાસી : ના, મા’રાજ; હવે તો કોઇ નથી પીતું.

મહારાજ : ત્યારે સરકારે દારૂ ખૂંચવી લીધો એ સારું થયું, ખરું ને ?

આદિવાસી : બહુ હારું કર્યું.

એક વૃદ્ધ આદિવાસી (વચ્ચે) : મારે માટે તો બહુ ખોટું થયું, બાપજી ! આ દારૂ હતો ત્યારે વરશેદા’ડે પરૂણા પઇતા પચા રૂપિયા થતા’તા, અને આ શાલ એકલા ચામાં હોળ મણ ગોળ થયો.

મહારાજ : સોળ મણ ગોળ થયા પછી પણ પીઓ છો કે ?

આદિવાસી : ના, મા’રાજ; હવે તો થાચ્યો.

મહારાજ : મહેમાન આવે તો ?

આદિવાસી : પરુણાને તો પાવો જ પડે  તો !

મહારાજ : પાતાં વધે તો શું કરો ?

આદિવાસી : વધે તો પી લઇએ; કંઇ ઢોળી દેવાય, મા’રાજ ?

મહારાજ : સાંભળો; ઘરમાં કોઇ માંદું પડ્યું હોય તો દાકતરને ત્યાંથી દવા લાવીએ છીએ અને તેને પાઇએ છીએ, એ દવા વધે  તો આપણે પીએ છીએ ?

આદિવાસી : ના, હાજો માણહ હું કામ પીએ ?

મહારાજ : તેમ, ઘેર કોઇ મહેમાન આવે તે ચા પીતો હોય તો માંદો છે એમ સમજીને તેને પાવો; પણ આપણે ન પીવો. (સભા સામે જોઇ ) આ ચા પીવાથી બુદ્ધિ, શક્તિ કાંઇ વધતાં હશે ખરાં?

આદિવાસી : ના, ના; વધે શાનાં? ઘટે સે.

મહારાજ : તમારા બાપદાદા ચા પીતા હતા?

આદિવાસી : ન'તા પીતા.

મહારાજ : એ તમારા જેટલું કામ કરતા હશે કે ઓછું?

આદિવાસી : અમાર કરતાં બમણું તમણું; ઇમનાં શરીર પણ અમારાં કરતાં હારાં.

મહરાજ : તમે કહો છો ચા પીવાથી બુદ્ધિ નથી વધતી, શક્તિ નથી વધતી, ને કામ ઓછું થાય છે; ત્યારે ચા ન પીઓ તો ન ચાલે ?

આદિવાસી : ચા વના તો ચાલે જ તો; રોટલા વના નાં ચાલે .

એક આદિવાસી : હેં ભઇ, જુઓ; આપણા ઘૈડિયા દારૂ પીતા'તા તાણે અ્યાર પૈશામાં ચાલતું; આજે ચાર 'કોપ'ના ચાર આના થાય સે. વળી ચાર મેમાંન આઇ જ્યા, તો બીજા ચાર આના. આ ચાએ તો ઘર ઘાલ્યું. ચા તો

દારૂ કરતાં ય ભૂંડો.

મહારાજ : આ બાજુ બીડીઓ આવી છે કે ?

આદિવાસી : આવી સે—પણ ઓશી. ચલમ વધારે પિવાય.

મહારાજ : બીડી—ચલમ પીવાથી ભૂખ મટતી હશે ?

આદિવાસી : ના, ના.

મહારાજ : ત્યારે કેમ પીઓ છો ?

જુવાન : અમારા બાપદાદા પીતા'તા એટલે અમે પીએ છીએ.

મહારાજ : તમારી વાત સાચી છે. બાપ ઘરમાં મોઢામાંથી ને નાકમાંથી ધુમાડા કાઢતો હોય ત્યારે છોકરાને પીવાનું મન કેમ ન થાય ? તમારાં છોકરાં પીએ એ સારું કે ન પીએ એ સારું?

આદિવાસી : ન પીએ એ હારું.

મહારાજ : આ છોકરાંનાં નસીબ તમારા હાથમાં છે; એટલે એમના ભલા માટે પણ તમે વ્યસન છોડો. વ્યસન એકવાર પેસી ગયાં, તો કાઢવાં મુશ્કેલ. માટે ચેતો. પાણીનો બંધ બાંધેલો હોય તેમાં જરાક સરખું જ કાણું પડ્યું હોય, પણ સમયસર એને પૂરી ન દઇએ તો એ મોટું થતું જાય છે--ને

પછી બંધને તોડી નાખે છે અને બધાંને પૂરમાં ખેંચી જાય છે. વ્યસનોનું પણ એવું છે.

આદિવાસી : મા'રાજ ! આ ચા, બીડી, દારૂ.... બધું ખબર હોય તો ભગવાને પેદા શું કામ કર્યું હશે ?

મહારાજ : ભગવાને તો અમૃત કર્યું છે, ને ઝેર પણ કર્યું છે. પણ આપણે આપણા ભલાનું હોય તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ.

આદિવાસી : ત્યારે, બાપજી, આ સરકારે દારૂ કાઢ્યો  ઇમ ચા-બીડી કાઢે તો ?

મહારાજ : ભાઇ, વ્યસન કોઇનાં કાઢ્યાં જતાં નથી. એની તો એક જ દવા છે, ને તે સાચી સમજ. વ્યસન માત્ર ખરાબ છે. દુ:ખ દાયી છે એવું જેને ચોક્કસ જ્ઞાન થયું, અને તેના ફંદામાં ન પડવાનો જેણે મન સાથે પાકો નિશ્ચય કર્યો, તે બચી જાય છે. નદી કાંઠોકાંઠ ભરેલી હોય, પણ જેને તરતાં આવડતું હોય તેને  બીક હોય કે ?

આદિવાસી : વાત હાવ હાચી છે. તરતાં આવડે તે ઊગરી જાય.

મહારાજ : વ્યસનોનો દવ બળતો આવી રહ્યો છે. તેમાં કોઇ બચતું નથી.

ભણેલાં ને અભણ, સાધુ-સંન્યાસીઓ ને દેશના નેતાઓ-બધાં એમાં ઝડપાઇ ગયાં છે. આપણે બચવું હોય તો વચ્ચે એક વીજ-ખાઇ ખોદી દ્યો; એટલે દવ આગળ વધતો અટકી જશે. તમે તમારા ને તમારાં છોકરાંના ભલા માટે ચા-બીડી –ચલમ છોડી દો.

એક ડોસો : હાંભળ્યું, માલા ! આ સુધારો કરવા  આયા સે બાપજી. કાંક સોડો !

માલો : વાત તો હાચી સે; પણ...પેલો  રૂડિયો કે'તો'તો કે આ બીડી—ચલમ પીએ  તો આપણને ને બળદયાંને બે ઘડી વિશરામ મળે, એટલે પીએ શીએ.

મહારાજ : પણ, પૈસા ખરચીને વિશરામ લઇએ તો જ વિશરામ લીધો કહેવાય? એમનેમ બે ઘડી બેસવું હોય તો ન બેસાય ?

માલો : ઇમેય બેહાય તો ખરું.

## *- તો લગ્ન કેમ કર્યું?*

ભાલ-નળકાંઠાના ગમમાં એક ઓડને ત્યાં જવાનું થયેલું. તેની સ્ત્રી બહુ સુશીલ, પવિત્ર ને પ્રેમાળ. એણે પ્રેમપૂર્વક સત્કાર કર્યો. થોડી વાર પછી, જ્યાં બેઠી હતી ત્યાંથી કંઇક લેવા એ ખસી. એ ખસતી હતી ત્યાં મારી

નજર એના પગ ઉપર પડી. પગ પાતળા દોરડી જેવા હતા. મેં સહજ પૂછ્યું,"કેમ બહેન, તમારે પગ નથી શું?"

મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલ એણે પાસે ઊભેલા પોતાના પતિ તરફ આંગળી કરીને કહ્યું : "પૂછી જુઓ એમને, કદી કાંઇ દુ:ખ દીધું હોય તો ! હું દળું છું, રસોઇ કરું છું, વાસણ માંજું છું, ઘર પણ લીંપું છું. માત્ર પાણી એમને ભરવું પડે છે."

ત્યાં એના પતિએ કહ્યું: "મહારાજ, એને પૂછી જુઓ કે કદી દુ:ખ પડવા દીધું છે? મેં એને બધે જાત્રા કરાવી છે. ગાડી મળી ત્યાં ગાડી, મોટર મળી ત્યાં મોટર; પાલીતાણા ગયો ત્યારે ખભે બેસાડીને ડુંગર ઉપર લઇ ગયો

હતો ને બધે દર્શન કરાવ્યાં હતાં.”

હું તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. મેં પેલા ઓડને પૂછ્યું , “તમે લગ્ન કર્યાં તે પહેલાં આ બાઇ અપંગ છે એ જાણતા હતા ?”

“હા જી,” ઓડે કહ્યું.

“તો લગ્ન કેમ કર્યું?”

“મને થયું કે આ બિચારીની સેવા કોણ કરશે ? આખી જિંદગી દુ:ખી થશે. એટલે એની સેવા કરવા મેં તેની સાથે લગ્ન કર્યું.

## *પ્રતાપવંશી*

અમારે એક મોતીભાઇ ડોસા હતા. 1930ની લડતમાં બીજા ઘણાને પકડ્યા, પણ એમને રાખી દીધા. એક દિવસ એ પત્રિકા વાંચતા પકડાયા. પોલીસવડાને એની વૃદ્ધાવસ્થા દેખી દયા આવી. એના પરનો ખટલો રોળી-ટોળી નાખવા માટે પૂછ્યું: “કેમ ડોસા, આ પત્રિકા તો તમને કોઇએ મોકલી હતી ને?”  ડોસાએ જવાબ દીધો, “શું કહો છો ? મોકલે? કોઇક મને મોકલે? શી વાત કરો છો! હું તો રીતસર એનો ગ્રાહક છું. હું, સાહેબ, આજકાલનો નથી 1922 થી સત્યાગ્રહી છું.” એમ ગુનો કબૂલ કરી જેલમાં

ગયેલા. બહાર આવ્યા પછી જમીનો તો ઝૂંટવાઇ ગયેલી. પોતે વૃદ્ધ ને જીર્ણ બનેલા. અમે એમને મદદ આપવા કહ્યું ત્યારે એ રોષ કરીને બોલી ઊઠેલા કે, "હું મદદ લઉં! હું પારકે પૈસે નિર્વાહ કરું! મને જાણો છો? હું તો રાણા પ્રતાપનો વંશજ છું!" દૈવ જાણે શાથી એમણે પોતાને પ્રતાપવંશી કહ્યા. પણ એ મોતી ડોસાની તદ્દન બેહાલી વચ્ચે પણ એમના આવા અરમાનથી એની કુલીનતા પ્રકાશી ઊઠી. એને ઘેર સારાવાળાએ કન્યા આપી, ને એની કન્યા સારાવળાએ રાખી.

- રવિશંકર વ્યાસ (મહારાજ)

લોકમિલાપની ખીસાપોથીઓ

આઝાદી કી મશાલ,

કાવ્યમાળાનાં મોતી,

દુલારું દામ્પત્ય : અનુ.મહેન્દ્ર મેઘાણી,

પહાડી નિશાળના પડઘા: સઈક્યો મુચાકુ,

મારા ગાંધીબાપુ : ઉમાશંકર જોશી,

મારી અભિનવ દીક્ષા :કાશીબહેન મહેતા,

મારી વાચનકથા : મનુભાઈ પંચોળી,

કહેવતોની સ્મરણિકા,

કુંવરબાઈનું મામેરું,

પરમ સખા મૃત્યુ ; કાકા કાલેલકર,

ભારેમૂવાંવના ભેરુ :સ્વામી આનંદ,

મારાં મોટી બા : મુકુન્દરાય પારાશર્ય,

મારી જીવનયાત્રા : બબલભાઈ મહેતા,

રવીન્દ્રનાથની ચિંતન –કણિકા

ભાઈ, દીકરો અને પાડોશી: શંભુપ્રસાદ દેશાઈ, વિનોદિની નીલકંઠ, ઈશ્વર પેટલીકર,

ભેદની ભીંત્યંને આજ મારે ભાંગવી : મનુભાઈ પંચોળી,

ગુજરાતી ભાષાની આવી અનેક સુંદર, ઉપયોગી, વિચારવંત અને પ્રેરણાદાયી ઇ-પુસ્તિકાઓ તદ્દન મફત ડાઉનલોડ કરવા જાઓ -

## અક્ષરનાદ ઇ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અક્ષરનાદ
AksharNaad.com